

" ભારતે રસીકરણમાં વિશ્વવિક્રમ સર્જ્યો છે, હવે રસીના ઉત્પાદનમાં વિશ્વનું સૌથી મોટું કેન્દ્ર બનશે "

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયા સાથે વિશેષ મુલાકાત. વાંચો પેજ: 22-25

વર્ષ: 2 અંક: 08

16-31 ઓક્ટોબર, 2021

નિઃશુલ્ક વિતરણ

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## કોરોના રસી બની રાષ્ટ્રનું સુરક્ષા કવચ

વૈશ્વિક મહામારી સામેની લડાઈમાં ભારત રસીકરણનાં નવા વિક્રમ સર્જી રહ્યું છે અને હવે તમામ દેશવાસીઓને રસી આપવાની દિશામાં અગ્રેસર છે



# “નાના-નાના પ્રયાસોથી ઘણી વાર મોટાં મોટાં પરિવર્તન આવે છે”

**કોવિડ સામેની લડાઈમાં ટીમ ઇન્ડિયાનો સંકલ્પ હોય કે પછી સ્થાનિક ચીજવસ્તુઓ માટે લોકોનો વધતો જતો પ્રેમ, સ્વચ્છતાને સ્વભાવ બનાવવાનો હોય કે પછી નદીઓને પુનર્જીવિત કરવાનો પ્રયાસ, ગુમનામ નાયકોનાં જીવનમાંથી પ્રેરણા લઈને ભારતને નવી દિશા આપવાની હોય કે પછી દેશના લોકોનો જુસ્સો, ભારત દરેક નાના મોટાં પરિવર્તનો જોઈ રહ્યું છે. આવાં વિષયોને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘મન કી બાત’ પ્રોગ્રામમાં દેશના નાગરિકો સાથે પોતાના વિચારો રજૂ કર્યા. પ્રસ્તુત છે કેટલાંક અંશઃ**

- **સ્વચ્છતા હવે સ્વભાવઃ** પૂજ્ય બાપુને આ દેશની સૌથી મોટી શ્રધ્ધાંજલિ સ્વચ્છતા છે. સ્વચ્છતા આંદોલને ફરી એક વાર દેશને ભારતના સપના સાથે જોડવાનું કામ કર્યું છે. પેઢી દર પેઢી સંસ્કાર આપવા એક જવાબદારી છે. દરેક પેઢીમાં સ્વચ્છતાનું અભિયાન ચાલે છે, ત્યારે સંપૂર્ણ સમાજ જીવનમાં સ્વચ્છતા સ્વભાવ બને છે.
- **આર્થિક સ્વચ્છતાઃ** આમાં ટેકનોલોજી ઘણી મદદ કરી શકે છે. આજે ગામડાંઓમાં ફિનટેક યુપીઆઇ દ્વારા ડિજિટલ લેવડદેવડ કરવાની દિશામાં સામાન્ય માણસ પણ જોડાઈ રહ્યો છે. જનધન ખાતા ખોલાવવા અંગે દેશમાં જે અભિયાન શરૂ થયું તેને કારણે આજે ગરીબોને તેમનાં હકના પૈસા સીધા બેન્ક ખાતામાં મળી રહ્યા છે. જે રીતે શૌચાલયના નિર્માણે ગરીબોની ગરિમા વધારી તે જ રીતે આર્થિક સ્વચ્છતા ગરીબોનો અધિકાર સુનિશ્ચિત કરી રહી છે અને તેમનું જીવન સરળ બનાવે છે.
- **દીનદયાળજીનું અર્થ દર્શનઃ** પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગઈ સદીના સૌથી મોટાં વિચારકોમાંના એક હતા. તેમનું અર્થ દર્શન, સમાજને મજબૂત કરવાની તેમની નીતિઓ અને અંત્યોદયનો માર્ગ આજે પણ પ્રાસંગિક અને પ્રેરણાદાયી છે. દીનદયાળજીના જીવનમાંથી આપણને હાર ન માનવાની શીખ પણ મળે છે. વિપરીત રાજકીય અને વૈચારિક પરિસ્થિતિઓ છતાં ભારતના વિકાસ માટે સ્વદેશી મોડલના વિઝનથી તેઓ ક્યારેય ડગ્યા નહી.
- **વોકલ ફોર લોકલઃ** આજે આપણે અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ ત્યારે આપણી યુવા પેઢી ખાદીનું ગૌરવ વધારી રહી છે, જે તેને આઝાદીના આંદોલન દરમિયાન મળતું હતું. દિવાળીનો તહેવાર નજીક છે ત્યારે તહેવારોની મોસમ માટે ખાદી, હેન્ડલુમ, કુટીર ઉદ્યોગ સાથે સંકળાયેલી તમારી દરેક ખરીદી વોકલ ફોર લોકલ અભિયાનને મજબૂત કરશે અને તમામ રેકોર્ડ તોડી નાખશે.
- **ગુમનામ નાયકો સાથે યુવાનોનું જોડાણઃ** યુવાનોએ સ્વતંત્રતા સેનાનીઓના ગુમનામ નાયકોનો ઇતિહાસ સામે લાવવા માટે નિર્ણય કર્યો છે. અમૃત મહોત્સવમાં અમે આઝાદીના ઇતિહાસની અજાણી કહાનીઓ આપની સમક્ષ રજૂ કરી રહ્યા છીએ. 14 વિવિધ ભાષાઓમાં અત્યાર સુધી 13,000થી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને 5,000થી વધુ નવોદિત લેખકોએ ગુમનામ નાયકો પર લખવાનું બીડું ઝડપ્યું છે. ઇતિહાસ લખનારા લોકો ઇતિહાસ પણ બનાવશે.
- **નદીઓનું પુનર્જીવનઃ** વિશ્વ નદી દિવસ પ્રસંગે નદીઓને પુનર્જીવિત કરવા માટે નદી ઉત્સવ મનાવો. આપણે નદીઓને માતા માનીએ છીએ. આપણા માટે નદીઓ માત્ર જળસ્ત્રોત નથી, પણ એક જીવંત એકમ છે. ચોમાસા દરમિયાન વરસાદી પાણીના સંગ્રહ માટે ‘કેચ ધ રેઇન’ની શરૂઆત કરવામાં આવી હતી. તામિલનાડુની નાગાનધી નદી જે વર્ષો પહેલાં સુકાઇ ગઈ હતી, તેને સ્થાનિક મહિલાઓની જનભાગીદારીથી પુનર્જીવિત કરવામાં આવી.
- **ભેટોની ઇ-નિલામીઃ** મને મળેલી ભેટોની ઇ-નિલામીમાંથી મળનારી રકમ ‘નમામિ ગંગે’ અભિયાનમાં જમા કરવામાં આવશે. આજકાલ મને મળેલી ભેટોની વિશેષ ઇ-નિલામી ચાલી રહી છે. ઇ-નિલામીમાં વિવિધ વ્યક્તિઓ દ્વારા સમય સમયે મને આપવામાં આવેલી ભેટોનો સમાવેશ થાય છે.
- **દિવ્યાંગોનો બુલંદ જુસ્સોઃ** આપણા દિવ્યાંગોનો ‘કેન ડુ કલ્ચર, ‘કેન ડુ ડિટરમિનેશન’ અને ‘કેન ડુ એટીટ્યુડ’ પ્રેરણાદાયક છે. કેટલાંક દિવસો પહેલાં 8 દિવ્યાંગોની એક ટીમે 15,000 ફુટથી વધુની ઊંચાઇ પર સિયાચીનની કુમાર પોસ્ટ પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. ભારતીય સેનાના વિશેષ દળોના સૈનિકોને કારણે આ ઓપરેશન સફળ થયું છે.

**‘મન કી બાત’ સંપૂર્ણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

**વર્ષ: 2 ,અંક: 08 | 16-31 ઓક્ટોબર, 2021**

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**



RNI No. : DELGUJ/2020/78810


## અંદરના પાને....

# "વેક્સિન સેવા": આરોગ્યનું સુરક્ષા કવચ




**કવર સ્ટોરી** | કોવિડ સામેની લડાઈમાં વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનમાં ભારત દરરોજ નવી સફળતાઓ હાંસલ કરી રહ્યું છે.... | પેજ 10-21





**દેશની એકતાનો પાયો નાખીને ભારતને જોડનાર સરદાર**
562 દેશી રજવાડાંનું વિલિનીકરણ કરીને એક ભારત-શ્રેષ્ઠ ભારતનો પાયો નાખનાર રાષ્ટ્રના શિલ્પી સરદાર પટેલની જયંતી પર નમન | પેજ 6-7


## સામાન્ય માણસોના સપનાની 'ઉડાન'




માત્ર રૂ. 2500માં વિમાન પ્રવાસ કરવાના સામાન્ય માણસના સપનાને પૂરું કરી રહેલી 'ઉડાન' યોજનાના પાંચ વર્ષ | પેજ 38-40

**સમાચાર સાર**
પેજ 4-5

**આધુનિક સંરક્ષણ કાર્યાલય પરિસર**
નીતિ અને નિયત દ્વારા દેશની રાજધાનીની બદલાતી તસવીર | પેજ 8-9

**કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાની મુલાકાત**
કોવિડ સામેની લડાઈમાં રસીકરણનો રોડમેપ | પેજ 22-25

**ભારતનું નવું આરોગ્ય મોડલ**
દેશનાં તમામ નાગરિકને મળશે ડિજિટલ હેલ્થ આઈડી | પેજ 26-27

**ઓટોમોબાઈલ-ડ્રોન ઉદ્યોગને પ્રોત્સાહન, પ્રધાનમંત્રી પોષણ યોજના**
કેબિનેટના મહત્વના નિર્ણયો | પેજ 28

**ભારતની પ્રગતિમાં વિશ્વની પ્રગતિ**
યુએન અને ક્વાડમાં વડાપ્રધાનનું સંબોધન | પેજ 29-33

**લોકશાહીને રાષ્ટ્રનો મંત્ર બનાવવા સંસદ ટીવીનો પ્રારંભ**
લોકસભા-રાજ્યસભા ટીવીનું મર્જર | પેજ 34-35

**કૃષિ ક્ષેત્રમાં હવે વિજ્ઞાનનો પણ સમન્વય**
કુપોષણના ગંભીર પડકાર સામે પાકની 35 નવી જાતો | પેજ 36-37





**જેમનાં માટે માતૃભૂમિનું હિત સર્વોપરિ હતું**
અમૃત મહોત્સવની શ્રૃંખલામાં ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના રાષ્ટ્રહિતને સર્વોપરિ રાખનારા સ્વતંત્રતા સેનાનીઓની ગાથા | પેજ 41-45

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર

*"દ્રઢ નિશ્ચય સાથે ચાલીને દરેક મુશ્કેલીને પાર કરીને ઘોર અંધકારને ડામવા હજુ તો સૂરજ ઉગ્યો છે..."*


વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કવિ હૃદયમાંથી નીકળેલી આ પંક્તિઓ એ નવા ભારતનો સંકલ્પ છે, જે દરરોજ નવા વિક્રમો સર્જી રહ્યું છે. કોવિડ મહામારી આવી ત્યારે વિશ્વ વિશાળ વસતિ ધરાવતા ભારતને શંકાની નજરે જોતું હતું. પણ કેન્દ્ર સરકારના સંકલ્પે આ વસતિને એવું માનવ સંસાધન બનાવી દીધું, જેણે વિશ્વને પણ ચોંકાવી દીધું. કોવિડ રસીકરણની વાત કરીએ તો ભારત પોતાનાં જ રેકોર્ડને દરરોજ પડકાર આપીને નવા માપદંડ પ્રસ્થાપિત કરી રહ્યું છે. 17 સપ્ટેમ્બરનાં રોજ 2.5 કરોડ લોકોને રસીના ડોઝ આપીને ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો હતો. ભારત 100 કરોડ ડોઝની નજીક જઈ રહ્યું છે અને રસી લગાવવાને પાત્ર દેશની 100 ટકા વસતિને રસી લગાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જોકે વિવિધતાથી ભરેલા આ દેશમાં આટલી ઝડપથી રસીકરણનો માર્ગ સરળ નહોતો. આટલાં ઓછાં સમયમાં બે-બે સ્વદેશી રસી બનાવવી અને તમામ લોકો સુધી પહોંચવાનું લક્ષ્ય રાખવું એ સમગ્ર માનવતા માટે ઘણી મોટી ઉપલબ્ધિ છે. ઇતિહાસમાં આ પ્રકારનું અને આટલાં મોટા સ્તરનું રસીકરણ અભિયાન પહેલાં ક્યારેય ચલાવવામાં આવ્યું નહોતું. આજે ભારતનાં રસી વૈજ્ઞાનિકો, મેડિકલ સિસ્ટમ, ભારતની પ્રક્રિયા સમગ્ર વિશ્વમાં વિશ્વાસપાત્ર બની છે તો તેનું કારણ છે 2014થી આરોગ્યના માળખામાં કરવામાં આવી રહેલો પ્રયાસ. રાષ્ટ્રના પ્રયાસોને ત્યારે જ સફળતા મળે છે, જ્યારે દેશનાં નેતૃત્વ અને લોકોને પોતાના પર વિશ્વાસ હોય. કોવિડ મહામારી વિરુધ્ધ તમામ પાત્ર લોકોને રસીનું સુરક્ષા કવચ આપીને તેમનાં આરોગ્યની કાળજી લેવાથી માંડીને આજીવિકાની સુરક્ષા પૂરી પાડવાની સમગ્ર યાત્રા આ અંકની કવર સ્ટોરી બની છે. આ ઉપરાંત, કેબિનેટની મંજૂરીની સાથે આરોગ્ય ક્ષેત્રમાં ભવિષ્યની મોટી યોજનાઓની પહેલ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રીની મુલાકાત પણ આ અંકમાં સામેલ છે.

ભારત જોડોના પ્રણેતા સરદાર પટેલની જયંતી પર કૃતજ્ઞ રાષ્ટ્ર તેમને નમન કરે છે. દેશને એકતાના તાંતણે જોડી રાખનાર સરદારની કહાની, વિશ્વમાં ભારતનું વધતું જતું સન્માન અને કોવિડકાળમાં સંયુક્ત રાષ્ટ્રમાં વડાપ્રધાનનું સંબોધન અને અન્ય કાર્યક્રમોની સંપૂર્ણ માહિતી આ અંકમાં સમાવવામાં આવી છે. સામાન્ય માણસના સપના સાકાર કરતી ઉડાન યોજના, સંસદીય લોકશાહીની સચોટ માહિતી આપવાના હેતુથી શરૂ થયેલી ચેનલ સંસદ ટીવીની વિશેષતા, અમૃત મહોત્સવની કડીમાં રાષ્ટ્રના યુવા દધીચિ જતિન્દ્રનાથ દાસ, અશફાકઉલ્લા ખાન, કિટ્ટૂરની રાણી ચેનમ્મા, નિર્મલા દેશપાંડે, ભગિની નિવેદિતા, આચાર્ય નરેન્દ્ર દેવ અને શ્રી કૃષ્ણાંસિંહની ગાથાઓ આ અંકમાં સામેલ કરવામાં આવી છે.

તહેવારોની મોસમમાં કોવિડ પ્રોટોકોલનું વિશેષ ધ્યાન રાખો અને તમારા સૂચનો અમને મોકલતા રહો

**સરનામું: રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

ન્યૂ ઇન્ડિયા સમાચારનો 16 સપ્ટેમ્બરથી 30 સપ્ટેમ્બર અંક વાંચવાની તક મળી. તેમાં વોકલ ફોર લોકલ અને દીનદયાલ ઉપાધ્યાય પરના લેખો વાંચ્યા. આ ઉપરાંત, ભારત સરકારની વિવિધ યોજનાઓની માહિતી પણ મળી. આટલાં સરસ લેખો માટે સમગ્ર ટીમને મારા તરફથી હાર્દિક અભિનંદન. દીનદયાળ ઉપાધ્યાયનાં જીવન સાથે સંલગ્ન અને તેમનાં કાર્યોની માહિતી સંપાદકીયમાં આપવામાં આવી છે, જેનાં માટે મુખ્ય સંપાદક અભિનંદનના અધિકારી છે.

**-ગોપાલ શ્રીવાસ્તવ**
**shrigopal6@gmail.com**

એક મિત્રને ત્યાં ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન વાંચવાની તક મળી. આ મેગેઝીનમાં વર્તમાન પ્રવાહો અને સચોટ સમાચારો વાંચવા મળ્યા. તેમાં સરકારની મહત્વપૂર્ણ માહિતી અંગે બહુ સારી માહિતી સરળ ભાષામાં આપવામાં આવી હતી. વાંચીને બહુ સારું લાગ્યું. આકર્ષક ક્લેવર અને ઉપયોગી માહિતી ધરાવતાં મેગેઝીનનાં પ્રકાશન, સંપાદન માટે ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામના.

**-અવધેશસિંહ રઘુવંશી**
**avdheshpanwadihat121@ gmail.com**

હું ન્યૂ ઇન્ડિયા સમાચારનો નિયમિત વાચક છું. બહુ ખુશીની વાત છે કે આ મેગેઝીન વિવિધ વિષયો પર પ્રકાશિત લેખો દ્વારા પોતાના વાચકોને ખૂબ જ માહિતીપ્રદ, મહત્વપૂર્ણ, ઉપયોગી અને રોચક લેખ ઉપલબ્ધ કરાવી રહી છે. આ માટે અમે પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરોના આભારી છીએ. દેશના સામાન્ય માણસોના રોજીંદા જીવનમાં આવી રહેલી મુશ્કેલીઓ અને પડકારોને પણ આ મેગેઝીન દ્વારા વાચા આપવી જોઇએ, જેથી સરકાર સમયાનુસાર તેનો ઉકેલ લાવીને લોકોના જીવનમાં સુધારો લાવી શકે.

**-ચૌધરી શક્તિસિંહ એડવોકેટ**
**shaktisinghadv@gmail.com**

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન મને કોઇ મિત્રની ઓફિસમાં વાંચવા મળ્યું. એ વાંચ્યા પછી મને તેમાં ઘણી બધી સારી માહિતી મળી, તેમાં દેશ-દુનિયાની તમામ માહિતી વિગતવાર આપવામાં આવી છે. આ મેગેઝીન દ્વારા મને ઘણું જ્ઞાન મળ્યું. તેમાં સરકારની યોજનાઓ અંગે પણ માહિતી મળી.

**-રોહિત પાંડેય**
**pandeyrohit58405@gmail.com**

ન્યૂ ઇન્ડિયા સમાચારના 1-15 સપ્ટેમ્બરના અંકમાં ભારતના મહાન એન્જિનિયર ડો. વિશ્વેશ્વરૈયા, ગાંધીવાદી વિચારના સંત વિનોબા ભાવે, દાદાભાઇ નવરોજી, ગોવિંદ વલ્લભ પંત, ટી કે માધવન અને સર્વપલ્લી રાધાકૃષ્ણન અંગેની વિશેષ માહિતી સંકલિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. 'અમૃત કાળ'ની ઉપમા આપીને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપણને આઝાદીનું મહત્વ સમજાવ્યું છે.

**-સિમરથારામ સેવદા**
**amarsinghsevda217@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઇમેલઃ response-nis@pib.gov.in**



# માર્ચ 2023માં દેશનો સૌથી લાંબો દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે તૈયાર થઈ જશે

નવા ભારતમાં લોકોની આર્થિક પ્રગતિની સાથે સાથે દેશનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સૌથી આધુનિક અને સુંદર બનાવવાનું કામ પણ થઈ રહ્યું છે. આવા આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉદાહરણ બનવા જઈ રહ્યો છે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે. રૂ. 98,000 કરોડનાં ખર્ચે બનાવવામાં આવી રહેલો 1380 કિલોમીટર લાંબો એક્સપ્રેસ-વે દેશમાં સૌથી લાંબો હશે. આ એક્સપ્રેસ-વેને ભારતમાલા પ્રોજેક્ટનાં પ્રથમ તબક્કાનાં ભાગ રૂપે બનાવવામાં આવી રહ્યો છે. છ રાજ્યો-દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી પસાર થનારા આ એક્સપ્રેસ-વેને કારણે દિલ્હીથી મુંબઈ વચ્ચેનું અંતર 130 કિલોમીટર ઓછું થઈ જશે. એક્સપ્રેસ-વેની બંને બાજુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર બનાવવાની પણ યોજના છે. તેનાંથી નવા રોજગાર સર્જનનો માર્ગ પણ મોકળો થશે. એક્સપ્રેસ-વેનું નિર્માણ પુરું થયા બાદ ઇંધણના વપરાશમાં 32 કરોડ લીટરનો ઘટાડો થશે, જે ચાર કરોડ વૃક્ષો વાવવા બરાબર છે. પર્યાવરણ માટે તે ઘણું ફાયદાકારક સાબિત થશે. હાઈવે પર 500 મીટરના અંતરે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ હશે. એક્સપ્રેસ-વેની બંને તરફ 40 લાખ વૃક્ષો લગાવવાની યોજના છે. એશિયાનો આ પ્રથમ હાઈવે છે, જેનાં નિર્માણમાં વન્યજીવો માટે ગ્રીન ઓવરપાસની સુવિધા આપવામાં આવશે.

**ક્યારે અને ક્યાં સુધી બનીને તૈયાર થશે**

| 214 | 100 | 250 |
|---|---|---|
| કિલોમીટર દિલ્હીથી દૌસા (માર્ચ 2022) | કિલોમીટર વડોદરાથી અંકલેશ્વર (માર્ચ 2022) | કિમી કોટાથી રતલામ (નવેમ્બર 2022) |

**બાકીનો એક્સપ્રેસ-વે માર્ચ, 2023 સુધી પૂરો થશે**

# કોવિડકાળમાં રોજગાર મોરચે સારી ખબર, જુલાઈમાં ઈપીએફઓમાં 14.65 લાખ નવા સભ્યો જોડાયા


સરકારની નીતિઓને કારણે દેશમાં યુવાનો માટે રોજગારીની તકોમાં વધારો થયો છે. તેનાં પરિણામે દેશમાં રોજગારની સ્થિતિ વધી છે અને જુલાઈ મહિનામાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) માં જોડાનારા નવા સભ્યોની સંખ્યામાં વિક્રમ વધારો થયો છે. ઈપીએફઓનાં જણાવ્યા પ્રમાણે જુલાઈ મહિનામાં 14.65 લાખ નવા સભ્યો ઈપીએફઓ સાથે જોડાયા છે. છેલ્લાં ચાર મહિના દરમિયાન, નેટ પેરોલમાં વધારો રોજગારમાં વધારો દર્શાવે છે. જુલાઈ, 2021 દરમિયાન નેટ સબસ્ક્રાઈબરની સંખ્યા જૂન, 2021ની સરખામણીમાં 31.28 ટકા વધી છે. જૂનમાં કુલ 11.16




લાખ સભ્યો જોડાયા હતા. જુલાઈમાં કુલ 14.65 લાખ સભ્યોમાંથી આશરે 9.02 લાખ નવા સભ્યો પ્રથમ વાર ઈપીએફઓના સામાજિક સુરક્ષાના દાયરામાં આવ્યા. તેમાં લગભગ 5.63 લાખ સભ્યો એવા છે જે ઈપીએફઓ અંતર્ગત આવતી કંપનીઓમાંથી નોકરી બદલીને બીજી નોકરીમા જોડાઈ ચૂક્યા છે. જુલાઈ, 2021 દરમિયાન પ્રથમ વાર ઈપીએફઓમાં સામેલ થનારા સભ્યોની સંખ્યામાં 6 ટકાનો વધારો થયો છે.

# ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં ભારતની ઊંચી છલાંગ: 2015માં 81મા ક્રમેથી 2021માં 46મા ક્રમે

ભારતમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન કલ્ચર વધી રહ્યું છે, જેણે કોરોના જેવી અભૂતપુર્વ મહામારીમાં પણ દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ જ દિશામાં આગળ વધતા ભારતે વર્ષ 2021ની ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ રેન્કિંગમાં 46મો ક્રમ હાંસલ કર્યો છે. વર્ષ 2015માં ભારતનો ક્રમ 81 હતો. આ રેન્કિંગ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (WIPO) દ્વારા દર વર્ષે જારી કરવામાં આવે છે. રાજકારણની સ્થિતિ અને અભ્યાસનું પાયાનું માળખું સહિતનાં 80 માપદંડોને આધારે તેને તૈયાર કરવામાં આવે છે. WIPOએ જણાવ્યું હતું કે, "ભારતનું આ રેન્કિંગ સરકારી અને ખાનગી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા નોંધપાત્ર કામગીરી અને વધુ સારી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમની સાબિતી છે. પરમાણુ ઊર્જા વિભાગ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, બાયોટેકનોલોજી વિભાગ અને અંતરિક્ષ વિભાગના વૈજ્ઞાનિકોએ ભારતની ઇનોવેશન ઇકોસિસ્ટમને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે."




## સ્વચ્છ પર્યાવરણની દિશામાં અનોખી પહેલ: દિલ્હીમાં દેશનો પ્રથમ એન્ટી-સ્મોગ ટાવર શરૂ થયો


નાગરિકોના આરોગ્ય માટે પર્યાવરણની જાળવણી અનિવાર્ય છે. આ દિશામાં આગળ વધતા રાજધાની દિલ્હીમાં એક નવી શરૂઆત કરવામાં આવી છે. શિયાળાની મોસમમાં અહીં પ્રદૂષણની સમસ્યાને જોતાં આનંદવિહાર વિસ્તારમાં દેશનો સૌથી મોટો અને પ્રથમ સ્મોગ ટાવર કાર્યાન્વિત કરવામાં આવ્યો છે. 7 સપ્ટેમ્બરે વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે આ ટાવરની શરૂઆત કરી હતી.



અમેરિકાની મિન્નેસોટા યુનિવર્સિટીએ આ ટાવરની ડિઝાઇન તૈયાર કરી છે. આ એન્ટિ સ્મોગ ટાવરમાં ચારે બાજુ 1.40 મીટરના વ્યાસના 10-10 એટલે કે કુલ 40 પંખા લગાવવામાં આવ્યા છે. એટલું જ નહીં, તેની સાથે સાથે નેશનલ ક્લિન એર પ્રોગ્રામ ( NCAP) અંતર્ગત 'નોન-એટેઇનમેન્ટ' શહેરોમાં હવા પ્રદૂષણના નિયમન માટે 'પ્રાણ' નામનું પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે.

## છેલ્લાં 75 વર્ષોમાં ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન આપનાર વૈજ્ઞાનિકોનું સન્માન કરશે સરકાર

દેશનાં નાગરિકોના સશક્તિકરણમાં ઇ-ગવર્નન્સ, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મહત્વની ભૂમિકા ભજવે છે. આઇટી અને ઇલેક્ટ્રોનિક્સના ક્ષેત્રમાં આપણા વૈજ્ઞાનિકો અને વ્યાવસાયિકોએ સમગ્ર દેશમાં ભારતનું નામ સ્થાપિત કર્યું છે. પણ આ ઓળખ રાતોરાત નથી બની. તેની પાછળ આઇટી અને ઇલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં કામ કરનારા દેશના 'ટેક ચેમ્પિયન્સ'ની સખત મહેનત અને દીર્ઘદ્રષ્ટિ જવાબદાર છે. આઝાદીના અમૃત મહોત્સવમાં કેન્દ્ર સરકાર આવી પ્રતિભાઓનું પ્રથમ વાર સન્માન કરવા જઈ રહી છે. આ માટે, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે છેલ્લાં 75 વર્ષોમાં આ સેક્ટર્સમાં નોંધપાત્ર યોગદાન આપનારા વૈજ્ઞાનિકોનું સન્માન કરવા નોમિનેશન મગાવ્યા છે. લોકો વેબપોર્ટલ www. innovateindia.mygov.in પર નોમિનેશન મોકલી શકે છે. નોમિનેશન મોકલવાનો પ્રારંભ 15 સપ્ટેમ્બરથી થઈ ગયો છે, જેની અંતિમ તારીખ 7 નવેમ્બર છે. ●



# દેશની એકતાનો પાયો નાખીને ભારતને જોડનાર સરદાર

**જન્મઃ 31 ઓક્ટોબર, 1875 | મૃત્યુઃ 15 ડિસેમ્બર, 1950**

**કચ્છથી માંડીને કોહિમા, કારગીલથી માંડીને કન્યાકુમારી સુધી આજે આપણે ખુલ્લેઆમ અવરજવર કરી રહ્યા છીએ તો તેનો શ્રેય સરદાર વલ્લભભાઈ પટેલને જાય છે. જો સરદાર પટેલે રજવાડાંઓને એક ન કર્યા હોત તો આજે ગીરના જંગલમાં સિંહ જોવા, સોમનાથમાં દર્શન કરવા અને હૈદરાબાદમાં ચાર મીનાર જોવા માટે ભારતવાસીઓએ પણ વીઝા લેવા પડત. જો સરદારે આ ભગીરથ કાર્ય ન કર્યું હોત તો કાશમીરથી કન્યાકુમારી સુધીની સીધી ટ્રેનની કલ્પના પણ કરી શકાય તેમ નથી.**

વર્ષ 1947ની વાત છે. આપણને આઝાદી મળી ત્યારે સમગ્ર વિશ્વમાં ભારતના ભવિષ્ય અંગે ઘોર નિરાશા હતી, વિશ્વને લાગતું હતું કે ભારત તેની વિવિધતાને કારણે વેરવિખેર થઈ જશે. નિરાશાના એ સમયમાં દેશ માટે આશાનું કિરણ બનેલા સરદાર વલ્લભભાઈ પટેલે 562 રજવાડાંનો વિલય કરીને દેશની એકતાનો એવો મજબૂત પાયો નાખ્યો કે જે એક ભારત-શ્રેષ્ઠ ભારતના સ્વરૂપમાં આકાર લઈ રહ્યું છે. સરદાર પટેલે પોતાના મજબૂત ઈરાદાઓથી આજના ભારતનો પાયો નાખ્યો એટલું જ નહીં, પોતાની શક્તિ અને સમર્પણની ભાવનાથી ભવિષ્યનો માર્ગ પણ ચીંધ્યો. સરદાર વલ્લભભાઇ પટેલને આધુનિક ભારતના શિલ્પી કહીએ તો જરાય ખોટું નથી.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875નાં રોજ ગુજરાતમાં નડિયાદમાં તેમનાં મોસાળમાં થયો હતો. તેઓ ખેડા જિલ્લામાં કરમસદ ખાતે રહેતા ઝવેરભાઇ પટેલનું ચોથું સંતાન હતા. તેમની માતાનું નામ લાડબા પટેલ હતું. માત્ર 13 વર્ષની વયે ઝવેરબા સાથે તેમનાં લગ્ન થયાં. પટેલે વકીલાતનો અભ્યાસ પૂરો કર્યો અને જિલ્લા એડવોકેટની પરીક્ષામાં પાસ થતાં વકીલાત કરવાની મંજૂરી આપવામાં આવી. ઝવેરબાનો સરદાર પટેલ સાથેનો સાથ અલ્પજીવી નીવડ્યો. પટેલ 33 વર્ષના હતા ત્યારે કેન્સરથી ઝવેરબાનું મૃત્યુ થયું. કહેવાય છે કે 1909માં ઝવેરબા મુંબઈની હોસ્પિટલમાં દાખલ હતા તે સમયે સરદાર પટેલ કોર્ટમાં કેસ લડવામાં વ્યસ્ત હતા. એ વખતે કોઇએ ચિઠ્ઠી આપીને ઝવેરબાનાં અવસાનના સમાચાર આપ્યા. સરદારે ચિઠ્ઠીને ખિસ્સામાં મૂકી દીધી અને કેસ પર ધ્યાન આપીને દલીલ કરવા માંડ્યા. આ કેસ તેઓ જીતી ગયા અને કાર્યવાહી પૂરી થયા બાદ બધાંને પત્નીના નિધનના સમાચાર આપ્યા. એ પછી તેઓ ભણવા માટે ઇંગ્લેન્ડ જતા રહ્યા અને 1913માં ભારત પાછા આવ્યા. બહુ જલ્દી તેમણે વકીલાતના વ્યવસાયમાં ફાવટ મેળવી લીધી. પટેલે સૂટ અને ટોપી પહેરીને અંગ્રેજી બોલતા ધનિક વકીલ તરીકેનું વ્યક્તિત્વ છોડીને ગાંધીજીના માર્ગે ચાલીને ખાદીને અપનાવી. 1918માં આ પરિવર્તન પછી તરત જ ખેડામાં ખેડૂત આંદોલન દ્વારા પટેલે જાહેર સેવાનું જીવન શરૂ કર્યું. અંગ્રેજ સરકારે પાકમાં નિષ્ફળતા છતાં કર ન વસૂલવાની ખેડૂતોની અરજી પર વિચાર કરવાનો ઇનકાર કરી દીધો હતો. ગાંધીજીએ આ લડાઇનું નેતૃત્વ કર્યું અને તેમાં પોતાના સહાયક તરીકે પટેલને પસંદ કર્યા. પટેલે ગ્રામજનોને એકત્રિત કરીને તેમને કરની ચૂકવણી ન કરવા આહવાન

કર્યું અને આ રીતે સમગ્ર રાજ્યમાં બળવો કર્યો. આખરે અંગ્રેજ સરકારે ખેડૂતોની માગ પૂરી કરી અને ખેડા સત્યાગ્રહને સફળતા મળી. આ આંદોલન પછી ખેડાના ખેડૂતોની નજરમાં સરદાર હીરો બની ગયા. વલ્લભભાઇએ બારડોલી સત્યાગ્રહનું પણ નેતૃત્વ કર્યું. 1928માં સરકારે કરમાં કરેલા વધારા સામે આ વિરોધ કરવામાં આવ્યો હતો. આખરે બ્રિટિશ વાઇસરોયને ઝૂકવું પડ્યું. બારડોલી સત્યાગ્રહને કારણે સમગ્ર દેશમાં વલ્લભભાઇ પટેલનું નામ જાણીતું થયું. આંદોલનની સફળતાને કારણે મહિલાઓએ વલ્લભાઇ પટેલને સરદારનું બિરૂદ આપ્યું. તેઓ 1922, 1924 અને 1927માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરશનના અધ્યક્ષ તરીકે ચૂંટાયા. અસહકારની ચળવળ, સ્વરાજ આંદોલન, દાંડી યાત્રા, ભારત છોડો આંદોલનમાં સરદાર પટેલની ભૂમિકા મહત્વની રહી. 1931માં કરાચી અધિવેશનમાં તેમને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા. તેઓ એ સમયે કોંગ્રેસના અધ્યક્ષ હતા જ્યારે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસીથી દેશની જનતામાં આક્રોશ હતો. લાહોરમાં પોલિસ અધિકારી સોન્ડર્સની હત્યા બદલ તેમને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી.


આઝાદીના થોડાં સમય પહેલાં તેમને ફરીથી કોંગ્રેસના અધ્યક્ષ બનવાની તક મળી, પણ કહેવાય છે કે ગાંધીજીના કહેવાથી તેમણે પીછેહટ કરી અને જવાહરલાલ નહેરુને અધ્યક્ષ બનાવ્યા. આઝાદી પછી સરદાર પટેલ દેશના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન બન્યા. આ ઘણો કપરો સમય હતો, જ્યારે દેશ અનેક ટૂકડાઓમાં વહેંચાયેલો હતો. આશરે 562 રજવાડાં ભારતથી અલગ થઈને સ્વતંત્રતાનું સપનું જોતાં હતા. સરદાર પટેલ આ સાંભળીને ગુસ્સે થઈ ગયા. ઉડીશાના 23 રાજાઓને તેમણે કહ્યું, "કુવાના દેડકાંની જેમ ન રહો, પણ મહાસાગરમાં ભળવાની જે તક મળી છે તેનો લાભ ઉઠાવો." ઉડીશાના લોકો સ્વતંત્ર ભારતનો હિસ્સો બનવા માગતા હતા. આમ, સરદાર સાહેબના સમજાવવાથી ઉડીશાના રાજા પોતાનાં રજવાડાંનો વિલય કરવા તૈયાર થઈ ગયા. ઉડીશા બાદ સરદાર પટેલ નાગપુર ગયા. એ જમાનામાં નાગપુરના રજવાડાંઓને 'સેલ્યુટ સ્ટેટ' કહેવામાં આવતા હતા. નાગપુરના 38 રાજાઓને સમજાવી મનાવીને સ્વતંત્ર ભારતમાં સામેલ કરવામાં આવ્યા.

એ પછી સરદાર પટેલ કાઠીયાવાડ ગયા જ્યાં 250 રજવાડાંઓ હતા. પોતાની મુત્સદીગીરીનાં જોરે અહીં પણ તેમને સફળતા મળી. એ પછી મુંબઈ, પંજાબ વગેરે રજવાડાંનો પણ સ્વતંત્ર ભારતમાં વિલય કરાવ્યો. પણ પંજાબના ફરીદકોટના રાજાએ ઈનકાર કર્યો. જો કે સરદાર સામે તેમને પણ ઝૂકવું પડ્યું. કાશ્મીર, હૈદરાબાદ અને જૂનાગઢના રજવાડાંનો વિલય સરદાર પટેલના મક્કમ ઈરાદાને કારણે શક્ય બન્યો. કાશ્મીરના મહારાજાએ સંધિ પત્ર પર હસ્તાક્ષર કરી આપ્યા, તો જૂનાગઢના નવાબ ગભરાઈને પાકિસ્તાન ભાગી ગયા. સૌથી વધુ મુશ્કેલી હૈદરાબાદના વિલયમાં આવી. કારણ

**"**

**સરદાર પટેલમાં કૌટિલ્યની કુટનીતિ અને શિવાજી મહારાજના શૌર્યનું મિશ્રણ હતું. આઝાદી વખતે જે નબળાઇ પર વિશ્વ આપણી ટીકા કરતું હતું તેને જ આધાર બનાવીને સરદાર પટેલે દેશને માર્ગ ચીંધ્યો હતો. આ જ માર્ગે ચાલતાં ભારત આજે વિશ્વ સાથે પોતાની શરતો પર મંત્રણા કરી રહ્યું છે. આ શક્ય બનવા પાછળ અસાધારણ વ્યક્તિત્વ અને સાધારણ ઘરમાં જન્મેલા સરદાર સાહેબનું મોટું પ્રદાન રહ્યું છે**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



કે નિઝામ કોઇ પણ ભોગે ઝૂકવા તૈયાર નહોતા. અંતે લશ્કરી કાર્યવાહી બાદ હૈદરાબાદનો ભારતમાં વિલય શક્ય બન્યો. સરદાર પટેલના દ્રઢ સંકલ્પને કારણે જ ભારતનું એકીકરણ શક્ય બન્યું. એટલાં માટે જ ગાંધીજીએ તેમને 'લોહ પુરુષ'ની ઉપાધિ આપી હતી. આઝાદી પછી ભારતીય સિવિલ સર્વિસનાં પુનર્ગઠનનો શ્રેય પણ સરદાર પટેલને જ જાય છે. 15 ડિસેમ્બર, 1950નાં રોજ સરદાર સાહેબ આ દુનિયા છોડી ગયા. એવું પ્રથમ વાર બન્યું કે તેમને શ્રધ્ધાંજલિ આપવા માટે રાષ્ટ્રપતિ ડો, રાજેન્દ્રપ્રસાદ પ્રોટોકોલ તોડીને ખુદ મુંબઇ ગયા.

સરદાર પટેલે એક ભારત-શ્રેષ્ઠ ભારતનું જે સપનું જોયું હતું, તેનાં પર આગળ જઈને આત્મનિર્ભર ભારતનો માર્ગ તૈયાર થયો છે. ભારતના લોહપુરુષને 2014માં શ્રધ્ધાંજલિ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના જન્મદિવસ 31 ઓક્ટોબરને દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી હતી. કેવડિયામાં વર્ષ 2018માં આ દિવસે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી. ●



# સેનાને મળ્યું નવું સંરક્ષણ પરિસર સશક્ત સેના, સમર્થ રાષ્ટ્ર તરફ આગેકૂચ

**કોઈ પણ દેશની રાજધાની એ દેશની વિચારધારા, સંકલ્પ, સામર્થ્ય અને સંસ્કૃતિનું પ્રતીક હોય છે. પણ 100 વર્ષના સમયગાળામાં વસતિ અને પરિસ્થિતિમાં વ્યાપક પરિવર્તન છતાં રાજધાનીને નવું રૂપ આપવાનો પ્રયાસ પહેલાં ક્યારેય થયો નહતો. લશ્કરના જવાનો પણ બ્રિટિશ સરકાર દરમિયાન તબેલા માટે 62 એકર જમીન પર બનાવવામાં આવેલા નાના શેડમાંથી કામ કરવા મજબૂર હતા. આ સ્થિતિમાં, કેન્દ્ર સરકારે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ દ્વારા રાજધાનીને નાગરિકોને અનુકુળ નવુ સ્વરૂપ આપવાનું બીડું ઝડપ્યું છે અને તેનાં ભાગ રૂપે પહેલાં કરતાં પાંચમાં ભાગની જમીન પર જવાનો માટે આધુનિક સંરક્ષણ કાર્યાલય પરિસર બનાવવામાં આવ્યું છે.**

આ વાંચીને કોઈને પણ નવાઈ લાગશે કે આપણાં દેશનાં સેના સાથે સંકળાયેલા 7,000 જવાન અને અધિકારીઓ આઝાદીના વર્ષો પછી પણ અંગ્રેજોના શાસન વખતે બનેલા તબેલા અને બેરેક સંબંધિત જરૂરિયાતો માટે બનાવેલી કેબિનોને પોતાની ઓફિસ તરીકે ઉપયોગ કરવા મજબૂર હતા. ભૂમિદળ, હવાઈદળ અને નૌકાદળ માટે કાર્યાલયો તરીકે ઉપયોગ કરવા તેમાં નાનું મોટું રિપેરિંગ થતું હતું. પણ નવા ભારતમા હવે આ તસવીર બદલાઈ રહી છે, કારણ કે  કેન્દ્ર સરકારે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ દ્વારા દેશની રાજધાનીને નવો લુક આપવાની શરૂઆત કરી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત નવા સંસદ ભવનથી માંડીને રાજપથ અને તેની આસપાસના વિસ્તારોમાં સુવિધાઓ વિક્સાવવામાં આવી રહી છે. આ પ્રોજક્ટના ભાગ રૂપે 16 સપ્ટેમ્બરનાં રોડ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેના માટે અત્યાધુનિક સંરક્ષણ કાર્યાલય પરિસરનું લોકાર્પણ કર્યું, જે પહેલાંની સરખામણીમાં પાંચમાં ભાગની જમીન પર બનાવવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીના  શબ્દોમાં, "જ્યારે નિયત

**"દિલ્હી ભારતની રાજધાની બન્યે 100 વર્ષથી વધુ સમય થયો છે. 100 વર્ષથી વધુ સમયગાળામાં વસતિ અને અન્ય પરિસ્થિતિમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે. જ્યારે આપણે રાજધાનીની વાત કરીએ છીએ ત્યારે તે માત્ર એક શહેર નથી હોતું. કોઈ પણ દેશની રાજધાની  તે દેશની વિચારધારા, તે દેશનો સંકલ્પ, તે દેશનું સામર્થ્ય અને તેની સંસ્કૃતિનું પ્રતીક હોય છે. ભારત લોકશાહીની જનની છે, તેથી ભારતની રાજધાની એવી હોવી જોઈએ જેના કેન્દ્રમાં લોકો હોય, જનતા જનાર્દન હોય"**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**







સાફ હોય, ઈચ્છાશક્તિ પ્રબળ હોય અને પ્રામાણિક પ્રયાસ હોય તો બધું જ શક્ય છે.” વર્તમાન કેન્દ્ર સરકાર 21મી સદીના ભારતનાં સૈન્યની તાકાતને દરેક રીતે આધુનિક બનાવવા, આધુનિક શસ્ત્રોથી સજ્જ કરવા, સરહદ પર માળખાકીય સુવિધાઓ આધુનિક બનાવવા સંરક્ષણ દળોના વડા દ્વારા સેનાઓના સમન્વયને સુધારી રહી છે. આ સ્થિતિમાં દેશની સલામતી સાથે સંકળાયેલા કામકાજ દાયકાઓ જૂનાં શેડમાંથી ચલાવવી શક્ય નથી. એટલાં માટે જ 24 કલાક દેશની સલામતીમાં વ્યસ્ત જવાનો માટે જરૂરી રહેણાંક, રસોડું, મેસ, સારવાર સાથે સંકળાયેલી આધુનિક સુવિધાઓનું નિર્માણ પણ આ નવા પરિસરમાં કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014 બાદ રાજધાનીને નવું સ્વરૂપ આપવાની પહેલ કરી છે, જેથી નવા ભારતનો ઈતિહાસ સ્વર્ણિમ અને ગૌરવશાળી બની શકે. સરકારી વ્યવસ્થાની ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારવા માટેનું બીડું દેશે ઉઠાવ્યું છે. અહીં બની રહેલા નવા ભવન એ સપનાને ટેકો આપી રહ્યા છે અને તે સંકલ્પને સાકાર કરવા વિશ્વાસ જગાવી રહ્યા છે. કોમન કેન્દ્રીય સચિવાલય, કનેક્ટેડ કોન્ફરન્સ હોલ, મેટ્રો જેવાં પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા સુલભ કનેક્ટિવિટી વગેરે સુવિધા રાજધાનીને ‘પીપલ ફ્રેન્ડલી’ બનાવવામાં બહુ મદદ કરશે. ●

## સંરક્ષણ કાર્યાલય પરિસરની કેટલીક વિશેષતાઓ

- રાજધાનીને નવો લુક આપવા માટે સેન્ટ્રલ વિસ્ટા રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ થયો ત્યારે આ પ્રોજેક્ટ અંતર્ગત આ વિસ્તારની 62 એકરમાં કાર્યરત આપણા જવાનોને પ્રાથમિકતા આપીને તેમને આધુનિક સુવિધાઓ પૂરી પાડીને તેમને સારા સ્થળે સ્થળાંતર કરવાનો વિચાર કરવામાં આવ્યો.
- લેફ્ટનન્ટ જનરલ રેન્ક સુધીના અધિકારીઓનો સમાવેશ કરતા આપણાં 7,000 લશ્કરી જવાનો બીજા વિશ્વયુધ્ધ સમયે બનેલા શેડ એટલે કે કામચલાઉ કાર્યાલયમાં કામ કરતા હતા.
- હવે કસ્તુરબા ગાંધી માર્ગ અને આફ્રિકા એવન્યુના 13 એકર વિસ્તારમાં અત્યાધુનિક ટેકનોલોજીથી સંરક્ષણ કાર્યાલય પરિસર બનાવવામાં આવ્યું છે, જે સંસાધનો સાથે પર્યાવરણને અનુકુળ, LGSF (લાઇટ ગેઝ સ્ટીલ ફ્રેઈમ) જેવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને 12-13 મહિનાથી પણ ઓછાં સમયમાં ઐતિહાસિક નિર્માણ કાર્યને પૂરું કરી લેવામાં આવ્યું છે.
- અહીં છત પર સોલર પેનલ લગાવવામાં આવી છે, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ઝીરો વેસ્ટ કેમ્પસ, ઓક્યુપન્સી સેન્સર્સ, પઝલ પાર્કિંગ જેવી ઓટોમેટેડ અને લેટેસ્ટ પ્રણાલિ અપનાવવામાં આવી છે.
- સાથે સાથે, હોસ્પિટલો, આધુનિક બેરેક, જવાનો માટે કેફેટેરિયાની સાથે સાથે 24 કલાક ખુલ્લી રહેતી કેન્ટીન, એમ્યુનિશન બેકઅપની સુવિધા, સલામતી માટે હાઇ લેવલ સિક્યોરિટી સિસ્ટમ, સેન્ટ્રલાઇઝ્ડ મોનિટરીંગ, ફેસ રેકગનિશન સિસ્ટમ લગાવવામાં આવી છે.
- આ પરિસરોમાં હજારો રિટાયર્ડ સૈનિકો પોતાના જૂનાં સરકારી કામકાજ માટે આવે છે. તેમનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.
- કોવિડ જેવા પડકાર છતાં 6.5 લાખ માનવદિન રોજગારીનું સર્જન કરીને આત્મનિર્ભર ભારત અંતર્ગત આ ભવ્ય ઈમારતના નિર્માણમાં 8,000 ટન સિમેન્ટ, 9,000 ટન સ્ટીલનો ઉપયોગ નવા ભારતની તાકાત દર્શાવે છે. આટલાં મોટા કેમ્પસના બાંધકામમાં એક પણ વૃક્ષ કાપવામાં આવ્યું નથી, જે પર્યાવરણ પ્રત્યે સરકારની સંવેદનશીલતા દર્શાવે છે.

**સંરક્ષણ કાર્યાલય પરિસરના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાનનું સંબોધન સાંભળવા ક્યુઆર કોડ સ્કેન કરો**




# "વેક્સિન સેવા"

# આરોગ્યનું સુરક્ષા કવચ

**આ સંયોગ નથી, નવા ભારતની દ્રષ્ટિ છે, જે કોવિડ રસીકરણના નવા રેકોર્ડ બનાવી રહી છે. અમૃત મહોત્સવના રૂપમાં ભારત આઝાદીની 75મી વર્ષગાંઠ મનાવી રહ્યો છે ત્યારે રસીકરણમાં રેકોર્ડ સ્વસ્થ, સલામત અને ઉજ્જવળ ભવિષ્યનો સંકેત છે. આત્મવિશ્વાસથી સભર ભારતનું રસીકરણ અભિયાન વિશ્વ માટે ઉદાહરણ બન્યું છે તો માત્ર આઠ મહિનામાં 92 કરોડથી વધુ રસી લગાવીને ભારત દરરોજ પોતાનો જ રેકોર્ડ તોડી રહ્યો છે અને રસીકરણ માટે યોગ્યતા ધરાવતી દરેક વ્યક્તિનું રસીકરણ કરવા તરફ ઝડપથી આગળી વધી રહ્યો છે...**

**હું આજે મારા મનની વાત પણ કહેવા માગું છું. જન્મદિવસ તો ઘણાં આવ્યાં, ઘણાં ગયા પણ હું મનથી આ તમામ બાબતોથી અલિપ્ત રહ્યો છું, દૂર રહ્યો છું. પણ મારા જીવનમાં 17 સપ્ટેમ્બરનો દિવસ બહુ ભાવુક કરનારો રહ્યો. જન્મદિવસ ઉજવવા માટેની ઘણી બધી રીત હોય છે. લોકો અલગ-અલગ રીતે જન્મદિવસ મનાવે છે. લોકો જન્મદિવસ મનાવીને કંઇક ખોટું કરે છે એવું હું નથી માનતો. પણ તમારાં બધાંના પ્રયત્નોથી 17 સપ્ટેમ્બરનો દિવસ મારા માટે ખાસ બની ગયો છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



*ભારતનો સૌથી મોટો જિલ્લો કચ્છ આશરે 45674 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે. ગુજરાતના આ સૌથી મોટા જિલ્લાનો મોટા ભાગનો વિસ્તાર રેતાળ છે, જેને 'કચ્છનાં રણ' તરીકે ઓળખવામાં આવે છે. જિલ્લામાં 10 તાલુકા અને 924 ગામ છે. કોવિડ મહામારી દરમિયાન આ જિલ્લાના દરેક ગામમાં કોરોના વાયરસની રસી પહોંચાડવી લગભગ અશક્ય હતી. એક તાલુકાથી બીજા તાલુકા વચ્ચે લાંબું અંતર છે પણ તમામ મુશ્કેલીઓ વચ્ચે સ્થાનિક વહીવટીતંત્ર અને સરકારે દરેક ગામ અને તાલુકા સુધી સમયસર રસી પહોંચાડીને અશક્યને શક્ય કરી બતાવ્યું છે. સમયસર રસી પહોંચવાને કારણે અહીં કોરોના રસીકરણના આંકડામાં વૃધ્ધિ થઈ છે અને ગ્રામીણ વિસ્તારોમાં સમયસર રસી પહોંચતી હોવાથી લોકોને પણ દૂર નથી જવું પડતું.*


*પૂર્વોત્તર એટલે કે ભારતનો એવો પ્રદેશ જેને દુર્ગમ માનવામાં આવે છે. અહીં અરૂણાચલ પ્રદેશના કરા દાડી જેવા અંતરિયાળ જિલ્લાના ખૂણે ખૂણે રસી પહોંચાડવી પડકારજનક કામ હતું. પણ રસીકરણ ટીમોની પ્રતિબધ્ધતાને કારણે તેઓ પહાડો, સાંકડા રસ્તા, લપસણી પગદંડી અને ભયજનક નદીઓને પાર કરતી આગળ વધી રહ્યા છે.*

*હિમાચલ પ્રદેશનો લાહોલ સ્પિતી જેવો દુર્ગમ જિલ્લો વર્ષનાં કેટલાંક મહિના બરફથી ઢંકાયેલો રહે છે. અહીં તાપમાન શૂન્યથી નીચે જતું રહે છે. તેમ છતાં, આ જિલ્લો પણ રાજ્યનાં અન્ય જિલ્લાઓની સાથે સો ટકા પ્રથમ ડોઝ આપવામાં અગ્રણી રહ્યો છે. અટલ ટનલ બની તે પહેલાં આ વિસ્તાર મહિનાઓ સુધી દેશનાં બાકીના ભાગોથી વિખૂટો રહેતો હતો. અટલ ટનલથી અહીંનું જનજીવન બદલાઈ ગયું છે અને રસીકરણમાં ઘણી સરળતા રહે છે.*

*બિહારમાં દરભંગા જિલ્લાના પૂરગ્રસ્ત કુશેશ્વર અસ્થાનમાં પણ હેલ્થકેર વર્કર્સે પ્રશંસનીય કામગીરી કરી. દર વર્ષે વરસાદની મોસમમાં અહીં પૂરને કારણે જનજીવન ખોરવાઈ જાય છે. પૂરગ્રસ્ત જિલ્લામાં કોવિડ રસીકરણનું કામ કઈ રીતે પૂરું કરવું એ સમસ્યા હતી. જિલ્લા વહીવટીતંત્રએ કુશેશ્વર અસ્થાન બ્લોકમાં હોડી ચલાવવાનો નિર્ણય લીધો જેથી રસીકરણ અભિયાન સારી રીતે ચાલી શકે. એટલું જ નહીં, બિહારના મુઝફ્ફરપુર સહિત રાજ્યના અન્ય ભાગોમાં પણ રસીકરણ માટે હોડી ચલાવવામાં આવી અને આરોગ્યકર્મીઓને લઈ જવા માટે નૌકા એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી. 'ટીકેવાલી નાવ' રસીકરણ માટે આપત્તિમાં અવસર બની ગઈ.*

પૂરની ભયાનકતા, દુર્ગમ પહાડો, અંતરિયાળ આદિવાસી વિસ્તારો, ભાષા અને ધર્મની વિવિધતાઓ અને કેટલીક અફવાઓ વચ્ચે અભૂતપુર્વ રસીકરણની ગતિ. આ એ નવા ભારતની વાત છે, જેનાં વિષે કોવિડની શરૂઆતમાં સમગ્ર વિશ્વને શંકા હતી કે ભારતમાં કોવિડ ફેલાઈ જશે તો માનવ અસ્તિત્વ પર જોખમ આવી જશે. વૈવિધ્યતા


# પ્રતિ દિન અને પ્રતિ સેકન્ડ ડોઝના હિસાબે




**આંકડા 23થી 30 સપ્ટેમ્બર સુધી રસીકરણની સરેરાશના આધારે (સ્રોતઃ COVIDVAX.LIVE)**

ધરાવતા દેશમાં કપરી ભૌગોલિક પરિસ્થિતિઓમાં જનસંવાદ અને જનભાગીદારી વિશ્વનાં સૌથી મોટા રસીકરણ અભિયાનનો આધાર બની ગયો છે, જે આ મહામારી વિરુધ્ધ જીવન રક્ષા અને માનવ સભ્યતાને બચાવવાનું પ્રતીક બનીને ઊભર્યો છે. માત્ર નવ મહિનામાં બે-બે સ્વદેશી રસીની શોધ કરીને ઓછા સમયગાળામાં 92 કરોડથી વધુ ડોઝ (6 ઓક્ટોબર સુધી) લગાવીને ભારતે વિશ્વવિક્રમ સર્જ્યો છે. રસીકરણની ઝડપ એવી છે કે ભારત સતત પોતાનો જ રેકોર્ડ તોડીને નવા માપદંડો પ્રસ્થાપિત કરી

# ભારતની સરેરાશ વિશ્વમાં સૌથી સારી





રહ્યું છે. પહેલાં ભારતમાં લગાવવામાં આવતી રસીના આંકડાની સરખામણી વિશ્વના કોઈ દેશ સાથે થતી હતી, હવે દેશોના સમૂહ સાથે થવા માંડી છે. વિવિધ દેશોના સમૂહો કરતાં પણ વધુ રસી એકલા ભારતે લગાવી છે.

**અભિયાનનો આધાર આત્મવિશ્વાસ**

કોઈ પણ અભિયાનનો મૂળ આધાર આત્મવિશ્વાસ હોય છે. રસીકરણમાં રેકોર્ડ સર્જવા માટેના આત્મવિશ્વાસનો આધાર છે ભારત અને તેનું વર્તમાન નેતૃત્વ, જે પડકારો અને સમસ્યાઓ

# 6 રાજ્યોમાં 100 ટકા ડોઝ

## 6 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં 100 ટકા પુખ્ત વસતિને કોવિડ રસીનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે




**લડાખ**
**1.97**
લાખ ડોઝ આપવામાં આવ્યા

**લક્ષદ્વીપ**
**53499**
ડોઝ આપવામાં આવ્યા

**હિમાચલ પ્રદેશ**
**55.74**
લાખ ડોઝ આપવામાં આવ્યા

**સિક્કીમ**
**5.10**
લાખ ડોઝ આપવામાં આવ્યા

**ગોવા**
**11.83**
લાખ ડોઝ આપવામાં આવ્યા

**દાદરા નગરહવેલી, દમણ-દીવ**
**6.26**
લાખ ડોઝ આપવામાં આવ્યા


**દિવ્યાંગ અને વિશેષ જરૂરિયાત ધરાવતા લોકોને ઘરે જઇને રસી આપવાની શરૂઆત કરવામાં આવી, જેથી કોઇ વ્યક્તિ રસી વગર રહી ન જાય.**

સામે ઝઝૂમવામાં વિશ્વાસ રાખે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે ડિજિટલ ટેકનોલોજી અપનાવી છે એવું બીજાં કોઈએ નથી કર્યું. દેશની રાષ્ટ્રનીતિમાં તેમણે ટેકનોલોજી અને ડિજિટલને જ આધાર બનાવ્યો છે. આ વર્ષે 16 જાન્યુઆરીનાં રોજ રસીકરણ અભિયાનનો પ્રારંભ થયો ત્યારે અનેક પ્રકારની આશંકાનું વાતાવરણ હતું અને રસીકરણમાં ફ્રન્ટલાઇન વર્કર્સને પ્રાથમિકતા આપવામાં આવી. ભારતને રસીકરણના 10 કરોડ ડોઝનો આંકડો સ્પર્શવામાં 85 દિવસ થયા. પણ એ પછી ભારતે કોવિડ સામેની નિર્ણાયક લડાઈમાં અભિયાન શરૂ કર્યું. આ અભિયાનનું પરિણામ એ આવ્યું કે પછીના 45 દિવસોમાં રસીકરણનો આંકડો 20 કરોડને પાર કરી ગયો. એ પછી 30 કરોડે પહોંચવામાં 29 દિવસ લાગ્યા. 40 કરોડ સુધી પહોંચવામાં 24 દિવસ, 50 કરોડ સુધી પહોંચવામાં 20 દિવસ, 60 કરોડ સુધી પહોંચવામાં 19 દિવસ અને 70 કરોડ સુધી પહોંચવામાં માત્ર 13 દિવસ જ લાગ્યા. આઝાદીના 75માં વર્ષમાં પ્રવેશના પછીના મહિને 13 સપ્ટેમ્બર સુધી રસીકરણનો આંક 75 કરોડને પાર કરી ગયો. દેશને સુરક્ષિત કરવાનો સંકલ્પ અને તેને પૂરું કરવાનો આત્મવિશ્વાસ એટલો મજબૂત હતો કે 10 કરોડ ડોઝ લાગ્યા પછીના પાંચ મહિનામાં રસીકરણની ઝડપ છ ગણાથી પણ વધી ગઈ અને તે વિશ્વનું સૌથી ઝડપી અને સૌથી મોટું રસીકરણ અભિયાન બની ગયું.

### 17 સપ્ટેમ્બર બન્યું સેવા-સમર્પણનું ઉદાહરણ

ભારતનું રસીકરણ અભિયાન સૌથી ઝડપી ગતિથી ચાલી રહ્યું છે એમાં કોઈને શક ન હોવો જોઈએ. દેશ પોતાનાં જ લક્ષ્યને પડકાર ફેંકીને તેને પુરો કરવા તત્પર છે. 17 સપ્ટેમ્બર ભારત અને વિશ્વના ઇતિહાસમાં એવી તારીખ બની ગઈ જેણે રસીકરણમાં નવા રેકોર્ડ

# સૌથી સસ્તી રસી દ્વારા વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન..



- એપ્રિલ 2020માં દેશનાં ટોચના વૈજ્ઞાનિક સલાહકાર કે વિજયરાઘવન અને નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડો. વી કે પૌલના વડપણ હેઠળ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી. ઓગસ્ટ 2020માં નિષ્ણાતોને સામેલ કરીને 'એક્સપર્ટ ગ્રૂપ ઓન વેક્સિન એડમિનિસ્ટ્રેશન ફોર કોવિડ-19'ની રચના કરવામાં આવી.
- આ સમિતિએ રસીને મંજૂરી મળી તે પહેલાં જ તેનો સંગ્રહ, પરિવહન, કોલ્ડ ચેઇન, ખરીદી અને લોકો સુધી પહોંચાડવાની પ્રક્રિયાની તૈયારી કરી. 14 જાન્યુઆરી સુધી નિર્ધારિત સ્થળ સુધી રસી પહોંચાડવાની પ્રક્રિયા પૂરી કરવામાં આવી.
- 16 જાન્યુઆરીનાં રોજ હેલ્થકેર વર્કર્સને રસી લગાવવાની સાથે કોરોના રસીકરણની શરૂઆત થઈ હતી. 2 ફેબ્રુઆરીથી ફ્રન્ટલાઇન વર્કર્સ, 1 માર્ચથી 60થી ઉપરની વયના લોકો અને 1 એપ્રિલથી 45-59 વર્ષનાં ગંભીર બિમારીઓથી પિડાતા લોકોને રસી આપવામાં આવી.

**બીજી લહેર જીવલેણ બની ત્યારે કેન્દ્ર સરકારે 1 એપ્રિલથી 45 વર્ષથી ઉપરની વયના લોકોને રસીકરણમાં સામેલ કર્યા**

**12 એપ્રિલથી કામકાજનાં સ્થળો પર પણ 45 વર્ષથી ઉપરનાં તમામ લોકોનાં રસીકરણની શરૂઆત કરવામાં આવી**

**18** **વર્ષથી ઉપરની વયના તમામ વ્યક્તિઓનાં રસીકરણ માટે દેશમાં 1 મેથી ત્રીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી**

- 21 જૂનથી રસીકરણનું કામ સંપૂર્ણપણે પોતાની હસ્તક લેતાં કેન્દ્ર સરકારે 'તમામને વેક્સિન, મફત વેક્સિન' દ્વારા વિશ્વનાં સૌથી મોટાં વયસ્ક રસીકરણ અભિયાનની શરૂઆત કરી.
- રસીકરણ અભિયાન હજુ ઝડપી કરવા માટે સ્વદેશી કોવેક્સિન અને કોવિશીલ્ડની સાથે રશિયાની સ્પુતનિક- vને પણ મંજૂરી આપવામાં આવી. 12 વર્ષથી ઉપરની વયના બાળકો માટે ઝાયડસ કેડિલાની રસીને પણ મંજૂરી આપવામાં આવી છે.



## વેક્સિન મૈત્રી અંતર્ગત વિશ્વના 95 દેશોને 6.5 કરોડથી વધુ વેક્સિન ડોઝ આપવામાં આવ્યા


બનાવ્યા એટલું જ નહીં, આરોગ્ય અને આજીવિકાનું સુરક્ષા કવચ તૈયારી કરી દીધું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 71મા જન્મદિવસે 17 સપ્ટેમ્બરની સવારથી રાત્રે 12 વાગ્યા સુધી દેશના લાખો આરોગ્યકર્મીઓએ વડાપ્રધાનને અણમોલ ભેટ આપી હતી. આ આરોગ્યકર્મીઓએ એક દિવસમાં 2.5 કરોડથી વધુ લોકોને રસી લગાવીને સૌથી વધુ કોવિડ રસીકરણનો વિશ્વવિક્રમ બનાવ્યો. એ દિવસે દર કલાકે 15 લાખ, દર મિનિટે 26,000 અને દર સેકન્ડે 425થી વધુ ડોઝ લગાવવામાં આવ્યા. વિશ્વના સમૃધ્ધ અને તાકાતવાન કહેવાતા દેશો પણ આવું નથી કરી શકયા. 17 સપ્ટેમ્બરનાં રોજ વિશ્વભરમાં લગાવવામાં આવેલી રસીનો આંકડો જોઈએ તો માત્ર 16 કલાકમાં ભારતે એકલાએ 82 ટકા (2.5 કરોડ લોકો) રસી લગાવી, જ્યારે દુનિયાના બાકીના દેશોનો હિસ્સો માત્ર 18 ટકા (54 લાખ લોકો) હતો. આ એક દિવસમાં ભારતે લગાવેલા ડોઝનો આંકડો ઓસ્ટ્રેલિયાની કુલ વસતિની સમકક્ષ છે, તો કેનેડાની વસતિ કરતા બે તૃતીયાંશ અને ન્યૂઝીલેન્ડની વસતિ કરતાં પાંચ ગણો છે. ભારતે એકલાએ જેટલાં ડોઝ એક દિવસમાં લગાવ્યા તેટલી દુનિયાના 100થી વધુ દેશોની પોતપોતાની વસતિ છે.

ઓગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં ભારતે રસી લગાવવાનાં મુદ્દે નવાં નવાં વિક્રમ સર્જ્યા હતા. જી-7 દેશોની કુલ વસતિ કરતા વધુ રસી ભારતે એકલાએ લગાવી. ઉત્તરપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, હરિયાણા જેવા રાજ્યોએ પણ વિશ્વના અનેક દેશો કરતાં વધુ સરેરાશ રસી લગાવી છે. રસીકરણ અંગે ભારતની ઝડપનો અંદાજ તેના પરથી પણ લગાવી શકાય કે યુરોપિયન યુનિયન, આરબ લીગ, નાટો, જી-7, આસિયાન જેવા જૂથોનાં સરેરાશ દૈનિક રસીકરણ કરતાં ભારત ઘણું આગળ છે. આજે ભારત એક દિવસમાં એક કરોડથી વધુ ડોઝ લગાવવાની ક્ષમતા પ્રદર્શિત કરી રહ્યું છે તો જાપાનને એક કરોડ ડોઝ લગાવતાં 8 દિવસ, અમેરિકાને 11 દિવસ, જર્મનીને 45 દિવસ, ઇઝરાયેલને 104 દિવસ અને ન્યૂઝીલેન્ડને 124 દિવસ લાગે છે. આ જ કારણસર રસીકરણની બાબતમાં ભારતે આજે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. રસીકરણ માત્ર

# રસીકરણઃ સુપર ઓગસ્ટ-સપ્ટેમ્બર

**રસીકરણની દ્રષ્ટિએ ભારતમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરનો મહિનો સૌથી સારો સાબિત થયો. દેશમાં ઓગસ્ટમાં 18 કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા. આ આંક સાત જી-7 દેશો કેનેડા, યુકે, યુએસ, ઇટલી, જર્મની, ફ્રાંસ અને જાપાનમાં અપાયેલા કુલ ડોઝ કરતાં વધુ છે.**

**17 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જન્મદિવસે ભારતે 2.5 કરોડ ડોઝ આપીને રસીકરણનો અત્યાર સુધીનો ઝડપી રેકોર્ડ બનાવ્યો હતો. આ દિવસે દર કલાકે સરેરાશ 15.62 લાખ રસી આપવામાં આવી, એટલે કે પ્રતિ મિનિટનાં હિસાબે 26,000 અને પ્રતિ સેકન્ડના હિસાબે 434 ડોઝ.**






## કોવિશીલ્ડ અને કોવેક્સિન બાદ સ્વદેશી રસી ઝાયકોવ-ડીને મંજૂરી બાદ રસીકરણની ઝડપ હજુ વેગ પકડશે

આંકડો નથી, પણ ભારતની પોતાની રસી, રસીકરણ માટે આટલું મોટું નેટવર્ક અને કુશળતાયુક્ત મેનપાવર સાથે દેશની તાકાતનું જીવંત પ્રમાણ છે. આ સફળતાએ ફરી એક વાર વિશ્વને ભારતની ઓળખ કરાવી છે, કારણ કે જ્યારે રાષ્ટ્રની વાત આવે ત્યારે દરેક ભારતીયનો એ સ્વભાવ છે કે તે ઊર્જાસભર બનીને ગૌરવ ગાથા લખવા માટે તૈયાર થઈ જાય છે.

### રસીકરણનો માર્ગ સરળ નહોતો

ઇતિહાસમાં આ પ્રકારનું અને આટલાં મોટા સ્તરે રસીકરણ અભિયાન અગાઉ ક્યારેય ચલાવવામાં આવ્યું નહોતું. આ અભિયાન કેટલું મોટું છે તેનો અંદાજ માત્ર પ્રથમ તબક્કામાંથી લગાવી શકાય. ભારતે પ્રથમ તબકકામાં ત્રણ કરોડ આરોગ્યકર્મીઓ-ફ્રન્ટલાઇન વર્કર્સ અને પછી 27 કરોડ વડીલો અને ગંભીર બિમારીથી પીડાતા લોકોને રસી આપી. વિશ્વના 100થી વધુ દેશો એવા છે જેની વસતિ ત્રણ કરોડથી ઓછી છે, પણ ભારતે રસીકરણના પ્રથમ તબક્કામાં આ 30 કરોડ લોકોનાં રસીકરણનું લક્ષ્ય રાખ્યું હતું.


16 જાન્યુઆરીએ રસીકરણનો પ્રારંભ થયો ત્યારે નિષ્ણાતો કહેતા હતા કે આ 30 કરોડ લોકોને જ રસી લગાવવામાં ઓછામાં ઓછા 7-8 મહિનાનો સમય લાગશે, પણ આટલાં જ સમયમાં ભારતે 92 કરોડથી વધુ ડોઝ લગાવ્યા બાદ 100 કરોડ તરફ

# આ રીતે વધી રસીકરણની ઝડપ

**પ્રારંભમાં 10 કરોડ રસી લગાવવામાં ભારતને 85 દિવસ લાગ્યા, જ્યારે 70 કરોડ બાદ બીજા 10 કરોડ લોકોને રસી લગાવવામાં માત્ર 11 દિવસ જ લાગ્યા.**

**વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું, રસીકરણની આ જ ઝડપ રહેશે તો ભારત ડિસેમ્બર સુધીમાં દેશનાં તમામ પુખ્તોને રસીકરણનું લક્ષ્ય હાંસલ કરી લેશે.**

**દેશમાં પૂરતી રસી સાથે હવે જરૂરિયાતમંદ દેશોને વેક્સિન મૈત્રી અંતર્ગત ફરીથી સપ્લાય શરૂ થતાં વિશ્વએ પ્રશંસા કરી**




આંક વધી રહ્યો છે. દેશની તાકાતનું આ બેજોડ ઉદાહરણ છે. જો કે આ માટે ભારતે મજબૂત તૈયારી કરી હતી, જેથી કોવિડની અસરથી ભારતીયોને બચાવી શકાય, તેમાં રસીકરણ સૌથી મહત્વનું સુરક્ષા કવચ છે.

આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં પ્રવેશ કરનાર ભારતનો ઉત્સાહ રસીકરણમાં પણ દેખાઈ રહ્યો છે. ઓગસ્ટ મહિનામાં ભારતે 18.6 કરોડ ડોઝ લગાવીને એક મહિનામાં સૌથી વધુ રસીકરણનો રેકોર્ડ બનાવ્યો છે. 31 ઓગસ્ટના રોજ ભારતમાં સૌથી વધુ 1.30 કરોડ ડોઝ લગાવવામાં આવ્યા. 26 ઓગસ્ટ સુધીમાં ભારતે તેની વસતિના 50 ટકા લોકોને રસીનો પ્રથમ ડોઝ લગાવીને મોટી સફળતા હાંસલ કરી હતી. કોવિડ મહામારીથી જીવનને બચાવવું એ કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા હતી, તેથી દેશમાં કોવિડના પ્રારંભ પહેલાં જ ભારતમાં તેને અટકાવવા માટેના પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યા હતા.

દેશની ટોચની નેતાગીરીએ વિજ્ઞાન અને ટેકનોલોજીને કોવિડ સામેની લડાઈમાં મુળ આધાર બનાવ્યો. કોવિડ સામેની લડાઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને શૂન્યમાંથી ઊભું કરવાનું હોય કે પછી લોકડાઉનને કારણે સામાન્ય લોકોની મુશ્કેલીઓને દૂર કરવા માટે ગરીબ કલ્યાણ પેકેજ અને બીજી આર્થિક સહાય પહોંચાડવાની હોય કે પછી રસીની શોધ કરવાની હોય, કેન્દ્ર સરકારે વિજ્ઞાન અને ટેકનોલોજીને જ સૌથી મોટો આધાર બનાવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2020માં માર્ચ મહિનામાં આવેલી આપત્તિના એક મહિના બાદ એપ્રિલમા જ વેક્સિનેશન માટેનાં ટાસ્ક ફોર્સની રચના કરી હતી, જેમાં દેશના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર કે વિજયરાઘવન અને નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડો. વી કે પૌલને નેતૃત્વ સોંપ્યું હતું. તેમનું કામ વૈજ્ઞાનિક પૃથક્કરણ કરીને સલાહ આપવાનું હતું, જેથી રસી વિકસાવવા માટે પ્રોત્સાહન મળે. ઓગસ્ટ 2020માં વડાપ્રધાને બીજી એક પહેલ કરી. નેશનલ એક્સપર્ટ ગ્રૂપ ઓન વેક્સિન એડમિનીસ્ટ્રેશન ફોર કોવિડ-19 (NEGVAC) ની રચના કરવામાં આવી, જેમાં આંતરમંત્રાલય સમન્વય, ટેકનિકલ






## ચીન અને અમેરિકા બાદ રસીના બંને ડોઝ આપવાની બાબતમાં ભારત વિશ્વમાં ત્રીજા નંબરે

નિષ્ણાતો અને અલગ અલગ દિશાઓનાં પાંચ રાજ્યોને સામેલ કરવામાં આવ્યા. સમવાય માળખાનું ઉદાહરણ રજૂ કરતા કેન્દ્ર સરકારે ડઝનથી વધુ વાર મુખ્યમંત્રીઓ સાથે કોવિડ મુદ્દે ચર્ચા કરી અને તમામ પ્રકારની સહાયની ખાતરી આપી.


આ નિષ્ણાત જૂથે રસી બની તે પહેલાં જ તેનો સંગ્રહ, કોલ્ડ ચેઇન, ખરીદ પ્રક્રિયા, રસીની અસર સુનિશ્ચિત કરવી અને કઈ રીતે પ્રાથમિકતાના આધારે લોકોને પહોંચાડવામાં આવશે તેની તૈયારી કરી લીધી હતી. વિજ્ઞાન અને ટેકનોલોજીની સાથે તાલમેલને કારણે જ ગણતરીનાં મહિનાઓમાં આપણે રસી તૈયાર કરી શક્યા એટલું જ નહીં પણ તેને છેવાડાંના માણસ સુધી પહોંચાડવાનું માળખું પણ તૈયાર કરી લીધું. ભારતનું કોવિન પ્લેટફોર્મ આજે વિશ્વ માટે પણ ઉદાહરણ બની ગયું છે. 130 કરોડથી વધુ વસતિ ધરાવતા ભારતમાં સ્વદેશી રસીને ખૂણે ખૂણે પહોંચાડવી સરળ નહોતી.

### બધાંને મફત રસીની પહેલ કરી

કોવિડની મહામારી એવી હતી જે આધુનિક વિશ્વએ અગાઉ ક્યારેય જોઈ નહોતી, કે અનુભવી નહોતી. ભારત પણ તેમાંથી બાકાત રહી શક્યું નહોતું. દેશ અનેક મોરચે એક સાથે લડ્યો. કોવિડ હોસ્પિટલ બનાવવાથી માંડીને આઈસીયુ બેડ્સની સંખ્યા વધારી, ભારતમાં વેન્ટીલેન્ટર બનાવવાથી માંડીને ટેસ્ટિંગ લેબ્સનું મોટું નેટવર્ક તૈયાર કરીને નવું હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું. કોવિડની બીજી લહેર દરમિયાન એપ્રિલ અને મે મહિનામાં ભારતમાં મેડિકલ ઓક્સિજનની માગ અસાધારણ રીતે વધી ગઈ હતી. ભારતના ઈતિહાસમાં આટલી મોટી માત્રામાં મેડિકલ ઓક્સિજનની જરૂર ક્યારેય ઊભી નહોતી થઈ. આ જરૂરિયાતને પૂરી કરવા માટે યુધ્ધ સ્તર પર કામ કરવામાં આવ્યું. ઓક્સિજન ટ્રેન ચલાવવામાં આવી, એરફોર્સના વિમાનોની મદદ લેવામાં આવી, નૌકાદળને કામમાં લગાવવામાં આવ્યું. બહુ ઓછા સમયમાં લિક્વિડ મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન 10 ગણાથી વધુ વધારવામાં આવ્યું. વિશ્વના દરેક ખૂણામાંથી, જ્યાંથી પણ, જે પણ મળી શકતું હતું તે લેવાનો ભરપૂર પ્રયત્ન કરવામાં આવ્યો. આ જ રીતે, જરૂરી દવાઓનું ઉત્પાદન પણ અનેક ગણું વધારવામાં આવ્યું. વિદેશોમાં જ્યાંથી પણ દવા ઉપલબ્ધ હતી ત્યાંથી લાવવામાં કોઈ કસર છોડી નહોતી.

આ લડાઈમાં રસી સુરક્ષા કવચ સમાન છે. છેલ્લાં 50-60 વર્ષોનો ઈતિહાસ જૂઓ તો ખ્યાલ આવશે કે ભારતને વિદેશમાંથી રસી મેળવવામાં દાયકાઓ લાગી જતા હતા. વિદેશોમાં રસી આપવાનું કામ પૂરું થઈ જાય ત્યાં સુધી ભારતમાં રસીકરણનું કામ શરૂ થતું નહોતું. 2014માં ભારતમાં રસીકરણનું કવરેજ 60 ટકા હતું. જે ઝડપથી રસીકરણ થતું હતું તેને જોતાં 100 ટકા

## તમારા સુધી આ રીતે પહોંચે છે રસી






## 57 કરોડથી વધુ પરીક્ષણ કરી ચૂક્યું છે ભારત 30 સપ્ટેમ્બર સુધી. આ આંક ઘણાં દેશોની વસતિ કરતા વધુ છે.

કવરેજ હાંસલ કરવામાં બીજા 40 વર્ષ લાગી જાત. પણ કેન્દ્ર સરકારના મિશન મોડમાં હાથ ધરવામાં આવેલા 'ઈન્દ્રધનૂષ' જેવા અભિયાનથી માત્ર 5-6 વર્ષમાં જ રસીકરણનું કવરેજ 60થી વધીને 90 ટકાથી વધુ થઈ ગયું છે. જ્યારે કોવિડ મહામારી આવી ત્યારે વિશ્વમાં એવો પ્રશ્ન થવા માંડ્યો કે ભારત કઈ રીતે તેની વસતિને બચાવી શકશે? પણ ચોખ્ખી નિયત અને સ્પષ્ટ નીતિને કારણે એક વર્ષની અંદર જ ભારતે બે-બે સ્વદેશી રસી લોંચ કરી દીધી.

આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત મિશન કોવિડ સુરક્ષા અંતર્ગત કંપનીઓને હજારો કરોડ રૂપિયા પૂરા પાડવામાં આવ્યા. આ વર્ષે 16 જાન્યુઆરીથી શરૂ કરીને એપ્રિલના અંત સુધી ભારતનો રસીકરણ કાર્યક્રમ મુખ્યતઃ કેન્દ્ર સરકારની દેખરેખ હેઠળ જ ચાલ્યો. બધાંને મફત રસી લગાવવાના માર્ગ પર દેશ આગળ વધી રહ્યો હતો. પણ કેટલાંક રાજ્યોએ રસીકરણનું કામ રાજ્યો પર છોડવાની વાત કરી તો ઘણી ચર્ચા વિચારણા બાદ એ મુદ્દે સંમતિ બની કે રાજ્ય સરકારો પોતાની તરફથી પણ પ્રયાસ કરવા માગે તો કરી શકે છે. આમ, 1 મેથી 25 ટકા કામ રાજ્યોને સોંપવામાં આવ્યું. પણ બીજી લહેર બાદ રાજ્યોએ પહેલાં વાળી વ્યવસ્થાને જ સારી બતાવી. એ પછી, 7 જૂને રાષ્ટ્રને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂની વ્યવસ્થા પૂર્વવત કરી દીધી અને રસીકરણનું કામ સંપૂર્ણપણે કેન્દ્ર સરકારે પોતાનાં હસ્તક લઈ લીધું. એ પછી આંતરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે 21 જૂનથી 'સબકો વેક્સિન, મુફ્ત વેક્સિન'નું મહાઅભિયાન શરૂ થયું. રસીનું ઉત્પાદન વધારવા માટે બીજાં અનેક કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, જેથી આવનારા સમયમાં રસીકરણની ઝડપ વધારી શકાય.

### 'જાન હૈ તૌ જહાન હૈ'થી આગળ 'જાન ભી જહાન ભી'નું સૂત્ર

ગયા વર્ષે માર્ચમાં બીજાં દેશોમાં કોરોના કેસો વધવા માંડયા ત્યારે 102 વર્ષ પહેલાં આવેલી સ્પેનિશ ફ્લુ મહામારીનો ભારતે ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. આ અભ્યાસમાં એક તારણ એવું બહાર આવ્યું કે

# બધાં માટે આરોગ્ય

**2014માં ભારતમાં નવી સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે પ્રથમ વાર એવા સેક્ટરમાં વ્યાપક પરિવર્તનની શરૂઆત કરવામાં આવી જેનાં પર પહેલાં કોઈનું ધ્યાન ગયું નહોતું. નવી હોસ્પિટલો અને મેડિકલ કોલેજોની સ્થાપના, ગરીબોને મફતમાં સારવાર, ગામડાંથી માંડીને નાના શહેરોમાં પણ આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે....**

દેશમાં આરોગ્ય સેવા પૂરી પાડવાની વાત હોય કે પછી ખૂણે ખૂણે સુવિધાઓ પહોંચાડવાની હોય, અગાઉ દેશમાં આરોગ્યનું માળખું વેરવિખેર હતું. અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે સક્ષમ કર્મચારી અને માળખું ઊભું કરવાની સરકારને દરકાર છે. આ બાબતને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકારે પ્રથમ વાર સામાન્ય બજેટમાં આરોગ્ય ક્ષેત્રને 137 ટકાના વધારા સાથે મહત્વ આપ્યું છે. દેશના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નીચેથી લઈને ઉપર સુધી સુધારવાનો હેતુ છે. 30 જાન્યુઆરી, 2020નાં રોજ ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ સામે આવ્યો ત્યારે એ સમયે માત્ર પૂણેની નેશનલ વાયરોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટની લેબમાં જ તેનાં ટેસ્ટિંગની સુવિધા હતી. આજે દેશની 2486 લેબમાં કોવિડ ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ છે. એટલાં માટે કેન્દ્ર સરકાર દેશમાં સંક્રમક રોગોનું નિવારણ, તેને ઉગતા જ ડામી દેવાના ઉપાય સહિતનું સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં લાગી ગઈ. આ માટે 2021-22નાં બજેટમાં પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના અંતર્ગત વિશેષ જોગવાઈ કરવામાં આવી.

## દરેક બાળક સુધી રસી પહોંચે




બાળકોમાં રસીકરણ માટે મિશન ઈન્દ્રધનૂષની શરૂઆત કરવામાં આવી. 12 રોગોની રસી આ મિશન અંતર્ગત લગાવવામાં આવી રહી છે. સ્વદેશી ન્યૂમોકોકલ રસી દ્વારા અભિયાન શરૂ કરવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી. તેનાંથી દર વર્ષે 50,000 બાળકોનો જીવ બચાવી શકાશે.

**3.70**

કરોડ બાળકો અને આશરે 92 લાખ મહિલાઓનું રસીકરણ મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત

એ મહામારી દરમિયાન જે જગ્યાએ લોકડાઉનનો સારી રીતે અમલ થયો હતો, ત્યાં મૃત્યુદર ઓછો હતો. ત્યાં લાંબા સમયમાં આર્થિક રિકવરી સારી હતી. ગંભીરતાથી વિચાર્યા બાદ સરકાર એવા નિષ્કર્ષ પર આવી કે લોકડાઉન અર્થતંત્ર માટે થોડાં સમય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે, પણ લાંબા ગાળા માટે લોકોનાં જીવ અને અર્થતંત્ર માટે સારો ઉપાય છે. આ સ્થિતિમાં સરકારે નિર્ણય લીધો કે ભલે જીડીપી પર થોડી અસર પડે પણ લોકડાઉન જરૂરી છે. જીડીપી ઘટી જાય તો પણ તેને ઉપર લાવી શકાય છે અને લાવવામાં પણ આવી રહી છે, પણ માણસનો જીવ જતો રહે તો તેને પાછો ન લાવી શકાય. આ મૂળ સિધ્ધાંતને વળગીને વડાપ્રધાને પહેલાં કહ્યું કે, 'જાન હૈ તો જહાન હૈ'. લોકોને પણ સમજાયું કે આપણે જીવ બચાવવા પર ધ્યાન આપવાનું છે. એ પછી તેમણે 'જાન ભી જહાન ભી'નો મંત્ર આપ્યો. આ મહત્વનું છે કારણ કે ભારતમાં 137 કરોડ લોકો વસતા હોવાથી મહામારી ફેલાવવાનો ડર વધુ હોય છે. જીવનને પ્રાથમિકતા આપતા ભારતે લોકડાઉનને કડક રીતે લાગુ પાડ્યું. ઓક્સફોર્ડ યુનિવર્સિટીનો ઈન્ડેક્સ દર્શાવે છ કે ભારતનું લોકડાઉન બ્રિટનની સરખામણીમાં 15 ટકા વધુ મજબૂત હતું.

આ બંને મંત્રો પર આગળ વધતા કેન્દ્ર સરકારે કોવિડથી બચાવની સાથે સાથે ભવિષ્યની રણનીતિ પર કામ શરૂ કરી દીધું હતું. ત્યારે કોઈએ સપનાંમા પણ વિચાર્યું નહોતું કે ભારત પોતે રસીનું ઉત્પાદન કરી શકે છે. લોકો વિચારતા હતા કે અમેરિકા પહેલાં પોતાની રસી બનાવશે. પહેલાં પોતાનાં નાગરિકોને આપશે અને પછી બચેલી રસી બાકીનાં દેશોને આપશે. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિએ સ્થિતિને બદલી નાખી. ભારતે વ્યૂહાત્મક રીતે આયોજન કર્યું અને ટાસ્ક ફોર્સ બનાવીને રસી ઉત્પાદન માટે કામ શરૂ કરી દીધું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાતે પૂણે, ગુજરાત અને હૈદરાબાદ ગયા અને રસી ઉત્પાદક કંપનીઓની મુલાકાત લીધી. તેમણે આ કંપનીઓને મદદ પૂરી પાડી અને તેનું પરિણામ એ આવ્યું કે ટૂંક સમયમાં જ કોવિશીલ્ડ અને કોવેક્સિન એમ બે રસી ઉપયોગ માટે તૈયાર થઈ. રસી બની તે પહેલાં જ રસીકરણ માટે હેલ્થવર્કર્સને મોટા પાયે તાલીમ આપવામાં આવી. રસીનો સંગ્રહ,

# નીચેથી ઉપર સુધીનું માળખું બદલવા પર ભાર

**137%**

ની બજેટ વૃદ્ધિ સાથે પ્રથમ વાર એવું બન્યું કે કોઇ સરકારે આરોગ્ય ક્ષેત્રને આટલી પ્રાથમિકતા આપી હોય.

**07**

અબજથી વધુ રકમની ચૂકવણી થઈ ચૂકી છે અત્યાર સુધી પીએમ-જય આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત સારવાર માટે

## ગરીબોને હવે સસ્તી નહીં, મફત સારવાર

- 10.74 કરોડ પરિવારોનાં 50 કરોડથી વધુ લોકોને રૂ. પાંચ લાખ સુધીની મફત સારવાર માટે પીએમ જન આરોગ્ય આયુષ્યમાન ભારત યોજના શરૂ કરી.
- 16 કરોડ જેટલાં ઇ-કાર્ડ જારી થઈ ચૂક્યા છે આ યોજના હેઠળ, 1.79 કરોડ લોકો હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર કરાવી ચૂક્યા છે.
- 7676થી વધુ જનઔષધિ કેન્દ્રો પર લોકોને 90 ટકા સુધી સસ્તી દવાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. અહીં એક રૂપિયામાં સેનિટરી નેપકીન વેચવામાં આવે છે.
- બેર મેટલ સ્ટેન્ટ રૂ. 7260 સુધીમાં, સ્ટેન્ટની કિંમતમાં 85 ટકા સુધીનો ઘટાડો થયો છે. 'સેહત' નામથી આયુષ્યમાન ભારત યોજનાનો લાભ જમ્મુ-કાશ્મીરનાં તમામ લોકોને
- કુપોષણ દૂર કરવા માટે 22 રાજ્યોમાં 50થી વધુ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા. પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના અંતર્ગત ગર્ભવતી મહિલાઓને 6,000 રૂપિયાની સહાય. દર વર્ષે 51 લાખ મહિલાઓ લાભ લઈ રહી છે.

**આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારતા ચાર સેક્ટર પર ફોકસ**

| 01 | 02 | 03 | 04 |
|---|---|---|---|
| રોગોને રોકવા માટે સ્વચ્છતા પર ધ્યાન | ગરીબોને સસ્તી અને અસરકારક સારવાર મળે | ઇન્ફ્રા અને પ્રોફેશનલની ગુણવત્તામાં સુધારો થાય | સમસ્યાઓને દૂર કરવા માટે મિશન મોડમાં કામ |

**15**

નવી એઇમ્સ શરૂ કરવામાં આવી સમગ્ર દેશમાં, મેડિકલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે જમ્મુ કાશ્મીરમાં કલમ 370ની નાબૂદી બાદ બે એઇમ્સ અને નવ મેડિકલ કોલેજની ભેટ મળી

**2025**


સુધી ભારતમાંથી ટીબી નાબૂદીનું લક્ષ્ય

- 50,000થી વધુ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની શરૂઆત કરવામાં આવી દેશમાં કોરોનાકાળ દરમિયાન. 1.2 કરોડથી વધુ લોકો ટેલિમેડિસિન સેવાનો લાભ લઈ ચૂક્યા છે.
- 2014માં મેડિકલમાં 52,000 ગ્રેજ્યુએટ અને 30,000 પોસ્ટ ગ્રેજ્યુએટ સીટ હતી. હવે દેશમાં 85,000થી વધુ ગ્રેજ્યુએટ અને 46,000થી વધુ પોસ્ટ ગ્રેજ્યુએટ સીટ છે.
- 381 મેડિકલ કોલેજો ખોલવામાં આવી 1947થી 2014 દરમિયાન. 2014-2020 દરમિયાન 184 નવી મેડિકલ કોલેજ ખોલવામાં આવી.

ટ્રાન્સપોર્ટેશન અને સિરીંજની વ્યવસ્થા પહેલેથી તૈયાર હતી. રસી તૈયાર થઈ પછી સૌ પ્રથમ હેલ્થવર્કર્સને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. એ પછી ફ્રન્ટલાઇન વર્કર્સ અને પછી વડીલોને રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું.

**સારા આરોગ્ય માળખાને કારણે અભિયાન સરળ બન્યું**

ભારતે આરોગ્યકર્મીઓ, વૈજ્ઞાનિકો, ડોક્ટર, પેરામેડિકલ સ્ટાફ, આશા વર્કર્સ, આંગણવાડી વર્કર્સ, શિક્ષકનાં મજબૂત મનોબળનાં જોરે રસીકરણ મામલે ઇતિહાસ રચ્યો તેનું કારણ એ છે કે ભારતમાં આરોગ્ય માળખું સુધારવા છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગંભીર પ્રયત્નો થયા છે. ભારતમાં પહેલાં આરોગ્યને એટલી પ્રાથમિકતા નહોતી મળી, જેટલી જરૂર હતી. પણ, પ્રથમ વાર કોઇ કેન્દ્ર સરકારે આરોગ્યને પોતાના એજન્ડામાં રાખ્યું અને સામાન્ય બજેટમાં તેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી. જેથી લોકો સુધી સરળતાથી આરોગ્ય સુવિધા પહોંચાડી શકાય. દેશમાં 2014 પછી છ એઇમ્સ (ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ) સંપૂર્ણ રીતે કાર્યરત છે, તો વધુ 16 એઇમ્સનું નિર્માણ વિવિધ તબક્કામાં છે. આ જ રીતે આરોગ્ય સેવાને સુલભ બનાવવા માટે એમબીબીએસ સીટની સંખ્યામાં 53 ટકા અને પોસ્ટ ગ્રેજ્યુએશન સીટમાં 80 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપના, આયુષ વિભાગ દ્વારા રોગોનાં નિવારણના ઉપાયો વગેરે પહેલ થઈ. તેનું પરિણામ એ આવ્યું કે દેશનાં અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે, જે કોવિડ-19 સામે ભારતની લડાઈને મજબૂત બનાવી રહી છે. ભારત રસીકરણની ઝડપમાં વિક્રમો સ્થાપી રહ્યું છે તો તેનું કારણ આરોગ્ય માળખાને મજબૂત કરવા માટે સતત થઈ રહેલા પ્રયાસ છે. હવે ભારત કોઈ પણ મહામારી સામે લડવા માટે આરોગ્ય માળખાનું નવું તંત્ર તૈયાર કરવામાં વ્યસ્ત છે. રસીકરણની બાબતમાં ઓગસ્ટ અને સપ્ટેબર 'સુપર મહિના' બની ચૂક્યા છે. પણ આ ઝડપ અહીં પૂરી નથી થતી કારણ કે ભારતમાં રસીકરણની ગતિ એ સંકેત આપી રહી છે કે ભારતમાં આ વર્ષમાં જ દેશનાં તમામ લોકોને રસી આપવાની ક્ષમતા છે અને તે નિર્ધાર પૂરો કરવાની દિશામાં તે અગ્રેસર છે. ●



# “ભારતે રસીકરણમાં વિક્રમ સર્જ્યો, ટૂંક સમયમાં રસી ઉત્પાદનમાં વિશ્વનું સૌથી મોટું હબ બનશે ”

**વિશ્વમાં કદાચ પ્રથમ વાર એવું બન્યું કે કોઈ દેશમાં એક દિવસમાં 2.5 કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા હોય. કોવિડની બીજી લહેર દરમિયાન 18 વર્ષથી વધુની ઉંમરના લોકો માટે રસીકરણની શરૂઆત થઈ ત્યારે અનેક લોકોએ રસીની અછત હોવાની વાત કરી હતી. કેન્દ્ર સરકારે સમય જતાં આ અછત દૂર કરી એટલું જ નહીં, પણ ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમિયાન છથી વધુ વાર એક દિવસમાં એક કરોડ કે તેનાથી વધુ ડોઝ લગાવવામાં આવ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કુશળ નેતૃત્વનાં પરિણામે ભારતમાં વિશ્વનું સૌથી મોટું મફત રસીકરણ અભિયાન દરરોજ નવાં વિક્રમ સર્જી રહ્યું છે.** આ સંદર્ભમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ ન્યૂ ઈન્ડિયા સમાચારના સલાહકાર સંપાદક સંતોષકુમાર અને સહાયક સલાહકાર સંપાદક વિભોર શર્મા **સાથેની વાતચીતમાં જણાવ્યું, “અમે 93 કરોડ પુખ્ત ભારતીયોને રસી આપવાનું લક્ષ્ય પૂરું કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ, તો સાથે સાથે વેક્સિન મૈત્રી દ્વારા ભારત હવે વિશ્વનું સૌથી મોટું કોવિડ વેક્સિન પ્રોડક્શન હબ બનવા જઈ રહ્યું છે.”**

**Q કોવિડ સામેની લડાઈમાં વિશ્વની સૌથી મોટી રસીકરણ ઝૂંબેશમાં અત્યાર સુધીની કામગીરીને તમે કઈ રીતે જૂઓ છો?**

**A** એક દિવસમાં 2.5 કરોડ લોકોનું રસીકરણ! અગાઉ વિશ્વમાં ક્યાંય આવું થયું હોય તેવું તમે સાંભળ્યું છે? વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ભારતે લોકોને કોવિડ સામેનું સુરક્ષા કવચ પૂરું પાડીને આ વિક્રમ સર્જ્યો હતો. પણ તેનો અર્થ એ નથી કે રસીકરણની ઝડપ ઘટી ગઈ છે. 16 સપ્ટેમ્બરનાં રોજ અમે 66 લાખ લોકોને રસી આપી હતી. 18 સપ્ટેમ્બરનાં રોજ 88 લાખ લોકોને રસી આપવામાં આવી. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં છ વાર એવું બન્યું કે અમે એક દિવસમાં એક કરોડથી વધુ લોકોને રસી આપી હોય. અમારી દૈનિક સરેરાશ સતત જળવાઈ રહી છે. આજની તારીખે, અમે જેને પણ જરૂર હોય તે રાજ્યને રસી આપીએ છીએ.

> “ કોવિડ સામેની સુરક્ષામાં રસીકરણ સૌથી જરૂરી છે. જેમણે હજુ સુધી કોઈ કારણસર રસી નથી મૂકાવી તેમને હું વિનંતી કરવા માગું છું કે તમારા વ્યક્તિગત આરોગ્યની સાથે સાથે ઘરનાં કે આજુબાજુનાં લોકોની જવાબદારી પણ તમારી પર છે. એટલે રસી જરૂર મૂકાવો, જલ્દી મૂકાવો અને કોવિડ વિરુધ્ધ ભારતના અભિયાનમાં રસી લગાવીને તમારું યોગદાન આપો.
>
> મનસુખ માંડવિયા, **કેન્દ્રીય મંત્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

**Q સમગ્ર વિશ્વમાં નેતૃત્વની ક્ષમતા આજે એ વાત પરથી આંકવામાં આવે છે કે પોતાનાં નાગરિકોને કોણ કેટલી ઝડપથી અને સસ્તાં દરે કોવિડની રસી આપી રહ્યું છે. તમે આ અંગે શું માનો છો? ક્યાં સુધી દેશમાં રસીકરણ પૂરું થઈ જશે? કોઇ લક્ષ્ય છે?**

**A** સપ્ટેમ્બરના અંત સુધીમાં અમે લગભગ 89 કરોડ ડોઝ લગાવી ચૂક્યા છીએ. સમગ્ર દેશમાં રસી મેળવવાની પાત્રતા ધરાવતી કુલ વસતિના આશરે 70 ટકા લોકોને ઓછામાં ઓછો એક ડોઝ આપી દેવામાં આવ્યો છે. 25 ટકાથી વધુ લોકોને બંને ડોઝ આપી દેવામાં આવ્યા છે. તમે વિશ્વભરના દેશોમાં ચાલી રહેલા રસીકરણના આંકડા જોઈ લો. વિક્સિત દેશોમાં પણ 80 ટકાથી વધુ લોકોને પ્રથમ ડોઝ પણ આપવામાં આવ્યો નથી. અમેરિકામાં આશરે 64.5 ટકા વસતિને જ પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે, તો માત્ર 90 લાખની વસતિ ધરાવતા ઈઝરાયેલની 67 ટકા વસતિને જ પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. અમે ભારતની 93 કરોડ પુખ્ત વસતિને સંપૂર્ણપણે વેક્સિનેટ કરવાનું લક્ષ્ય રાખીને ઝડપથી આગળ વધી રહ્યા છીએ. વડાપ્રધાનના નેતૃત્વમાં ચાલી રહેલા 'સબકો વેક્સિન, મુફ્ત વેક્સિન અભિયાન' વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન છે. અમારું લક્ષ્ય એ છે કે શક્ય એટલું વહેલું રસીકરણ પુરું થાય. તેની કોઇ ચોક્કસ તારીખ ન કહી શકાય, કારણ કે તે નાગરિકો પર આધાર રાખે છે. જો કે, કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી થયેલાં પ્રયાસને કારણે લોકોમાં જાગૃતિ આવી છે. તેને જોતાં લાગે છે કે લોકો ઝડપથી રસીકરણ કરી રહ્યા છે.

**Q એક રસીના ઉત્પાદનમાં ઘણો લાંબો સમય લાગે છે. ભારતે આટલી જલ્દી સ્વદેશી રસી બનાવી લીધી, આ અંગે અનેક દેશોને આશ્ચર્ય પણ થયું. તમારી નજરમાં રસી ઉત્પાદનનો ઘટનાક્રમ કેવો રહ્યો?**

**A** આ માટે તમારે ભારતમાં કોવિડ રસીનો વિકાસ અને રસીકરણના સમગ્ર ઘટનાક્રમને સમજવો પડશે. સામાન્ય રીતે, કોઇ રસી બને છે ત્યારે તેને બનાવવાથી માંડીને ટ્રાયલ, રિઝલ્ટ એનાલિસિસ અને લોકો સુધી પહોંચાડવામાં 10 વર્ષનો સમય લાગી જાય છે. પણ વડાપ્રધાનની દીર્ઘદ્રષ્ટિનાં પરિણામે દેશમાં લોકડાઉન લાગુ પડ્યાના થોડાં દિવસોમાં જ જાહેર કરાયેલી ગરીબ કલ્યાણ યોજનાની સાથે સાથે વેક્સિન રિસર્ચ અને ઉત્પાદન માટે રૂ. 900 કરોડ ફાળવવામાં આવ્યા. ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીએ તેનાં પર કામ શરૂ કરી દીધું. મેડિસીન રિસર્ચ અને પ્રોડક્શન કંપનીઓને પૈસા આપવામાં આવ્યા. રિસર્ચમાં આઇસીએમઆરએ મદદ કરી. તેનાં પરિણામે સ્વદેશી કોવેક્સિનની શોધ થઈ. એસ્ટ્રાઝેનેકાનો સીરમ ઈન્સ્ટિટ્યૂટ સાથે કરાર હતો. તેમણે સીરમને કાચો માલ અને ટેકનોલોજી આપી ત્યારે કોવિશીલ્ડનું ઉત્પાદન થયું. વડાપ્રધાન પોતે દરેક બાબતની સમીક્ષા કરતા હતા. તેઓ પોતે દરેક કંપનીના પ્લાન્ટની મુલાકાતે ગયા અને વૈજ્ઞાનિકોનું મનોબળ વધાર્યું. એ વખતે વડાપ્રધાને દીર્ઘદ્રષ્ટિ ન દર્શાવી હોત તો આજે આપણે પ્રતિ ડોઝ 10થી 20 ડોલરનાં ભાવે બીજી કંપનીઓ પાસેથી રસીની આયાત કરતાં હોત. આપણે વિશ્વાસ દર્શાવ્યો, આપણા વૈજ્ઞાનિકો, આપણી કંપનીઓએ સમયસર રસી આપી અને તે પણ વિશ્વની સૌથી સસ્તી રસી.

**Q&A**

**રસી અને રસીકરણની સાથે એક મહત્વપૂર્ણ મુદ્દો હોય છે લોજિસ્ટીક સપોર્ટનો. એટલે કે લેબમાં બનતી રસીને લોકો સુધી પહોંચાડનારી સમગ્ર ચેઈન જે અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે. કહેવાય છે કે ભારતે રસી બનતાં પહેલાં જ આ તમામ પ્રક્રિયા પૂરી કરી લીધી હતી?**

આ વાત ખુબ મહત્વની છે. આ માટે ઊર્જા બહુ જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારની આ જ વિશેષતા છે. લોજિસ્ટીક્સ, સમયસર રાજ્યોમાં રસી પહોંચાડવી, કોલ્ડચેઈન મેઈન્ટેન કરવી, તેનાં પર દેખરેખ રાખવી વગેરે તબક્કાનો અભ્યાસ રસીકરણ શરૂ થતાં પહેલાં જ કરી લેવામાં આવ્યો હતો. કયા વયજૂથને ક્યારે રસી મૂકવાની છે, રસી કઈ રીતે પહોંચાડવાની છે આ બધી બાબતોની તૈયારી કરી લેવામાં આવી હતી. એટલે જ તમે ક્યારેય નહીં સાંભળ્યું હોય કે કોલ્ડચેઈન મેનેજમેન્ટ ન હોવાને કારણે એક પણ રસીનું નુકસાન થયું હોય. એરપોર્ટ પરથી તેનું વિતરણ કરવું, વિતરણ દ્વારા 1,10,000 રસીકરણ કેન્દ્રો સુધી પહોંચાડવી એ તમામ પડકારો માટે અમે પહેલેથી તૈયાર હતા અને એટલાં માટે આટલી સરળતાથી કાર્યક્રમ ચાલી રહ્યો છે.

**Q બીજી લહેર દરમિયાન 1મેથી 18 વર્ષથી ઉપરની વયના તમામ લોકોનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું તો અનેક લોકોએ રસીની અછતનો મુદ્દો ઉઠાવ્યો. આજે એક દિવસમાં એક કરોડથી વધુ લોકોને રસી આપવામાં આવી રહી છે. આ અછત કઈ રીતે પૂરી કરી?**

**A** હું એપ્રિલમાં રસીકરણ માટે નવી દિલ્હીની રામમનોહર લોહિયા હોસ્પિટલ ગયો ત્યારે ત્યાં રસી લેનારું કોઈ નહોતું. દેશની પાસે રસી હતી. અહીં દરેક વાતમાં રાજકારણ થાય છે. કેટલાંકે કહ્યું, આ તો મોદી વેક્સિન છે, શા મટે લગાવીએ? વડાપ્રધાન પોતે કેમ રસી નથી લગાવતા? જ્યારે વડાપ્રધાને રસી લગાવી તો તેઓ એવું પૂછવા લાગ્યા કે એમણે કેમ લગાવી? અહીં આ બધું ચાલતું હતું. આ સ્થિતિમાં ભારતમાં




Q&A

**ટેકનોલોજી અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અભિગમ બહુ સ્પષ્ટ રહ્યો છે. તેઓ પોતાની તમામ યોજનાઓમાં ટેકનોલોજીને બહુ મહત્વ આપે છે. સમગ્ર વિશ્વમાં જેની પ્રશંસા થઈ રહી છે તે રસીકરણ અભિયાન અને કોવિન પ્લેટફોર્મને તમે કઈ રીતે જૂઓ છો?**

ટેકનોલોજીનો સપોર્ટ તો દરેક જગ્યાએ મળ્યો જ છે. કોવિનથી જે મદદ મળી તે ખરેખર પ્રશંસનીય છે. તમે જ કહો, એક દિવસમાં અઢી કરોડ ડોઝ આપવામાં આવ્યા. કોવિન ન હોત તો કઈ રીતે હિસાબ રાખત. તમારે વેક્સિન સર્ટિફિકેટ જોઈતું હોય તો કઈ રીતે આપત. એરપોર્ટ પર સલામતી કર્મચારી માગે તો તમે તરત મોબાઈલ એપ પરથી તરત બતાવી શકો. તમે એક ડોઝ લગાવી દો પછી બીજા ડોઝ માટે મેસેજ આવી જાય છે. આ ટેકનોલોજીની કમાલ છે.

અચાનક બીજી લહેર આવી. બીજી લહેર આવી એટલે લોકોને રસીકરણનું મહત્વ સમજાયું. રસીકરણ કેન્દ્રો પર ભીડ ભેગી થવા માંડી. એ સમયે રસીકરણ મહત્વપૂર્ણ મુદ્દો બની ગયો. આપણને રસી તો મળી જ ચૂકી હતી. હવે તેનું ઉત્પાદન વધારવાની જરૂર હતી. આ સ્થિતિમાં હું પોતે ચાર દિવસ માટે કંપનીઓની મુલાકાતે ગયો અને તેમની જરૂરિયાત સહિતની માહિતી મેળવી. એ પછી, જેમને જે વસ્તુઓની જરૂર હતી તેમને એ બધી વસ્તુઓ પૂરી પાડી. જેમ કે ભારત બાયોટેક પાસે એક કરોડની ક્ષમતા હતી તો અમે બીજા ઉત્પાદકો સાથે જોડાણ કરવામાં મદદ કરી. આને કારણે ઉત્પાદન ઝડપથી વધ્યું. આ પ્રક્રિયાને પરિણામે સપ્ટેમ્બરમાં અમને 23.51 કરોડ ડોઝ મળ્યા. ઓક્ટોબરમાં 29 કરોડ ડોઝ મળવાની ધારણા છે, જેમાંથી 22 કરોડ ડોઝ સીરમ આપશે અને 6 કરોડ ડોઝ ભારત બાયોટેક આપશે, જ્યારે એક કરોડ ડોઝ ઝાયડસ કેડિલા આપશે. આ ગણતરીએ અમે દરરોજ એક કરોડ ડોઝ લગાવી શકીશું. હું તમને વિશ્વાસપૂર્વક કહું છું કે આગામી દિવસોમાં ભારત રસી નિકાસની બાબતમાં વિશ્વનું મોટું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ભારત રસીના નિકાસ બજારમાં આવશે ત્યારે આ બજારમાં આપણે સૌથી ઉપરનાં ક્રમમાં હોઈશું, કારણ કે આપણી રસી અઢી ડોલરની હશે જ્યારે બીજી કંપનીઓની રસી 10-20 ડોલરની. અમે વેક્સિની મૈત્રીની સાથે સાથે વેક્સિન નિકાસ શરૂ કરી રહ્યા છીએ. નવેમ્બર-ડિસેમ્બરમાં અમે હજુ વધુ રસીની નિકાસ કરી શકીશું.

**Q કોવિડનો સામનો કરવામાં અને રસી બનાવવાની પ્રક્રિયામાં ભારતની પ્રશંસાને તમે કઈ રીતે જૂઓ છો?**

**A** ભારતની પ્રશંસાના ત્રણ કારણ છે. પ્રથમ-રસી ઉત્પાદન સમયે વડાપ્રધાન દ્વારા મોનિટરીંગ, બીજું-ભારતે તેનાં વૈજ્ઞાનિકો પર ભરોસો મૂક્યો અને ત્રીજું-આપણી કંપનીઓ પર સરકારે ભરોસો મૂક્યો. આપણી કંપનીઓએ મોટા પાયે રસી આપી. મને આશા છે કે આપણને દર મહિને 40 કરોડ ડોઝ મળશે. અમે ત્યાં સુધી પહોંચી જઈશું. આજે વિશ્વમાં સંકટ છે. અનેક કંપનીઓ છે, પણ તેનું ઉત્પાદન મર્યાદિત છે. સીરમ કંપની એકલી દર મહિને 22 કરોડ ડોઝ આપી રહી છે. કોવેક્સિન તેનું ઉત્પાદન વધારી રહી છે. વિશ્વને કોવિડ રસીની જરૂર છે એટલે ભારતની પ્રશંસા થઈ રહી છે.

> "રસીને મંજૂરી પહેલાં તમામ લોજિસ્ટીક્સ, કોલ્ડચેઇન સહિતની તૈયારીઓ હોય કે રસી ઉત્પાદન માટે આપણી કંપનીઓને જરૂરી મદદ હોય, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે દરેક કામ પર ઝીણવટભર્યું નીરિક્ષણ કર્યું છે. આ કારણસર જ રસીકરણની બાબતમાં ભારતની એવરેજ અનેક દેશો કરતા સારી છે.

**Q બાળકોનાં રસીકરણ પર અનેક ટ્રાયલ ચાલી રહી છે. તેની શી તૈયારી ચાલી રહી છે?**

**A** દેશની એક કંપનીએ બાળકોની રસીનું ઉત્પાદન શરૂ કરી દીધું છે. બે વર્ષથી ઉપરનાં બાળકો માટે કોવેક્સિનની ટ્રાયલ ચાલી રહી છે. નોવાવેક્સની ટ્રાયલ પણ ચાલી રહી છે. એ પછી નિષ્ણાતોની સલાહ પ્રમાણે અમે નિર્ણય લઈ શકીશું. સૌ પ્રથમ સૌથી વધુ ઉંમરના બાળકો, પછી ઘટતા ક્રમમાં




ઉમરના હિસાબે બાળકોનું રસીકરણ થશે.

**Q પ્રથમ લહેરમાં ભારતે વિશ્વ માટે ફાર્મસીની ભૂમિકા નિભાવી. દરેક વૈશ્વિક મંચ પરથી તેની પ્રશંસા પણ થઈ. પણ બીજી લહેરમાં વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે દવાઓની તાતી જરૂર હતી ત્યારે કઈ રીતે અછતને દૂર કરવામાં આવી?**

A જ્યારે પ્રથમ લહેર આવી ત્યારે દેશમાં આપણી સામે બે સ્થિતી હતી.એક-દુનિયા પાસે એ સમયે દવા નહોતી, કારણ કે અચાનક આ લહેર આવી. અનેક દેશો પાસે 10-15 દિવસ સુધી પેરાસિટેમોલ જેવી દવા પણ નહોતી. આ સ્થિતિમાં વિશ્વને પણ દવા પહોંચાડવાની હતી અને આપણા દેશમાં પણ દવા પહોંચાડવાની હતી. ભારતમાં લોકડાઉન ચાલતું હતું. લોકડાઉન દરમિયાન તમામ ફાર્મા કંપનીઓને ચાલુ રખાઈ, કર્મચારીઓને લોકડાઉન પાસ આપવામાં આવ્યા, જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલન રાખવામાં આવ્યું જેથી તે ઉત્પાદન કરી શકે. આ બધાં વચ્ચે આપણે ઉત્પાદન કર્યું જેથી દેશમાં દવાની જરૂરિયાતને પહોંચી વળાય. દેશની જરૂરિયાત ઉપરાંત વધારાનું ઉત્પાદન અમે 123 દેશોમાં મોકલ્યું. તેમાંથી 64 દેશોએ મોદીજીનો આભાર માનતું ટ્વિટ કર્યું, કોઇએ ખાસ ફોન કર્યો તો કોઇએ પત્ર મોકલ્યો.

જ્યારે બીજી લહેર આવી અને આપણા દેશમાં ઝડપથી કેસ વધવા લાગ્યા ત્યારે રેમડેસિવિર ઈન્જેક્શનની માગ વધી અને તે સમયે રેમડેસિવિર ઈન્જેક્શનનું ઉત્પાદન કરનારી સાત કંપનીઓને લાઈસન્સ આપવામાં આવ્યું. સાત કંપનીઓની કુલ પ્રતિ દિન ક્ષમતા 25થી 30,000 હતી અને કુલ મળીને 20 પ્લાન્ટ હતા. આ બધાંની સાથે સંકલન કરીને એક મહિનામાં 15 મે સુધી અમે 30,000ને 3.25 લાખ પર લઈ આવ્યા. રાતો રાત નવા પ્લાન્ટને મંજૂરી આપવામાં આવી અને 64 પ્લાન્ટને ચાલુ કરાવ્યા. તમામ કંપનીઓને કાચો માલ પહોંચાડ્યો. દેશમાં થોડાં સમય માટે

> “ પહેલી લહેરથી બીજી લહેર સુધી, દરેક તબક્કે અમે શક્ય તૈયારીઓ પૂરી કરી છે. દવાઓથી માંડીને રસીકરણ સુધીના આંકડાઓ તેની સાબિતી છે.

રેમડેસિવિર ઈન્જેક્શનની અછત એટલા માટે થઈ કે લોકોએ તેની સંગ્રહખોરી શરૂ કરી હતી. તેમ છતાં, દરેક જરૂરિયાતમંદ સુધી ઈન્જેક્શન પહોંચે તેની સંપૂર્ણ પ્રક્રિયા તૈયાર કરવામાં આવી. એ પછી કોવિડ સંક્રમણથી અસરગ્રસ્ત લોકોએ અનેક દવાઓ ખધી. રોગપ્રતિકારક શક્તિ ઘટી ગઈ તો બ્લેક ફંગસના કેસો વધી ગયા. આ માટે એમ્ફોટેરિસીન-બી ઈન્જેક્શનની જરૂર હતી. પહેલાં ભારતમાં દર વર્ષે બ્લેક ફંગસના 4-5,000 કેસ થતા હતા પણ એ સમયે સપ્તાહમાં 5,000 કેસ આવવા માંડ્યા, આપણે ત્યાં તેની દવા ઉપલબ્ધ નહોતી અને ફોર્મ્યુલા પણ નહોતી. એક દર્દીને 50થી 150 ઈન્જેક્શનની જરૂર પડે છે. એક ઈન્જેક્શનની કિંમત રૂ, 6-7,000 હતી. ભારતમાં ત્રણ કંપની તેનું ઉત્પાદન કરતી હતી. પછી અમે પાંચ અન્ય કંપનીઓને લાઈસન્સ આપ્યા. જેને બનાવવી હોય તે બનાવો. કારણ કે તે કોઇ પેટન્ટવાલી દવા નહોતી. બનાવવા માટે કાચો માલ બહારથી લાવવાનો હતો અને આ પ્રક્રિયામાં 25 દિવસનો સમય લાગ્યો. આ પ્રક્રિયા પૂરી કરાવવામાં આવી. અમે વિવિધ દેશોને વિનંતી કરી કે અમને એમ્ફોટેરીસિન આપો. વિશ્વમાં જ્યાં પણ આ ઈન્જેક્શન મળતા હતા ત્યાંથી 12 લાખ ઈન્જેક્શન ભારતમાં લાવવામાં આવ્યા. એ સમયે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે પ્રથમ લહેરમાં ભારતે અમને જે મદદ કરી હતી તેને અમે નહીં ભૂલીએ અને બીજી લહેરમાં ભારતની સંપૂર્ણ મદદ કરીશું. બીજી ઘણી દવાઓની જરૂર પડતાં અમે ગમે તેમ કરીને મગાવી અને લોકો સુધી પહોંચાડી. અમે પરિસ્થિતિનું સતત મોનિટરીંગ કરતા હતા. ●




## આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન

# ભારતનું નવું આરોગ્ય મોડલ

**આજે મોટાં ભાગના ભારતીયોને અનાજ, મફતમાં સારવાર, સસ્તા ભાવે દવાઓ સરળતાથી મળી રહી છે, તેનું કારણ આધુનિક ટેકનોલોજી દ્વારા સાત વર્ષથી સતત થઈ રહેલા સુધારા છે. આ શ્રૃંખલામાં હવે વડાપ્રધાન મોદીએ આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનની શરૂઆત કરી છે જે દેશની આરોગ્ય સુવિધાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે, દર્દીઓ અને આરોગ્યકર્મીઓનું જીવન સરળ બનાવવા માટે આરોગ્ય સંગ્રહની જેમ કામ કરશે અને નવા ભારતનું નવું આરોગ્ય મોડલ બનશે.**

એકીકૃત વ્યવસ્થા દ્વારા સામાન્ય માણસને સહજ અને સુલભ સુવિધા પહોંચાડવી એ વર્તમાન કેન્દ્ર સરકારની નીતિનો મહત્વપૂર્ણ હિસ્સો છે. ગુણવત્તાયુક્ત ઉપચારની સાથે સાથે મહિલાઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે આયુષ્યમાન ભારત-પીએમ જય યોજના સતત કાર્યરત છે. તેનાં પરિણામે આ યોજના અંતર્ગત બે કરોડથી વધુ ગરીબો અને મધ્યમવર્ગે મફતમાં સારવારનો લાભ ઉઠાવ્યો છે, જેમાં અડધી સંખ્યા મહિલાઓની છે. તમામને ઉત્તમ સારવાર મળે, સમાન રીતે મળે તે દિશામાં કેન્દ્ર સરકારે હવે આયુષ્યમાન ભારત-ડિજિટલ મિશન દ્વારા ક્રાંતિકારી પહેલ કરી છે. આ એક એવું આરોગ્ય મોડલ છે, જેનો હેતુ સમાવેશી આરોગ્ય સેવા પૂરી પાડવાનો અને બિમારીઓથી બચાવ પર ભાર મૂકવાનો છે. આ મિશનમાં પ્રત્યેક નાગરિકને ડિજિટલ હેલ્થ આઈડી આપવામાં આવશે, જે તેના આરોગ્ય ખાતા તરીકે કામ કરશે. આ આઈડીમાં વ્યક્તિના આરોગ્યના રેકોર્ડને ડિજિટલ રીતે જોડવામાં આવશે. આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન દ્વારા દેશમાં આરોગ્યની સ્થિતિ બદલાવાની સાથે સાથે સામાન્ય નાગરિકોને ટેકનોલોજી સાથે આરોગ્ય સુવિધા મળશે.

વડાપ્રધાને 15 ઓગસ્ટ, 2020નાં રોજ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય અભિયાનના પાયલટ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી, જે પ્રારંભિક તબક્કામાં છ કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરવામાં આવશે. પણ હવે આ યોજના રાષ્ટ્રીય સ્તરે શરૂ કરવામાં આવી છે. જન ધન, આધાર અને મોબાઈલ ત્રિપુટી (GEM) અને સરકારની અન્ય ડિજિટલ પહેલનાં રૂપમાં તૈયાર માળખાના આધાર પર ડિજિટલ આરોગ્ય મિશનમાં આરોગ્ય સેવા સાથે સંકળાયેલા તમામ લોકોને એક પ્લેટફોર્મ પર લાવવામાં આવશે.

### સારવારની ફાઈલ સાથે રાખવામાંથી મુક્તિ

નવી હોસ્પિટલ અથવા નવા શહેરમાં દર્દી જાય ત્યારે તેને નવેસરથી ટેસ્ટિંગ સહિતની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તેનાથી દર્દી અને

ડોક્ટરનો સમય બગડે છે એટલું જ નહીં પણ મેડીકલ રેકોર્ડના અભાવે યોગ્ય સારવાર મળવામાં પણ વિલંબ થાય છે. પણ આ નવા મિશનને કારણે આ મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે, કારણ કે હવે દર્દીઓનો તમામ રેકોર્ડ ડિજિટલ સ્વરૂપમાં રાખવામાં આવશે. આ મિશન આરોગ્ય સેવા સાથે સંકળાયેલા તમામ હિતધારકોને એક સાથે એક જ પ્લેટફોર્મ પર લાવશે. આ મિશનનો સૌથી વધુ લાભ દેશના ગરીબો અને મધ્યમવર્ગને થશે. એક સુવિધા એ પણ થશે કે દર્દીને દેશમાં કોઇ પણ સ્થળે એવા ડોક્ટર શોધવામાં સરળતા રહેશે, જે તેની ભાષાને સમજે અને તેની બિમારીનો ઉત્તમ ઉપચાર કરવાનો અનુભવ ધરાવતા હોય. આ સુવિધાને કારણે સારા ટેસ્ટ માટે લેબ અને દવાની દુકાનો પણ સરળતાથી શોધી શકાશે.

### આરોગ્ય સુવિધાનો વધતો જતો આધાર

દેશની આરોગ્ય સુવિધાઓને મજબૂત કરવા માટે જે અભિયાન ચાલી રહ્યું છે તે આ નવા મિશનને કારણે એક નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે. ભારતની આરોગ્ય સુવિધાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં આ મિશન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રૂ. પાંચ લાખ સુધીની મફત સારવાર આપનારી આયુષ્યમાન ભારત યોજનાનો આ આગામી તબક્કો છે. ત્રણ વર્ષ પહેલાં અંત્યોદયના પ્રણેતા પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જયંતી પ્રસંગે આ યોજના શરૂ કરવામાં આવી હતી. દેશમાં આરોગ્ય ક્ષેત્રે માળખાકીય વિકાસ અને સારી સારવાર પૂરી પાડવા માટે નવી આરોગ્ય નીતિ બનાવવામાં આવી. આજે દેશમાં એઈમ્સ જેવી વિશાળ અને આધુનિક આરોગ્ય સેવાઓનું નેટવર્ક પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. દર ત્રણ લોકસભા વિસ્તાર દીઠ એક મેડીકલ કોલેજનું નિર્માણ પ્રગતિમાં છે. આજે ગામ અને ઘરની પાસે પ્રાથમિક આરોગ્ય સંલગ્ન નેટવર્કને 'હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ' દ્વારા મજબૂત કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં 80,000 કેન્દ્રો ચાલુ થઈ ચૂક્યા છે. અને હવે આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન હોસ્પિટલોમાં પ્રક્રિયાઓને સરળ બનાવવાની સાથે ઇઝ ઓફ લિવિંગ પણ વધારશે. હાલમાં હોસ્પિટલોમાં જે ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, તે માત્ર એક હોસ્પિટલ કે એક ગ્રૂપ પૂરતો મર્યાદિત હોય છે. આરોગ્ય ક્ષેત્રમાં પીએલઆઈ યોજના આત્મનિર્ભર ભારતના નિર્માણના સંકલ્પને મજબૂત કરી રહી છે.

### ટેકનોલોજી દ્વારા ભવિષ્ય માટે પણ ભારત તૈયાર થઈ રહ્યું છે

ભારતમાં જે રીતે ટેકનોલોજીને સુશાસન અને તેમાં સુધારાનો આધાર બનાવવામાં આવી રહ્યો છે તેનાથી નાગરિકો સશક્ત બની રહ્યા છે. ડિજિટલ ઈન્ડિયા અભિયાને ભારતના સામાન્ય લોકોને ડિજિટલ ટેકનોલોજીથી જોડીને દેશની તાકાતને અનેક ગણી વધારી દીધી છે. આજે દેશમાં 130 કરોડ આધાર નંબર, 118 કરોડ મોબાઈલ સબસ્ક્રાઈબર્સ, 80 કરોડ ઈન્ટરનેટ યુઝર્સ, આશરે 43 કરોડ જનધન બેન્ક ખાતા છે. આટલું મોટું કનેક્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશ્વમાં બીજાં કોઇ દેશમાં નથી. ભારતમાં સરકારી રેશનની સુવિધા હોય કે વહીવટી કામકાજ માટે ટેકનોલોજીનો ઉપયોગ, સામાન્ય ભારતીય પણ તે અનુભવી રહ્યો છે. યુપીઆઈનાં માધ્યમથી કોઇ પણ સ્થળે કોઇ પણ સમયે ડિજિટલ લેવડદેવડમાં ભારત વિશ્વમાં તેની ઓળખ ઊભું કરી રહ્યું છે. આ જ રીતે, 'સબ કો વેક્સિન, મુફ્ત વેક્સિન' અભિયાન અંતર્ગત ભારતે આ લખાય છે ત્યાં સુધી 92 કરોડથી વધુ ડોઝ લગાવી દીધા છે. આ રેકોર્ડમાં કોવિન ડિજિટલ પ્લેટફોર્મની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આઝાદીના અમૃતકાળમાં સ્વસ્થ ભારતનો માર્ગ ભારતના મોટાં સંકલ્પોને સિધ્ધ કરવા અને મોટાં સપનાને સાકાર કરવા માટે ખૂબ જરૂરી છે. આ માટે બધાંએ સાથે મળીને પોતાનાં પ્રયાસ ચાલુ રાખવા પડશે અને મેડિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ વ્યક્તિ, ડોક્ટર, પેરામેડિકલ, મેડિકલ સંસ્થાઓએ આ નવી વ્યવસ્થાને ઝડપથી અપનાવવી પડશે. ●

## સુવિધા અને લાભ

- આધુનિક હેલ્થકેર સિસ્ટમ દ્વારા નાગરિકોનું સશક્તિકરણ. નાગરિકો અને આરોગ્યકર્મીઓના આરોગ્ય રેકોર્ડ સુધી સરળતાથી પહોંચ
- ખાનગી આરોગ્ય સેવા ક્ષેત્ર તેની ભાગીદાર હશે. હેલ્થકેર પ્રોવાઈડર્સ સરળતાથી ઉપલબ્ધ થશે અને જવાબદેહિતા વધશે
- આરોગ્ય આઈડીઃ કોઇ વ્યક્તિનો આરોગ્યનો રેકોર્ડ રાખવા માટે મોબાઇલ અને આધાર નંબર સાથે જોડાયેલું એક વિશિષ્ટ ઓળખપત્ર
- હેલ્થકેર પ્રોફેશનલ્સ રજીસ્ટ્રીઃ રજીસ્ટર્ડ નર્સ, ડોક્ટર્સ, પેરામેડિકલની યોગ્યતા, અનુભવ અને અન્ય માહિતીનો રેકોર્ડ
- આરોગ્ય સુવિધા રજીસ્ટ્રીઃ દેશમાં ઉપલબ્ધ સરકારી અને ખાનગી આરોગ્ય સુવિધાઓની માહિતી
- વ્યક્તિગત આરોગ્ય રેકોર્ડ એપ્લિકેશનઃ આરોગ્ય સેતુ એપ સાથે સંકળાયેલી કોઇ પણ વ્યક્તિનો સેલ્ફ મેનેજ્ડ હેલ્થ રેકોર્ડ
- લોકોની સુવિધા માટે ડોક્ટરો અને આરોગ્ય સેવાઓને સુલભ બનાવવામાં આવશે.
- આ સ્કીમ અંતરિયાળ અને શહેરી વિસ્તારોના લોકોને મદદ કરશે. પાયાના સ્તરે કિફાયતી દરે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.
- માહિતીની ગુપ્તતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે.

**ડિજિટલ આરોગ્ય મિશન અંગે વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**

કેબિનેટના નિર્ણયો

# ઓટોમોબાઈલ અને ડ્રોન ઉદ્યોગને પ્રોત્સાહનઃ બાળકોનાં પોષણ માટે વિશેષ પહેલ


**ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ્સ (PLI) સ્કીમ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આ માટે, આ વર્ષના સામાન્ય બજેટમાં 13 સેક્ટર્સ નક્કી કરીને રૂ. 1.97 લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ તમામ સેક્ટર મળીને આગામી પાંચ વર્ષમાં આશરે રૂ.37.5 લાખ કરોડનું વધારાનું ઉત્પાદન અને એક કરોડ વધારાની રોજગારીનું સર્જન કરશે. કેન્દ્ર સરકાર બાળકોને પૂરતા પ્રમાણમાં પોષણ પુરું પાડવા માટે પણ સક્રિય છે. કેન્દ્રીય મંત્રીમંડળે ઓટોમોબાઈલ ઉદ્યોગ અને ડ્રોન ઉદ્યોગ માટે પીએલઆઈની જાહેરાત કરી, તો બાળકોના સંપૂર્ણ પોષણ માટે શાળામાં પીએમ પોષણ યોજનાને પાંચ વર્ષ માટે ચાલુ રાખવાની મંજૂરી આપી.**



- **નિર્ણયઃ આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવા માટે ઓટોમોબાઈલ અને ડ્રોન ઉદ્યોગ માટે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ**
- અસરઃ તેનાથી ઓટો અને ડ્રોન ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. સાથે સાથે, આધુનિક, કાર્યક્ષમ અને પર્યાવરણ અનુકુળ ઓટોમોટિવ ટેકનોલોજીને પ્રોત્સાહન મળશે. આગામી પાંચ વર્ષમાં રૂ. 26,058 કરોડનું પ્રોત્સાહ આપવામાં આવશે.
- ઓટો સેક્ટર માટે ગ્રીન સિગ્નલ મળવાથી ભારતમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતા આધુનિક ઓટોમોટિવ ટેકનોલોજી ઉત્પાદનોને પ્રોત્સાહન મળશે.
- 7.6 લાખથી વધુ લોકો માટે રોજગારીની વધારાની તકો પેદા થશે. પાંચ વર્ષોમાં રૂ. 42,500 કરોડથી વધુનું નવું રોકાણ અને રૂ. 2.3 લાખ કરોડનું વૃધ્ધિગત ઉત્પાદન થશે.
- ઇલેક્ટ્રિક વાહનો અને હાઇડ્રોજન ઇંધણ સેલ વાહનોને પ્રોત્સાહન મળશે. સ્વચ્છ ભારતને પ્રોત્સાહનની સાથે ભારતની ઉત્પાદન ક્ષમતાઓનું વિસ્તરણ થશે. વૈશ્વિક ઓટોમોટિવ વેપારમાં ભારતની હિસ્સેદારીમાં વૃધ્ધિ થશે.
- ઓટોમોટિવ સેક્ટર માટેની પીએલઆઇ સ્કીમ અને અગાઉ લોંચ કરવામાં આવેલી 'એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ' (ACC) ( રૂ.18,100 કરોડ) અને 'ફાસ્ટર એડોપ્શન ઓફ મેન્યુફેક્ચરિંગ ઇલેક્ટ્રિક વ્હિકલ્સ' (FAME) (રૂ.10,000 કરોડ) ને કારણે ભારત પરંપરાગત જીવાશ્મ ઇંધણ આધારિત ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમમાંથી હરળફાળ કૂદકો લગાવશે.
- ડ્રોન ઉદ્યોગને પ્રોત્સાહન અને અત્યાધુનિક ટેકનોલોજીને આ રીતે પ્રોત્સાહન મળશેઃ
- આગામી ત્રણ વર્ષમાં રૂ. 5,000 કરોડથી વધુનું રોકાણ આવશે. રૂ. 15,000 કરોડથી વધુનું વૃધ્ધિશીલ ઉત્પાદન થશે. 10,000થી વધુ લોકોને રોજગારી મળશે.
- **નિર્ણયઃ રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂતીકરણની દિશામાં નીમચ-રતલામ અને રાજકોટ-કાનાલૂસ રેલવે લાઇનનાં ડબલીકરણને મંજૂરી**
- અસરઃ આ પ્રોજેક્ટને આગામી ચાર વર્ષમાં પૂરો કરવામાં આવશે. આનાથી ગુજરાત અને મધ્યપ્રદેશમાં પ્રવાસીઓની અવરજવર અને માલની હેરફેર સરળ બની શકશે. આ ઉપરાંત, કનેક્ટિવિટી, પર્યટન અને સામાજિક-આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે.
- **નિર્ણયઃ બાળકોને સંપર્ણ પોષણ પુરું પાડવા માટે મહત્વનો નિર્ણય લઈને શાળાઓમાં આગામી પાંચ વર્ષ માટે પીએમ પોષણ યોજનાને ચાલુ રાખવા મંજૂરી.**
- અસરઃ કુપોષણ સામે લડવા માટે શક્ય તમામ પ્રયાસ કરવા માટે પ્રતિબધ્ધ કેન્દ્ર સરકારે શાળાઓમાં મધ્યાહન ભોજન માટે ચાલી રહેલી રાષ્ટ્રીય યોજનાનું નામ બદલીને પ્રધાનમંત્રી-પોષણ શક્તિ નિર્માણ યોજના કર્યું છે.
- આ પાંચ વર્ષની મુદત માટે કુલ રૂ. 1.3 લાખ કરોડનું બજેટ હશે. આ અંતર્ગત દેશભરની સરકારી અને સરકારી અનુદાન મેળવતી 11.20 લાખ શાળાઓના 11.80 કરોડ બાળકોને આવરી લેવામાં આવશે. કેન્દ્ર સરકાર તેમાં અનાજ પર રૂ. 45,000 કરોડનું વધારાનો ખર્ચ ભોગવશે. લગભગ ત્રણ લાખથી વધુ શાળાઓમાં પોષણ ઉદ્યાન પહેલેથી જ વિક્સાવવામાં આવ્યા છે. પીએમ પોષણના અમલમાં એફપીઓ અને મહિલા સ્વસહાય જૂથોને પણ આવરી લેવામાં આવશે. ●

# ભારતની પ્રગતિમાં વિશ્વની પ્રગતિ

**વિશ્વના દરેક આંતરરાષ્ટ્રીય મંચ પર આજે આત્મવિશ્વાસથી ભરપૂર ભારતની ગુંજ સંભળાઈ રહી છે. કોવિડ બાદ વિશ્વની બદલાયેલી પરિસ્થિતિમાં વિશ્વ હવે ભારતને એક નવી આશા ભરી નજરે જોઈ રહ્યું છે, તો 130 કરોડ દેશવાસીઓ આ આશાને ચરિતાર્થ કરવાનો સંકલ્પ ધરાવે છે. સપ્ટેમ્બરમાં વડાપ્રધાને 65 કલાકના અમેરિકા પ્રવાસ દરમિયાન 24 બેઠકો કરી, તો સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી પણ વિશ્વને અહેસાસ કરાવ્યો કે વિશ્વની પ્રગતિ ભારતની પ્રગતિમાં સમાયેલી છે અને આ સંદેશા સાથે તેમણે યુએન જેવી વૈશ્વિક સંસ્થામાં પરિવર્તન પર પણ ભાર મુક્યો.**



સંયુક્ત રાષ્ટ્રમાં વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

"નિર્ધાર છે, તો મારો દેશ અમર છે. વિશ્વ યાદ કરે તો મારા દેશને યાદ કરે, મારા દેશના ભવિષ્યને જૂએ, મારા દેશ માટે વિશ્વ ગર્વથી કહે કે એક એવો દેશ છે જે માનવ કલ્યાણનો રસ્તો બતાવી શકે છે. વિશ્વને સમસ્યાઓમાંથી બહાર લાવવાનું સામર્થ્ય આ દેશની ધરતીમાં છે." વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ માત્ર શબ્દો નથી,

## ભારત-અમેરિકા દ્વિપક્ષીય બેઠક

# હિન્દ-પ્રશાંત અને વેપાર સહિત અનેક જરૂરી મુદ્દા પર વાત

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઇડેને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાતચીતની આગેવાની કરી. વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાનાં જણાવ્યા અનુસાર ઓવલ ઓફિસમાં બંને નેતાઓની મુલાકાત 60 મિનિટની જગ્યાએ 90 મિનિટથી વધુ સમય ચાલી. રાષ્ટ્રપતિ બાઇડેને સંરક્ષણ સંબંધોને મજબૂતી આપવા પર અને એક મહત્વના સંરક્ષણ ભાગીદાર તરીકે ભારત પ્રત્યે અતૂટ પ્રતિબધ્ધતાની પુષ્ટિ કરી.**



### વડાપ્રધાન મોદીએ કહ્યું

- પદ સંભાળ્યા બાદ તમે કોવિડ, જળવાયુ પરિવર્તન અને ક્વાડ જેવા મુદ્દાઓ પર ધ્યાન આપ્યું.
- મહાત્મા ગાંધી હંમેશા કહેતા હતા કે આપણે આ ગ્રહના ટ્રસ્ટી છીએ. આ ભાવના જ ભારત-અમેરિકા વચ્ચના સંબંધો મજબૂત કરશે.
- ભારત-અમેરિકા વચ્ચે વેપારનું પોતાનું મહત્વ છે. આ દાયકામાં આપણે એક બીજાને વેપારના ક્ષેત્રમાં મદદ કરી શકીએ છીએ.
- ભારતને એવી અનેક ચીજોની જરૂર છે, જે અમેરિકાની પાસે છે. ભારત પાસે એવી અનેક ચીજો છે જે અમેરિકાને કામ આવી શકે છે.

### રાષ્ટ્રપતિ બાઇડેને કહ્યું

- મને વિશ્વાસ છે કે અમેરિકા-ભારતના સંબંધો અનેક વૈશ્વિક પડકારોનો ઉકેલ લાવવામાં મદદ કરી શકે છે. 2006માં મેં કહ્યું હતું કે 2020 સુધીમાં ભારત-અમેરિકા વિશ્વના સૌથી વધુ ગાઢ દેશો હશે.
- બાઇડેને તેમની મુંબઇ મુલાકાતને યાદ કરી. એ સમયે તેઓ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ હતા.
- બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા, સ્વતંત્ર અને ખુલ્લા હિન્દ-પ્રશાંત ક્ષેત્ર માટે, કોવિડ-19 અને જળવાયુ પરિવર્તન સુધીની દરેક બાબત માટે હું તત્પર છું.

**ભારત-અમેરિકા દ્વિપક્ષીય મંત્રણા દરમિયાન વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**

પણ ભારતને વિશ્વિક લીડર બનાવવાનો સંકલ્પ છે. સ્વામી વિવેકાનંદે ભારતને વિશ્વ ગુરૂ બનાવવાનું સ્વપ્ન જોયું હતું પણ તેને સાકાર કરવાની પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014માં સત્તામાં આવતાની સાથે જ શરૂ કરી દીધી હતી. વિશ્વની નજરમાં નરેન્દ્ર મોદી સરકારનું વિઝન ભૂતકાળ કરતાં અલગ છે. આ સદીની સૌથી મોટી મહામારીના સમયમાં ભારતે 150થી વધુ દેશોની મદદ કરી અને કોવિડના મુશ્કેલ સમયમાં વિશ્વ ગુરૂ તરીકે ભારતે સમગ્ર વિશ્વને પોતાની શક્તિ બતાવી એટલું જ નહીં, સમસ્યાનો ઉકેલ લાવવાનો ભરોસો પણ આપ્યો. સંવાદ, સન્માન, સહયોગ, શાંતિ અને સાર્વભૌમિક સમૃધ્ધિના પાંચ સિધ્ધાંતો પર આધારિત વડાપ્રધાન મોદીની વિદેશ નીતિને કારણે જી-20થી લઈને ક્વાડ સુધી, એસસીઓથી લઈને ઇયુ સમિટ, આસિયાનથી લઈને ઇસ્ટર્ન ઇકોનોમિક ફોરમ સુધી દરેક આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની ગુંજ સંભળાઈ રહી છે. સ્વતંત્રતા બાદ પ્રથમ વાર દેશના કોઇ વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદની અધ્યક્ષતા મેળવવાનું ગૌરવ હાંસલ કરીને સાબિત કરી દીધું છે કે હવે તે મોટી વૈશ્વિક જવાબદારી નિભાવવા માટે તૈયાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મિશન એવા ભારતના નિર્માણનું છે જે સશક્ત, આધુનિક અને આત્મનિર્ભર હોય, જે વિશ્વ માનવતા માટે મદદરૂપ હોય. આ કારણસર જ 22-25 સપ્ટેમ્બર સુધી વડાપ્રધાન મોદીનો અમેરિકા પ્રવાસ અત્યંત સફળ રહ્યો. સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી તેમણે વિશ્વને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે ભારત વિશ્વનું નેતૃત્વ કરવા તૈયાર છે કારણ કે સાચા અર્થમાં ઉત્કૃષ્ટ માનવ સંસાધનથી સજ્જ ભારતના વિકાસ દ્વારા જ વિશ્વનો વિકાસ અને કલ્યાણ શક્ય છે.

### ભારતનું માનવ સંસાધન, વિશ્વની તાકાત

સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી વડાપ્રધાને ભારતની વિશાળ વસતિને વિશ્વ માટે એક માનવ સંસાધન ગણાવ્યું. લોકતંત્રની જનની ગણાતા ભારતની મહાન પરંપરાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશને વિવિધતા અને મજબૂત લોકશાહીની ઓળખ ગણાવી. તેમણે જણાવ્યું કે, આ એવો દેશ છે જેની ડઝનબંધ ભાષાઓ, સેંકડો બોલીઓ છે, અલગ અલગ રહેણીકરણી, ખાણીપીણી છે, જે જીવંત લોકશાહીનું સૌથી મોટું ઉદાહરણ છે. તેમણે જણાવ્યું કે, આજે વિશ્વની દર છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. જ્યારે

## ક્વાડ દેશોની બેઠક

# વિશ્વશાંતિ-સલામતી સહિતનાં અનેક મુદ્દે વાતચીત

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવાર, 24 સપ્ટેમ્બરે ચાર દેશો- ભારત, જાપાન, ઓસ્ટ્રેલિયા અને અમેરિકા ક્વોડ્રિલેટરલ સિક્યોરિટી ડાયલોગમાં પણ ભાગ લીધો.
- ક્વાડની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગા અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસને ભાગ લીધો. બેઠકમાં ઉદઘાટન ભાષણ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું-
- ક્વાડ એક 'ફોર્સ ફોર ગ્લોબલ ગુડ'ની જેમ કામ કરશે. મને વિશ્વાસ છે કે ક્વાડમાં અમારો સહયોગ હિન્દ-પ્રશાંતની સાથે સાથે સમગ્ર વિશ્વમાં શાંતિ અને સમૃધ્ધિ સુનિશ્ચિત કરશે.
- ક્વાડ વેક્સિન પહેલથી ઈન્ડો-પેસિફિક દેશોને મદદ મળશે.
- ક્વાડે સમાન લોકશાહી મૂલ્યોની સાથે આગળ વધવાનો નિર્ણય કર્યો. ક્વાડ સપ્લાય ચેઇન, વૈશ્વિક સલામતી, જળવાયુ પરિવર્તન અને કોરોના મહામારી જેવા અનેક મુદ્દાઓ પર સાથે મળે કામ કરી રહ્યું છે.
- ચારેય ક્વાડ દેશ ભારત-પ્રશાંત ક્ષેત્રની મદદ માટે 2004ની સુનામી બાદ પ્રથમ વાર મળ્યા હતા.



ક્વાડ સમૂહની બેઠકમાં વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

ભારતીયોની પ્રગતિ થાય છે ત્યારે વિશ્વના વિકાસને પણ ગતિ મળે છે. તેમણે જણાવ્યું કે, “જ્યારે ભારત આગળ વધે છે ત્યારે વિશ્વ પણ આગળ વધે છે. જ્યારે ભારત સુધારા કરે છે ત્યારે દુનિયા પણ બદલાઈ જાય છે.” તેમણે આત્મનિર્ભર ભારત અભિયાનની આ ભાવનાથી પ્રેરાઈને આગળ વધવાનો મંત્ર બતાવ્યો, જેનાથી ભારત વિશ્વનું લોકતાંત્રિક અને ભરોસેમંદ પાર્ટનર બની રહ્યું છે.

### કોવિડકાળમાં ભારત વિશ્વને મદદરૂપ બન્યું

વિશ્વ કોવિડના સ્વરૂપમાં 100 વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારીનો સામનો કરી રહ્યું છે. પણ વિજ્ઞાન અને ટેકનોલોજીનાં ક્ષેત્રમાં ભારતમા થઈ રહેલું ઈનોવેશન વિશ્વ માટે મદદરૂપ સાબિત થઈ રહ્યું છે. ભારતના લોકશાહી મૂલ્યો વિશ્વમાં વસેલા ભારતીય મૂળનાં ડોક્ટરો, ઈનોવેટર્સ, એન્જિનિયર્સ, મેનેજર્સને માનવતાની સેવામાં જોડાયેલા રહેવાની પ્રેરણા આપે છે. કોરોના મહામારીએ વિશ્વને પણ બોધપાઠ આપ્યો છે કે વૈશ્વિક અર્થતંત્રને હવે હજુ વૈવિધ્યપૂર્ણ બનાવવાની જરૂર છે. વડાપ્રધાન મોદીએ સંયુક્ત રાષ્ટ્ર સંઘને જણાવ્યું કે, કઈ રીતે ભારતનું વેક્સિન ડિલિવરી પ્લેટફોર્મ- કોવિન એક જ દિવસમાં કરોડો વેક્સિન રસી લગાવવા માટે ડિજિટલ સહયોગ પૂરો પાડવામાં સક્ષમ છે. તેમણે જણાવ્યું કે, સેવા પરમો ધર્મઃને જીવનાર ભારત મર્યાદિત સંસાધનો છતાં રસીના વિકાસ અને ઉત્પાદનમાં લાગી પડ્યું છે. ભારતે વિશ્વની પ્રથમ ડીએનએ રસી વિકસાવી લીધી છે, જેને 12 વર્ષથી વધુ વયના લોકોને લગાવી શકાય છે. વડાપ્રધાને જણાવ્યું કે ભારતના વૈજ્ઞાનિકો કોરોનાની નેસલ વેક્સિન (નાકમાંથી લેવાની રસી)નાં ઉત્પાદનમાં પણ વ્યસ્ત છે. માનવતા પ્રત્યે પોતાની ફરજને સમજીને ભારતે ફરી એક વાર વિશ્વના જરૂરિયાતમંદોને રસી આપવાનું શરૂ કરી દીધુ છે. તેમણે વિશ્વના રસી ભારત આવીને રસીનું ઉત્પાદન કરવા ઉત્પાદકોને આમંત્રણ પણ આપ્યું. તેમણે જણાવ્યું કે, વિજ્ઞાન આધારિત અભિગમને મજબૂત કરવા માટે ભારત વ્યાવહારિક શિક્ષણને પ્રોત્સાહન આપી રહ્યું છે. એટલાં માટે હજારો અટલ ટેન્કરિંગ લેબ ખોલવામાં આવી છે, ઈન્ક્યુબેટર્સ બનાવવામાં

આવ્યા છે અને એક મજબૂત સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ વિક્સિત થઈ છે. આઝાદીના 75 વર્ષના પ્રસંગે ભારત એવા 75 સેટેલાઇટને અંતરિક્ષમાં મોકલવાની યોજના ધરાવે છે જેને ભારતીય વિદ્યાર્થીઓ શાળા-કોલેજોમાં બનાવી રહ્યા છે.

### વૈશ્વિક મંચ પર છવાઈ ભારતની ઉપલબ્ધિઓ

વડાપ્રધાને વિશ્વને એ અનુભૂતિ કરાવી કે ભારતીય લોકશાહીના મૂળિયાં એટલાં મજબૂત છે કે એક નાનો છોકરો જે રેલવે સ્ટેશનના ટી-સ્ટોલ પર પિતાની મદદ કરતો હતો, તે આજે ચોથી વાર ભારતના વડાપ્રધાન તરીકે સંયુક્ત રાષ્ટ્રની સાધારણ સભાને સંબોધિત કરી રહ્યો છે. સૌથી લાંબા સમય સુધી ગુજરાતના મુખ્યમંત્રી અને છેલ્લાં સાત વર્ષથી ભારતના વડાપ્રધાન તરીકે 20 વર્ષથી દેશવાસીઓની સેવા માટે ખુદને સમર્પિત કરી દીધી છે. તેમણે જણાવ્યું કે, ભારતની લોકશાહી આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની આર્થિક ફિલોસોફીને સમર્પિત છે, જ્યાં છેવાડાના માણસ સુધી વિકાસનાં ફળ પહોંચી રહ્યા છે. સમાન રીતે સર્વનો વિકાસ આજે નવા ભારતની પ્રાથમિકતા છે. એટલાં માટે જ છેલ્લાં સાત વર્ષમાં ભારતે 43 કરોડથી વધુ લોકોને બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડ્યા છે, જેઓ અત્યાર સુધી તેનાથી વંચિત હતા. આ રીતે, 36 કરોડથી વધુ લોકોને વીમા સુરક્ષા કવચ મળ્યું છે, જે પહેલાં આ અંગે વિચારી પણ શકતા નહોતા. લગભગ 50 કરોડથી વધુ લોકોને મફતમાં સારવારની સુવિધા આપીને ભારતે તેમને ગુણવત્તાસભર આરોગ્ય સેવા સાથે જોડ્યા છે. ભારતે ત્રણ કરોડ પાકા ઘરો બનાવીને બેઘર પરિવારોને પોતાના મકાનના માલિક બનાવ્યા છે. પ્રદૂષિત પાણી માત્ર ભારત જ નહીં, સમગ્ર વિશ્વ અને ખાસ કરીને ગરીબો અને વિકાસશીલ દેશોની મોટી સમસ્યા છે. પણ ભારતમાં આ પડકારનો સામનો કરવા માટે 17 કરોડથી વધુ ઘરો સુધી પાઈપ દ્વારા સ્વચ્છ પાણી પહોંચાડવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વિશ્વની મોટી મોટી સંસ્થાઓએ એ માન્યું છે કે કોઇ પણ દેશના વિકાસ માટે ત્યાંનાં નાગરિકો પાસે જમીન અને ઘરના મિલકત અધિકારો એટલે કે માલિકીનો રેકોર્ડ હોવો બહુ જરૂરી છે. વિશ્વનાં મોટાં મોટાં દેશોમાં એવાં લોકોની સંખ્યા મોટી છે જેમની પાસે જમીન અને ઘરના અધિકાર નથી. પણ આજે ભારતના છ લાખથી વધુ ગામોમાં ડ્રોનથી મેપિંગ કરાવીને કરોડો લોકોને તેમનાં ઘર અને જમીનનો ડિજિટલ રેકોર્ડ પૂરો પાડવામાં આવી રહ્યો છે.

### આતંકવાદ સામે ઊંચો અવાજ

ભારત હંમેશા વિશ્વ શાંતિ અને સદભાવનું હિમાયતી રહ્યું છે. એટલાં માટે જ વડાપ્રધાને યુએનની મહાસભાને સંબોધી ત્યારે તેમણે કોઈ દેશનું નામ ન લીધું. પણ વિશ્વને સ્પષ્ટ શબ્દોમાં સંદેશો આપ્યો કે કોઈ દેશ પોતાની નાજુક સ્થિતિનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે એક સાધનની જેમ ઉપયોગ કરવાનો પ્રયત્ન ન કરે. તેમણે અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ અંગે વિશ્વનું ધ્યાન દોરતા જણાવ્યું કે, ત્યાંના લોકો, મહિલાઓ અને બાળકોની સાથે સાથે લઘુમતીઓને પણ મદદની જરૂર છે અને તેમાં દરેક દેશોએ પોતાની ફરજ બજાવવી જોઇએ. વડાપ્રધાને આતંકવાદને આશ્રય આપનારા દેશોને ચેતવણી પણ આપી કે જેઓ આતંકને રાજકીય હથિયાર તરીકે ઉપયોગમાં લઈ રહ્યા છે તેમણે એ સમજવું જોઇએ કે આતંકવાદ તેમનાં માટે પણ એટલું જ જોખમ છે. એ સુનિશ્ચિત કરવું બહુ જરૂરી છે કે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ આતંકવાદ ફેલાવવા અને આતંકી હૂમલાઓ માટે ન થાય. દરિયાઇ માર્ગ અને સંસાધનોનો સાચો ઉપયોગ કરવા પર ભાર મૂકતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, તે આંતરરાષ્ટ્રીય વેપારની લાઇફલાઇન પણ છે,

## અમેરિકાનાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે બેઠક

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રવાસ દરમિયાન 23 સપ્ટેમ્બરના રોજ વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે મંત્રણા કરી. બંને નેતાઓએ પોતપોતાના દેશમાં કોવિડ-19ની સ્થિતિ પર ચર્ચા કરી, જેમાં ઝડપી રસીકરણને કારણે મહામારી રોકવા માટે હાલમાં ચાલી રહેલા પ્રયાસની સાથે સાથે જીવનરક્ષક દવાઓ, મેડિકલ અને હેલ્થકેર ઉપકરણોની સપ્લાય સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. વડાપ્રધાને અક્ષય ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે ભારતનાં અથાક પ્રયાસો અને તાજેતરમાં જ શરૂ કરવામાં આવેલા નેશનલ હાઇડ્રોજન મિશન અંગે ચર્ચા કરી. વડાપ્રધાન મોદીએ અમેરિકન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું.**



અમેરિકન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે મંત્રણાનો વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## જાપાનના વડાપ્રધાન સુગા યોશીહિદે સાથે બેઠક

જાપાનના વડાપ્રધાન સુગા યોશીહિદે સાથે વડાપ્રધાન મોદીની પ્રથમ સીધી મુલાકાત હતી. બંને વડાપ્રધાનોએ બંને દેશો વચ્ચેના બહુપક્ષીય સંબંધોની સમીક્ષા કરી અને અફઘાનિસ્તાન સહિતનાં તાજેતરનાં વૈશ્વિક અને પ્રાદેશિક ઘટનાક્રમો પર વિચારોનું આદાનપ્રદાન કર્યું. તેમણે સ્વતંત્ર, ખુલ્લા અને સમાવેશી હિન્દ-પ્રશાંત ક્ષેત્ર માટે પોતાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને વડાપ્રધાનોએ બંને દેશો વચ્ચે વધતી જતી આર્થિક ભાગીદારીનું સ્વાગત કર્યુ અને મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ (MAHSR) પ્રોજેક્ટનાં સમયસર અમલીકરણને પ્રોત્સાહન આપવાની દિશામાં પ્રયાસો આગળ ધપાવવા પોતાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.



## ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન સાથે બેઠક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 સપ્ટેમ્બરનાં રોજ વોશિંગ્ટન ડીસીમાં ક્વાડ લીડર્સ શિખર સંમેલન દરમિયાન ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી. બેઠક દરમિયાન, બંને વડાપ્રધાનોએ દ્વિપક્ષીય, ક્ષેત્રીય અને વૈશ્વિક મહત્વના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે તાજેતરમાં જ યોજાયેલી પ્રથમ ભારત-ઓસ્ટ્રેલિયા વિદેશ અને સંરક્ષણ મંત્રી 2+2 મંત્રણા સહિત બંને દેશો વચ્ચે નિયમિત રીતે કરવામાં આવી રહેલાં ઉચ્ચ સ્તરીય વિચાર વિમર્શ પર સંતોષ વ્યક્ત કર્યો. બંને વડાપ્રધાનોએ અરસપરસ ભલાઈ અને ખુલ્લા, મુક્ત, સમૃધ્ધ અને નિયમ આધારિત ભારત-પ્રશાંત ક્ષેત્રને સમાન ઉદ્દેશથી આગળ વધારવા માટે ઘનિષ્ઠ સહયોગ ચાલુ રાખવાનો સંકલ્પ લીધો.



# નવા ભારતના નિર્માણમાં સહયોગી બનશે વિશ્વની ટોચની કંપનીઓ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રવાસના પ્રથમ દિવસે પાંચ ટોચની કંપનીઓના સીઈઓ સાથે વ્યક્તિગત મુલાકાત કરી. આ ઉદ્યોગપતિઓમાં જનરલ એટોમિક્સના વિવેક લાલ, એડોબીના શાંતનુ નારાયણ, ક્વાલકોમના સીઈઓ ક્રિશ્ચિયાનો આર એમોન, ફર્સ્ટ સોલરના માર્ક વિડમર અને બ્લેકસ્ટોનના સ્ટીફન એ શ્વાર્ઝમેનનો સમાવેશ થાય છે. આ દરમિયાન, વડાપ્રધાને ભારતમાં ઉપલબ્ધ તકોનો ઉલ્લેખ કરીને તેમને રોકાણ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ બેઠક દરમિયાન, ભારતના ટેલિકમ્યુનિકેશન અને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં ઉપલબ્ધ રોકાણની વ્યાપક તકો પર ચર્ચા કરી. બેઠકમાં ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન એન્ડ મેન્યુફેક્ચરિંગ (ESDM) માટે તાજેતરમાં જ શરૂ કરવામાં આવેલી પીએલઆઇ સ્કીમની સાથે સાથે ભારતમાં સેમીકન્ડક્ટર સપ્લાય ચેઈન સાથે સંકળાયેલા ઘટનાક્રમો અને ભારતમાં સ્થાનિક નવીનીકરણ વાતાવરણ ઊભું કરવા માટે જરૂરી રણનીતિ બનાવવા પર પણ ચર્ચા થઈ.

### અમેરિકા પ્રવાસની મોટી સફળતાઃ 157 કલાકૃતિઓ અને પ્રાચીન વસ્તુઓ લઈને વડાપ્રધાન પાછા ફર્યા

વડાપ્રધાન અમેરિકાથી 157 કલાકૃતિઓ અને પ્રાચીન વસ્તુઓ લઈને પાછા આવ્યા છે. આ કલાકૃતિઓમાં હિન્દુ ધર્મ, બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મ સંબંધિત સાંસ્કૃતિક પ્રાચીન વસ્તુઓ અને મૂર્તિઓનો સમાવેશ થાય છે. મોટાં ભાગની વસ્તુઓ 11મી સદીથી માંડીને 14મી સદીની તથા ઈસ્વિસન પૂર્વના સમયની ઐતિહાસિક પ્રાચીન વસ્તુઓનો સમાવેશ થાય છે. વિશ્વભરમાંથી આપણી પ્રાચીન વસ્તુઓ અને કલાકૃતિઓને પાછી લાવવાની દિશામાં મોદી સરકારના સતત પ્રયાસોનું આ પરિણામ છે. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ બાઈડેને સાંસ્કૃતિક વસ્તુઓની ચોરી, ગેરકાયદેસર વેપાર અને તસ્કરીનો સામનો કરવા માટેનાં પ્રયાસોને વધુ મજબૂત કરવા માટે પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.



જેને વિસ્તારવાદની દોડથી બચાવીને રાખવાનાં છે. તેમણે જણાવ્યુ કે, આંતરરાષ્ટ્રીય સમુદાયે એક સુરમાં અવાજ ઉઠાવવો પડશે.

### સંયુક્ત રાષ્ટ્રમાં સુધારા જરૂરી

ભારતના મહાન કૂટનીતિજ્ઞ આચાર્ય ચાણક્યએ કહ્યું હતું કે, "કાલાતિ-ક્રમાત કાલ એવ ફલમ્ પિબતિ.।" એટલે કે જ્યારે યોગ્ય સમયે યોગ્ય કાર્ય ન કરવામાં આવે તો સમય જ એ કાર્યની સફળતાને સમાપ્ત કરી દે છે. આ ઉક્તિને ટાંકતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સંયુક્ત રાષ્ટ્રએ ખુદને પ્રાસંગિક બનાવી રાખવી હોય તો તેણે પોતાની અસરકારકતા વધારવી પડશે અને વિશ્વસનીયતાને વધારવી પડશે. તેમણે યુએના મંચ પરથી કહ્યું કે આજે આ સંસ્થા પર અનેક પ્રકારના સવાલ ઊભા થઈ રહ્યા છે. વિશ્વના અનેક ભાગોમાં ચાલી રહેલા પ્રોક્સી વોર, આતંકવાદ અને અફઘાનિસ્તાનના સંકટે આ સવાલોને વધારે પેચીદા બનાવી દીધા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમ પણ જણાવ્યું કે, કોવિડ જેવી મહામારી અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ અંગે વૈશ્વિક ગવર્નન્સ સાથે સંકળાયેલી સંસ્થાઓએ દાયકાઓનાં પરિશ્રમથી બનેલી પોતાની વિશ્વસનિયતાને નુકસાન પહોંચાડ્યું છે. આ સ્થિતમાં, યુએને વૈશ્વિક સ્થિતિના સંદર્ભમાં મજબૂત બનાવવાની જરૂર છે. વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો કે વિશ્વને સ્વસ્થ, સુરક્ષિત અને સમૃધ્ધ બનાવવાથી જ વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ વધશે. ●

# લોકશાહીને રાષ્ટ્રનો મંત્ર બનાવવા સંસદ ટીવીનો પ્રારંભ




**21મી સદી દૂરસંદેશાવ્યવહાર અને સંવાદ દ્વારા ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે, ત્યારે ઝડપથી બદલાઈ રહેલી સ્થિતિમાં મિડિયા અને ટીવી ચેનલોની ભૂમિકા પણ બદલાઈ રહી છે. સરકારે લોકસભા અને રાજ્યસભા ટીવી ચેનલોનું મર્જર કરીને આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં 'સંસદ ટીવી' નો પ્રારંભ કર્યો છે. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને લોકો સાંસદોની પસંદગી કરીને તેમને સંસદમાં મોકલે છે. એ જ રીતે સંસદ ટીવી પણ લોકશાહી અને જનતાની સમસ્યાને વાચા આપે અને તેનો અવાજ બની રહે તેવો પ્રયાસ છે.**

ભારતીય સંસદ એટલે કે લોકશાહીનો અવાજ, જેની સીડી પર 2014માં પગ મૂકતા પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નતમસ્તક થયા હતા. આ તસવીર આજે પણ સંસદની મહત્તાની યાદ અપાવે છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં સંસદીય વ્યવસ્થામાં પરિવર્તનની સાથે સાથે કામકાજની ઝડપ અને પારદર્શિતામાં પણ વધારો થયો છે. પણ એ સમજવું જરૂરી છે કે સંસદીય વ્યવસ્થાનો અર્થ માત્ર રાજકારણ નથી, નીતિઓ પણ છે, જે દેશની દશા અને દિશા નક્કી કરે છે. આ વિચાર સાથે ફેબ્રુઆરી 2021માં લોકસભા ટીવી અને રાજ્યસભા ટીવીનું મર્જર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને સંસદ ટીવી નામની ચેનલ શરૂ કરવાની યોજના ઘડી. આમ, સંસદીય પરંપરા અને પ્રણાલિને દેશની જનતા સુધી સચોટ રીતે પ્રસ્તુત કરવા માટે 15 સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય

## સંસદ ટીવીના કાર્યક્રમ મુખ્યતઃ આ ચાર શ્રેણીઓમાં હશે

**01** સંસદ અને લોકશાહી સંસ્થાઓમાં કામકાજ

**02** ગવર્નન્સ અને યોજનાઓ/નીતિઓનું અમલીકરણ

**03** ભારતનો ઇતિહાસ અને સંસ્કૃતિ

**04** સમસામયિક મુદ્દા, હિત, ચિંતાઓ

## સંસદ ટીવીના કાર્યક્રમ

- સંસદમેં આજ- ગૃહમાં જે-તે દિવસના એજન્ડાની માહિતી
- હાઉસ હાઈલાઈટ્સ-સંસદના બંને ગૃહોના કામકાજની મહત્વની માહિતી આપવામાં આવશે
- એકં સત્- આ શ્રૃંખલા અંતર્ગત બતાવવામાં આવશે કે કઈ રીતે તમામ ધર્મોના સાર એકબીજાને જોડી રાખે છે.
- ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા- બદલાતા ભારત પર ચર્ચા
- ઈકોનોમી સૂત્ર-તેનાં દ્વારા જાણો કે સરકારની નીતિ કેમ અને કેવી રીતે બનાવવામાં આવે છે
- ટુ ધ પોઈન્ટ-તે આપને દેશની જાણીતી હસ્તીઓ સાથે રૂબરુ કરાવશે
- ધ ડિફેન્ડર્સ-દેશની આંતરિક, વ્યૂહાત્મક સલામતી નીતિઓ અને મુદ્દાઓને સરળ ભાષામાં રજૂ કરશે
- ઈતિહાસ-ભારતીય સંસ્કૃતિના સૂત્રઃ આપણા સમૃદ્ધ વારસા અને ફિલોસોફીના ઊંડાણથી પરિચિત કરાવશે
- મેરી કહાની-મહિલા સાંસદોના સંઘર્ષને જાણી શકશો
- ઈન્ડિયાઝ સ્ટાર્ટઅપ જર્નીઃ આ કાર્યક્રમ દેશના યુવા ઉદ્યોગસાહસિકોથી પરિચિત કરાવશે.
- ઈન્ડિપેન્ડન્ટ ઈન્ડિયા @75 -સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠ પ્રસંગે કાર્યક્રમોની શ્રૃંખલા તૈયાર કરવામાં આવી છે. અમર ક્રાંતિ, યે ભી નાયક, 75 માઈલસ્ટોન આઝાદી કે, ધ ચેન્જમેકર્સ, 75 કાનૂન જીસને ભારત કો દિશા દી જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.
- એસેમ્બલી ડિબેટ્સઃ વિધાનસભાઓમાં ડિબેટ અને રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ મુદ્દાઓ રજૂ કરવામાં આવશે.
- આપકે સાંસદઃઆમાં સાંસદોના જીવન સાથે સંકળાયેલા તમામ પાસાઓને વિગતવાર દર્શાવવામાં આવશે.
- ભારતકા રહેને વાલા હુઃ આમાં દેશના ઈતિહાસ અને આપણી કલા-સંસ્કૃતિ સાથે સંકળાયેલા તમામ પાસા રજૂ કરાશે
- વાઈબ્રન્ટ ભારતઃ સપ્તાહની પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવશે.
- અભિવ્યક્તિઃ તેમાં કલા જગતની હસ્તીઓ દ્વારા કલાને વિગતવાર સમજાવવામાં આવશે
- હેલ્ધી ઈન્ડિયાઃ બિમારીઓનો સામનો કરવા સલાહ આપવામાં આવશે
- સ્માર્ટ ખેતીઃ કૃષિ ક્ષેત્રમાં થઈ રહેલા પ્રયોગો અને ઉપલબ્ધિઓ પર અનોખી પહેલ થશે
- આર્ટ ઓફ સાયન્સઃ વિજ્ઞાન અને ટેકનોલોજીની દુનિયામાં થઈ રહેલી નવી શોધોથી માહિતગાર કરશે.
- હેલો ઈન્ડિયા રાઉન્ડ અપઃ દેશ અને દુનિયાભરના સમાચારો પણ સંસદ ટીવી આપતું રહેશે
- ડેમોક્રેસી ઓફ ધ વર્લ્ડઃ બીજા દેશોની સંસદમાં કયા મુખ્ય મુદ્દા ગાજ્યા અને બીજા લોકશાહી દેશોમાં કયા વિષયો ચર્ચામાં છે તેનું વિશ્લેષણ રજૂ કરવામાં આવશે.
- આઈકોનિક સ્પીચઃ લઘુ વિડિયોની શ્રૃંખલા તમારા જ્ઞાનનો સ્રોત બનશે

લોકશાહી દિવસ અને દૂરદર્શન દિવસ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આ ચેનલનો શુભારંભ કર્યો.

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતની જનતાને સમર્પિત સંસદ ટીવીનો પ્રારંભ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત કરવામાં આવ્યો છે, જે આપણી સંસદની શ્રેષ્ઠ પરંપરાને પ્રોત્સાહન આપે છે. સંસદ ટીવી સંસદીય પ્રવૃત્તિઓ અને મહત્વની માહિતીને અસરકારક રીતે દેશના નાગરિકો સુધી પહોંચાડશે. આ ઉપરાંત, બે ચેનલોના એકીકરણથી સંસાધનોનો સારી રીતે ઉપયોગ કરવામાં આવશે. આને કારણે ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે, તો બીજી બાજુ ખર્ચમાં પણ ઘટાડો થશે. નવા કાર્યક્રમોની શ્રૃંખલા લોકોને દેશનાં સાંસ્કૃતિક, આર્થિક, સામાજિક પાસાઓથી રૂબરૂ કરાવવાની સાથે સાથે દેશની વિકાસ યાત્રાથી લઈને વૈશ્વિક વર્તમાન પ્રવાહોની માહીતી પણ પૂરી પાડશે. આ પ્રસંગે વડાપ્રધાને જણાવ્યું કે, ભારત લોકશાહીની જનની છે, જયાં લોકશાહી માત્ર એક વ્યવસ્થા નહીં પણ વિચાર છે. સંસદ ટીવીની મહત્તા અંગે વડાપ્રધાનનું કહેવું હતું કે, જ્યાં સારો અને તટસ્થ વિષય વસ્તુ હોય ત્યાં લોકો પોતે જ જોડાઈ જાય છે. આ વાત જેટલી મિડિયા પર લાગુ પડે છે, એટલી જ દેશની સંસદીય વ્યવસ્થાને પણ લાગુ પડે છે. તેમણે "કન્ટેન્ટ ઈઝ કનેક્ટ" નું સૂત્ર આપ્યું. તેમનું માનવું છે કે ગૃહની કાર્યવાહી સાથે સામાન્ય માણસ ખુદને જોડે એ ખૂબ જરૂરી છે. આ વિચારને ધ્યાનમાં રાખીને સંસદ ટીવીનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે અને આ પ્રયાસ ચોક્કસપણે દેશની લોકશાહીની જડોને હજુ મજબૂત કરશે. ●

કૃષિ ક્ષેત્રમાં હવે વિજ્ઞાનનો પણ સમન્વય

# જળવાયુ પરિવર્તન અને કુપોષણના ગંભીર પડકાર સામે પાકની 35 નવી જાતો

**આરોગ્ય, ઉદ્યોગ હોય કે પછી કૃષિ. કેન્દ્ર સરકાર પરંપરાઓની જૂની પ્રણાલીને તોડીને વિજ્ઞાનને જોડીને ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. ખાસ કરીને કૃષિ એવું ક્ષેત્ર છે જેમાં ઈનોવેશનના આધાર પર પ્રગતિની અપાર સંભાવનાઓ રહેલી છે. તેને ધ્યાનમાં રાખીને અગાઉ બાયોફોર્ટિફાઈડ જેવી ઉમદા વેરાઈટીનાં 70 પાકોનાં બીજ ખેડૂતોને ઉપલબ્ધ કરવામાં આવ્યા હતા, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે વિશિષ્ટ લાક્ષણિકતાઓ ધરાવતા પાકની 35 જાતો રાષ્ટ્રને સમર્પિત કરી છે. આ નવી જાતો જળવાયુ પરિવર્તનનાં પડકારનો સામનો કરવા સક્ષમ છે, તો બીજી બાજુ કુપોષણને ડામવા માટે પણ અસરકારક છે....**






ગોવાની દર્શના પેડનેકરે બાળપણથી જ પિતાને ખેતીમાં મદદ કરવાનું શરુ કરી દીધું હતું. પારંપરિક ખેતીમા નફો થતાં દર્શના આ ક્ષેત્રમાં જોડાઈ ગઈ. પણ ગયા વર્ષે મહામારી દરમિયાન લોકડાઉન તેનાં માટે નવી મુશ્કેલી લઈને આવ્યું. નારિયેળની જે ખેતીમાં તેને પહેલાં સારો એવો નફો થતો હતો, તે અત્યંત ઓછો થઈ ગયો. અંતે, દર્શનાએ નારિયેળના ફુડ પ્રોસેસિંગ બિઝનેસમાં ઝૂકાવ્યું. હવે તે નારિયેળને સુકાવીને તેમાંથી નીકળતું તેલ વેચે છે. 300 રૂપિયા પ્રતિ લિટરના હિસાબે વેચાતા નારિયેળના તેલે દર્શનાનો બિઝનેસ જમાવી દીધો છે. ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)માંથી તાલીમ લીધાં પછી દર્શના હવે પોતાની ચાર એકર જમીન પર જ વર્મી કમ્પોસ્ટ બનાવવાથી માંડીને ડાંગર, ટામેટા અને મરચા જેવા પરંપરાગત પાકની ખેતી ઈનોવેટિવ રીતે કરે છે. દર્શના કહે છે, "પારંપરિક ખેતીને બદલે આમાં વધુ નફો છે. વળી કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અને તાલીમ સહિતની મદદે મને નવો માર્ગ દર્શાવ્યો છે." દર્શના સહિત અનેક લોકો વિજ્ઞાનને કૃષિ સાથે જોડીને ઈનોવેશન દ્વારા ભારતને આત્મનિર્ભર બનાવવાની ધગશ

# વિશેષ ગુણ ધરાવતી પાકની 35 જાતો

**ભારતીય કૃષિ સંશોધન પરિષદે જળવાયુ પરિવર્તન અને કુપોષણનાં પડકારોને દૂર કરવા માટે સક્ષમ વિશેષ ગુણો ધરાવતા પાકની જાતોને 2021માં વિક્સિત કરી છે. વડાપ્રધાને દેશના ખેડૂતોને વિવિધ પાકોની જે નવી 35 જાત સમર્પિત કરી હતી તેમાં ચણાની એવી જાતનો સમાવેશ થાય છે જે દુષ્કાળ જેવી કુદરતી આફતનો પણ આસાનીથી સામનો કરી શકશે. આ ઉપરાંત રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરતાં ચોખાની નવી જાતને પણ વડાપ્રધાને ખેડૂતોને સમર્પિત કરી હતી. ચોખા અને ચણા ઉપરાંત વડાપ્રધાને બાજરી અને મકાઇ જેવા જાડા ધાનની નવી જાતો, વહેલાં ઉગે તેવા સોયાબીનની વેરાઇટીને પણ દેશના ખેડૂતોને સમર્પિત કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાને જળવાયુ પરિવર્તનની સમસ્યા પ્રત્યે પણ ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે જળવાયુ પરિવર્તનની સમસ્યા કૃષિને તો ખરાબ રીતે અસર કરે જ છે, પર્યાવરણ પર પણ અસર કરે છે.**

## વડાપ્રધાનનું સંબોધનઃ ઊડતી નજરે...

- વીતેલાં 6-7 વર્ષોમાં ખેતી સાથે સંકળાયેલા પડકારોના ઉકેલ માટે સાયન્સ અને ટેકનોલોજીને ખેતી સાથે જોડવા પર પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ખાસ કરીને અમારું ફોકસ બદલાતી ઋતુમાં નવી પરિસ્થિતિને અનુકુળ, વધુ પોષણયુક્ત બીજો પર છે.
- ગયા વર્ષે કોરોના સામેની લડાઈમાં આપણે જોયું કે, કઈ રીતે તીડના ઝૂંડોએ અનેક રાજ્યોમાં ખેતરોમાં હૂમલો કર્યો હતો. ભારતે અનેક પ્રયાસો બાદ આ હૂમલાને અટકાવીને ખેડૂતોને વધુ નુકસાનનમાંથી બચાવ્યા હતા.
- ખેડૂતોને પાણીની સુવિધા પૂરી પાડવા માટે અમે સિંચાઇ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા હતા, દાયકાઓથી અટકી પડેલી આશરે 100 સિંચાઇ યોજનાઓને પૂરી કરવાનું અભિયાન ચલાવ્યું. પાકને રોગોથી બચાવવા માટે અને વધુ ઉપજ મેળવવા માટે ખેડૂતોને નવી વેરાઇટીના બીજ આપવામાં આવ્યા.
- એમએસપીમાં વધારા સાથે અમે ખરીદ પ્રક્રિયામાં પણ સુધારો કર્યો, જેથી વધુને વધુ ખેડૂતો તેનો લાભ મળી શકે. રવી સીઝનમાં 430 લાખ મેટ્રીક ટનથી વધુ ઘઉંની ખરીદી કરવામાં આવી છે.
- ખેડૂતોને ટેકનોલોજી સાથે જોડવાથી અમે બેન્કો પાસેથી ધિરાણ લેવાનું વધુ સરળ બનાવ્યું. આજે ખેડૂતોને વધુ સચોટ રીતે હવામાનની માહિતી મળી રહી છે. તાજેતરમાં જ, અભિયાન ચલાવીને બે કરોડથી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે.
- જળવાયુ પરિવર્તનને કારણે જે નવા પ્રકારના જંતુઓ, બિમારીઓ, મહામારીઓ આવી રહી છે, તેનાથી માણસ અને પશુઓનાં આરોગ્ય પર મોટું જોખમ આવી રહ્યું છે અને પાક પર અસર પડી રહી છે. આ પાસાઓ પર સઘન સંશોધન કરવાની જરૂર છે.
- જ્યારે વિજ્ઞાન, સરકાર અને સમાજ સાથે મળીને કામ કરશે તો તેનું પરિણામ વધુ સારું આવશે. ખેડૂતો અને વિજ્ઞાનીઓનું આવું જોડાણ, નવાં પડકારોનો સામનો કરવામાં દેશની તાકાત વધારશે.
- ખેડૂતોને માત્ર પાક આધારિત આવક મેળવવાની પ્રથામાંથી બહાર લાવીને તેમને વેલ્યુ એડિશન અને ખેતીના અન્ય વિકલ્પો માટે પણ પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.
- વિજ્ઞાન અને સંશોધન દ્વારા હવે બાજરી સહિતનાં અનાજને હજુ વિક્સિત કરવાની જરૂર છે. દેશના અલગ અલગ ભાગોમાં, અલગ અલગ જરૂરિયાતો પ્રમાણે તેને ઉગાડવાનો હેતુ છે.

ધરાવે છે. કારણ કે વર્ષોથી ચાલી આવતી ઘરેડને ઇનોવેશન દ્વારા જ બદલી શકાય છે. ભારત છેલ્લાં સાત વર્ષોમાં આ જ રસ્તે આગળ વધી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 28 સપ્ટેમ્બરનાં રોજ ICAR દ્વારા વિક્સિત પાકની વિશિષ્ટ 35 જાતોને રાષ્ટ્રને સમર્પિત કરતા કહ્યું, "જ્યારે વિજ્ઞાન, સરકાર અને સમાજ સાથે મળીને કામ કરશે તો તેનાં પરિણામ વધુ સારા આવશે. ખેડૂતો અને વિજ્ઞાનીઓનું આવું જોડાણ નવા પડકારોનો સામનો કરવામાં દેશની તાકાત વધારશે. " આ પાકની જાતોને ICARએ સઘન સંશોધન દ્વારા તૈયાર કરી છે, જેનાં દ્વારા પાક પર જળવાયુ પરિવર્તન અને કુપોષણની અસરને ઓછી કરી શકાશે. વડાપ્રધાને રાયપુરમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બાયોલોજીકલ સ્ટ્રેસ મેનેજમેન્ટના નવનિર્મિત પરિસરનું લોકાર્પણ કર્યું. આ સંસ્થાની સ્થાપના જૈવિક સમસ્યાઓને દૂર કરવા પાયાનું અને વ્યૂહાત્મક સંશોધન કરવા, માનવ સંસાધન વિક્સાવવા અને નીતિવિષયક સહાયતા કરવા કરવામાં આવી છે.●

વડાપ્રધાનનો સંપૂર્ણ સંવાદ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



# સામાન્ય માણસોના સપનાની 'ઉડાન'

"જે સામાન્ય માણસ હવાઈ ચપ્પલ પહેરીને ફરે છે, તે વિમાનમાં પણ ફરવો જોઈએ," આ મારું સપનું છે. **એવું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વાર કહ્યું હતું. સામાન્ય માણસના સપનાને સાકાર કરવા માટે વડાપ્રધાનની આ પ્રતિબધ્ધતા હતી, જેને કારણે દેશનો સામાન્ય માણસ આજે માત્ર રૂ. 2500માં વિમાન પ્રવાસ કરી શકે છે.**

બિહારના દરભંગાથી વિમાનમાં પોતાના પિતા સાથે સવાર મુકુંદ ઝાએ તસવીર ટ્વિટ કરતાં કહ્યું, "હું મારા પિતા સાથે વિમાન પ્રવાસ કરી રહ્યો છું. આવું પ્રથમ વાર બન્યું છે. દરભંગાને એરપોર્ટ આપવા બદલ તમારો આભાર મોદી જી." વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુકુંદની આ ટ્વિટનો જવાબ આપતા કહ્યું, "આ જાણીને ખુશી થઈ. અમે એરલાઈન સેક્ટરમાં સંપર્ક અને સુવિધાઓ વધારવા પર કામ કરી રહ્યા છીએ. દરભંગા એરપોર્ટ બિહારની પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. " વાંચવામાં આ વાત ભલે નાની કે સામાન્ય લાગે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સામાન્ય માણસના સપનાને પૂરા કરનારી 'ઉડાન' યોજનાનાં પરિણામે  વર્ષો સુધી રાહ જોયા બાદ દરભંગામાં એરપોર્ટ ચાલુ થઈ શક્યું છે. આજે ડઝનથી વધુ ફ્લાઈટ સાથે દરભંગા અનેક રાજ્યો સાથે હવાઈ માર્ગે સીધું જોડાઈ ગયું છે. હવાઈ ચપ્પલ પહેરનારા ભારતના એ સામાન્ય માણસના સપનાની ઉડાન છે, જેનાં દ્વારા માત્ર પાંચ રૂપિયા પ્રતિ કિલોમીટરના હિસાબે 500 કિલોમીટર સુધીની વિમાન યાત્રા શક્ય બની છે. હકીકત એ છે કે તમે ભારતમાં ટેક્સી દ્વારા પ્રવાસ કરો તો પણ પ્રતિ કિલોમીટર 10 રૂપિયા ચૂકવવા પડે છે.

### આ રીતે શરૂ થઈ ઉડાનની શરૂઆત...

ભારતમાં વિમાન વ્યવહારને પ્રોત્સાહન આપવાની સાથે સાથે સામાન્ય નાગરિકનું વિમાન પ્રવાસનું સપનું પૂરું કરવા માટે આઝાદીના 70 વર્ષ બાદ 2016માં કેન્દ્ર સરકારે પ્રથમ વાર દેશની નેશનલ સિવિલ એવિએશન પોલિસીની જાહેરાત

## ઉડાનની યોજના બાદ શું બદલાયું

### અગાઉ

- વર્ષ 2013માં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ભારતમાં વિમાન વ્યવહાર પર એક વિસ્તૃત અભ્યાસ કર્યો. તેમાં એવું સામે આવ્યું કે એર કનેક્ટિવિટી દેશના પસંદગીના મોટાં શહેરો પૂરતી જ મર્યાદિત છે. તેનો લાભ નાના અને મધ્યમ શહેરોના લોકોને નથી મળી રહ્યો.
- 2015-16નાં અભ્યાસમાં તારણ નીકળ્યું કે 65 ટકા એર કનેક્ટિવિટી અને 61 ટકા એર ટ્રાફિક માત્ર છ મેટ્રો શહેરોમાં જ કેન્દ્રીત છે.

### હવે

- પહેલાં દેશનાં છ મોટાં શહેરો સુધી જ એર કનેક્ટિવિટી મર્યાદિત હતી, પણ હવે તેનો 70 ટકા ભાર નાના અને મધ્યમ શહેરો તરફ વળ્યો છે.
- વિમાન વ્યવહાર વધવાથી એરલાઇન્સનાં ઓપરેશનલ કોસ્ટમાં 12-13 ટકાનો ઘટાડો થયો છે. સ્થાનિક વિમાન વ્યવહારમાં નાના શહેરોના પ્રવાસીઓની સંખ્યામાં પાંચ ટકાનો વધારો થયો છે.

## ત્રણ પ્રકારનો ફાયદો

**તેનાથી કનેક્ટિવિટી સારી થઈ છે, તો પર્યટન અને વેપારની સાથે રોજગારને પણ પ્રોત્સાહન મળ્યું છે.**





### રોજગાર

એરપોર્ટ ઓપરેશન, એરક્રાફ્ટ મેઇન્ટેનન્સ, એર ટ્રાફિક કન્ટ્રોલ અને ટેકનિકલ સ્ટાફ જેવા ક્ષેત્રોમાં રોજગાર સર્જન થયું છે. ઉડ્ડયન ઉદ્યોગમાં એક વિમાન પર 100 કર્મચારીઓનો રેશિયો ગણાય છે. એટલે કે એક વધારાની ફ્લાઈટ શરૂ થાય તો 100 લોકોને રોજગાર મળે છે.

### વ્યવસાય

ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઇઝેશનના એક અહેવાલ પ્રમાણે સારી વિમાન સેવાને કારણે અર્થતંત્રમાં ત્રણ ટકા અને રોજગારમાં 6 ટકા વધારો થાય છે. ભારતના નાના શહેરોમાં ઉડાન યોજના અંતર્ગત વેપારને પણ લાભ થયો છે.

### પર્યટન



પર્યટનને પ્રોત્સાહન આપવા માટે 46 મહત્વપૂર્ણ પર્યટન સ્થળોને ઉડાન યોજના અંતર્ગત પસંદ કરવામાં આવ્યા છે. આગ્રા, ઉદેપુર, વારાણસી, ગોવા જેવા પર્યટન સ્થળો ઉપરાંત, પૂર્વોત્તરમાં અગરતલા-આઇઝોલ, શિલોંગ-કોલકતા, ગુવાહાટી-પેક્યોંગ, દીમાપુર-ઈમ્ફાલ રૂટને પણ ઉડાન સાથે જોડવામાં આવ્યા છે. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા વોટર એરોડ્રોમની શરૂઆત કરવામાં આવી છે. ઉત્તરાખંડમાં ટેહરી ડેમ, તેલંગાણામાં નાગાર્જુન સાગર ઉપરાંત આંદામાન નિકોબારમાં વોટર એરોડ્રોમ બનાવવામાં આવી રહ્યા છે.

કરી અને તેમાં ઉડાન યોજનાને સૌથી મહત્વનાં પાસા તરીકે સામેલ કરવામાં આવી. ઉડાન...એ ‘ઉડે દેશકા આમ નાગરિક’ (UDAN)નું ટૂંકું નામ છે. ઓક્ટોબર 2016માં આમ આદમીના આ સપના સાથે ઉડાન યોજનાની શરૂઆત કરવામાં આવી. એપ્રિલ, 2017માં ઉડાન યોજના અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વાર સિમલાથી દિલ્હીની ફ્લાઇટને લીલી ઝંડી આપી રવાના કરી હતી. ઉડાન યોજનાનો હેતુ નાના અને મધ્યમ શહેરોને મોટાં શહેરો સુધી વિમાન સેવા દ્વારા જોડવાનો છે. ઉડાન યોજનામાં આશરે 500 કિલોમીટરના અંતર માટે ફિક્સ્ડ વિંગ એરક્રાફ્ટ દ્વારા એક કલાકની યાત્રા અથવા હેલિકોપ્ટર દ્વારા અડધા કલાકની યાત્રાનું ભાડું રૂ. 2500 નક્કી કરવામાં આવ્યું છે. રૂટ માટે વિમાન કંપનીઓ બોલી લગાવે છે. જે કંપની સૌથી ઓછી સબસિડી માગે છે તેને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. વિમાન કંપનીએ તેની

## સપનાની શરૂઆત...

- ઉડાન યોજનના અંતર્ગત અત્યાર સુધી ઉડાન 1, ઉડાન 2, ઉડાન 3, ઉડાન 3.1, ઉડાન 4 અને ઉડાન 4.1ને મંજૂરી આપવામાં આવી છે. યોજના અંતર્ગત 70 એરપોર્ટની પસંદગી કરવામાં આવી છે. હાલમાં પાંચ હેલિપોર્ટ સહિત 53 એરપોર્ટ અને બે વોટર એરડ્રોમ દ્વારા 369 રૂટ પર વિમાન સેવા પૂરી પાડવામાં આવી રહી છે. ઉડાનમાં હેલિકોપ્ટર અને સી-પ્લેન સેવાને પણ સામેલ કરવામાં આવી છે.
- 11 ઓપરેટરો ઉડાન યોજના અંતર્ગત સસ્તા ભાડાંમાં ટિકિટ ઉપલબ્ધ કરાવી રહ્યા છે. ઉડાન યોજના અંતર્ગત 23 સપ્ટેમ્બર સુધીમાં 1,43,361 ફ્લાઈટ ઊડાન ભરી ચૂકી છે. પ્રવાસીઓને સસ્તા ભાડાંમાં ટિકિટ મળે તે માટે સરકારે અત્યાર સુધી સબસિડી તરીકે રૂ. 1341 કરોડ આપ્યા છે.




## ભવિષ્યની 'ઉડાન'

- અત્યાર સુધી લગભગ 72 લાખ લોકો ઉડાન યોજના અંતર્ગત કિફાયતી દરમાં હવાઈ યાત્રા કરી ચૂક્યા છે. દેશના કુલ સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં નાના અને મધ્યમ શહેરોના એરપોર્ટનો હિસ્સો પાંચ ટકા વધ્યો છે.
- ઉડાન અંતર્ગત વર્ષ 2024 સુધી 1000 નવા માર્ગો સાથે 100 વધારાના એરપોર્ટનું સંચાલન કરવામાં આવશે. 30 હેલિપોર્ટ અને સી-પ્લેન માટે 10 વોટર એરોડ્રોમ શરૂ કરવામાં આવશે. ઉત્તર-પૂર્વ રાજ્યોમાં 10 એરપોર્ટ શરૂ કરવાની દરખાસ્ત છે.
- સંતુલિત પ્રાદેશિક વિકાસ માટે આ યોજના અંતર્ગત દેશના પાંચ ભૌગોલિક વિસ્તારોમાં સમાન રીતે વિમાન સેવાનું વિસ્તરણ કરવામાં આવશે.
- કૃષિ ઉડાન યોજનામાં કૃષિ ઉત્પાદનોનાં હેરફેર માટે એર ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા કરવામાં આવશે. આનાથી ઉત્તર-પૂર્વના રાજ્યો અને પછાત જિલ્લાઓને ફાયદો થશે.

ફ્લાઈટમાં અડધી અથવા ઓછામાં ઓછી નવ કે વધુમાં વધુ 40 સીટો રૂ. 2500માં બુક કરવાની હોય છે. ઓછાં ભાડાંને કારણે વિમાન કંપનીઓને થતું નુકસાન સરકાર વાયેબિલિટી ગેપ ફન્ડિંગ (VGF) નાં સ્વરૂપમાં સરકાર ભરપાઈ કરે છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ પણ ઉડાન સેવા માટેની એરપોર્ટ ફી માફ કરી છે. તો રાજ્ય સરકારો સલામતી, વીજળી અને અગ્નિશમન જેવી સુવિધાઓ મફતમાં આપે છે. ગુજરાતના નાનકડાં શહેરથી દેશના વડાપ્રધાન પદે પહોંચનારા પીએમ નરેન્દ્ર મોદીની દ્રષ્ટિને કારણે જ હવે દેશના મધ્યમ વર્ગનું વિમાન પ્રવાસનું સપનું પુરું થયું છે. વડાપ્રધાન મોદી કહે છે, "ઉડાને ભારતને વિશ્વના સૌથી ઝડપથી વૃધ્ધિ કરી રહેલા એવિએશન માર્કેટમાં સામેલ કરવામાં મદદ કરી છે." ●

# જેમનાં માટે માતૃભૂમિનું હિત સર્વોપરિ હતું

**ભારતનો સ્વતંત્રતા સંગ્રામ માત્ર આઝાદી માટે કોઈનાં વિરુધ્ધ સંઘર્ષની કહાની નથી, પણ માનવ ઈતિહાસની સૌથી અદ્વિતીય ઘટના છે, જેમાં વિદેશી શાસન સામે લાખો લોકો એકઠાં થઈ ગયાં હતા. કોઈ પણ પ્રકારના ધર્મ, સંપ્રદાય, જાતિ કે જ્ઞાતિનાં ભેદભાવ વગર લોકોએ રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપ્યું. આઝાદીના 75મા વર્ષમાં અમૃત મહોત્સવ આવા જ બલિદાનો અને સંઘર્ષ ગાથાને જાણવાનું પર્વ છે..**



**દેશ આઝાદીના 75 વર્ષના પરિપ્રેક્ષ્યમાં આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે, ત્યારે આપણે આ આયોજન સાથે જોડાયેલા રહેવાનું છે, તેમાં જોશભેર ભાગ લેવાનો છે, સંકલ્પોને યાદ કરવાના છે. આપણાં બધાંનું આ કર્તવ્ય છે. દેશના સ્વતંત્રતા સંગ્રામને ધ્યાનમાં રાખતા તમે જે પણ કરશો તે અમૃતનાં ટીપાંની જેમ ચોક્કસ પવિત્ર હશે અને કરોડો ભારતીયોના પ્રયાસથી બનાવવામાં આવેલો અમૃતકુંભ આગામી વર્ષો માટે પ્રેરણા બનીને ઉત્સાહ જગાવશે**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

ભારતના ઈતિહાસમાં 16 ઓક્ટોબરનો દિવસ મહત્વનો છે, કારણ કે આ દિવસે અંગ્રેજો દ્વારા બંગાળના ભાગલાના નિર્ણયનો અમલ થયો હતો. ઈતિહાસમાં આ વિભાજનને બંગ-ભંગના નામથી ઓળખવામાં આવે છે. ભાગલા પાછળ લોર્ડ કર્ઝનનો હેતુ બુલંદ બની રહેલા વિરોધને કચડવાનો જ નહોતો, પણ મતભેદ ઊભા કરો અને રાજ કરોની ખંધી રમત રમવાનો પણ હતો. ભાગલા પાડીને અરસપરસ મતભેદો ઊભા કરીને અંગ્રેજો ભારતમાં વર્ષો સુધી પોતાનું શાસન ચાલુ રાખવાની ગંદી રમત રમવા માગતા હતા, પણ બંગાળજ નહીં, સમગ્ર દેશ આ ઘટના સામે ઊભો થઈ ગયો. બંગ-ભંગની ઘટના ભારતના સ્વતંત્રતા સંગ્રામની એવી ઐતિહાસિક ઘટના છે, જેણે સ્વતંત્રતા આંદોલનને હવા આપી એટલું જ નહીં સ્વદેશીમાં માનતા લોકોએ વિદેશી ચીજોની હોળી પણ કરી. તે ભારતીયોની એકતાનું આંદોલન બની ગયું, જેની ગુંજ બંગાળથી લઈને મહારાષ્ટ્ર, દિલ્હી અને દેશનાં તમામ મોટાં રાજ્યો સુધી ફેલાઈ ગઈ. બંગાળના ભાગલાએ જે રીતે દેશને જોડ્યો, સ્વદેશીની આહલેક જગાવી એ જ રીતે આઝાદીના આ 75મા વર્ષમાં ફરી એક વાર 'ભારત જોડો'નાં લક્ષ્યની સાથે દેશ આગળ વધી રહ્યો છે.

**અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં પોતાનાં જીવનાં બલિદાન આપનારા કેટલાંક મહાન સેનાનીઓની ગાથા....**

## નિર્મલા દેશપાંડેઃ ગાંધીવાદી વિચારધારા સાથે સંકળાયેલાં પ્રસિધ્ધ સામાજિક કાર્યકર્તા

**જન્મઃ 19 ઓક્ટોબર,1929 | મૃત્યુઃ1 મે, 2008**

નિર્મલા દેશપાંડે સુપ્રસિધ્ધ ગાંધીવાદી કાર્યકર્તા, ચિંતક, લેખિકા અને રાજ્યસભાનાં સભ્ય હોવાની સાથે સાથે વિનાબા ભાવેની ભૂદાન ચળવળ સાથે પણ જોડાયેલાં હતા. માત્ર 23 વર્ષની ઉંમરમાં ભૂદાન ચળવળ સાથે જોડાયેલાં નિર્મલા દેશપાંડેએ વિનોબા ભાવે સાથે દેશભરમાં 40,000 કિલોમીટરની પદયાત્રા કરી હતી. નાગપુરમાં વિમલા અને પુરુષોત્તમ યશવંત દેશપાંડેનાં ઘરે જન્મેલાં નિર્મલાએ પોતાનું જીવન સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવાની સાથે સાથે મહિલાઓ, આદિવાસીઓ અને વંચિતોની સેવામાં અર્પણ કરી દીધું હતું, જેનો હેતુ સામાજિક ન્યાય, ધર્મનિરપેક્ષતા અને સાંપ્રદાયિક સદભાવ જાળવી રાખવાનો હતો. તેમણે આજીવન શાંતિ અને અહિંસાના સિધ્ધાંતોનો પ્રચાર કર્યો અને દક્ષિણ એશિયામાં અરસપરસની સદભાવના સ્થાપવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેઓ સામાજિક સેવાઓ દ્વારા જીવનભર ગાંધીચિંધ્યા માર્ગે ચાલવા માટે સતત પ્રયાસ કરતાં રહ્યાં. તેઓ એવું પણ ઈચ્છતા હતા કે સમાજ મહાત્મા ગાંધીના આદર્શો પર ચાલે. તેઓ લેખનમાં પણ રસ ધરાવતાં હતાં અને અનેક પુસ્તકો લખ્યાં હતાં. નિર્મલા દેશપાંડે અપરિણીત હતાં અને તેમને બે વાર રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા. તેમને પદ્મવિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.



**નિર્મલા દેશપાંડેએ આજીવન શાંતિ અને અહિંસાના સિધ્ધાંતનો પ્રચાર કર્યો**

## કિટ્ટુરની રાણી ચેનમ્માએ અંગ્રેજ શાસનનો પાયો હચમચાવી નાખ્યો હતો

**જન્મઃ 23 ઓક્ટોબર, 1778 | મૃત્યુઃ 21 ફેબ્રુઆરી, 1829**



**સ્વતંત્રતા સંગ્રામમાં ચેનમ્માને 'સવારનો તારો' કહેવામાં આવે છે**

કર્ણાટકના કિટ્ટુર રાજ્યની રાણી ચેનમ્માએ 1857નાં પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના 33 વર્ષ પૂર્વે અંગ્રેજો વિરુધ્ધ બળવાનો બુંગિયો ફૂંક્યો હતો. એટલાં માટે તેમને ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો 'સવારનો તારો' કહેવામાં આવે છે. રાણી ચેનમ્માએ પોતાની વીરતા અને સાહસના જોરે અંગ્રેજોના દાંત ખાટા કરી દીધા હતા. તેમનું નામ ભારતના એ પ્રથમ શાસકોમાં સામેલ છે જેમણે કિટ્ટુરને અંગ્રેજોની ચુંગાલમાંથી બચાવવા માટે તેમનો સામનો કર્યો હતો. ચેનમ્માનો જન્મ કર્ણાટકના બેલગાવી જિલ્લામાં નાનકડાં ગામ કકાતીમાં 23 ઓક્ટોબર, 1778નાં રોજ થયો હતો. મા-બાપે તેમને બાળપણથી જ ઘોડેસવારી, નિશાનેબાજી અને તલવારબાજી શીખવાડી હતી. તેમનાં લગ્ન દેસાઈ વંશના રાજા મલ્લાસારજા સાથે થતાં તેઓ કિટ્ટુરનાં રાણી બની ગયાં. કિટ્ટુર હાલમાં કર્ણાટકમાં છે. તેમનાં પુત્રનું અવસાન થતાં એક બાળકને દત્તક લીધું હતું અને તેને પોતાનો વારસદાર જાહેર કર્યો. પણ કપટી અંગ્રેજોએ ચાલ રમી. તેઓ 'ડોક્ટ્રીન ઓફ લેપ્સ' અંતર્ગત કિટ્ટુરને પચાવી પાડવા માગતા હતા. બંને વચ્ચે સંઘર્ષ થયો અને રાણી ચેનમ્માએ બહાદુરીપૂર્વક અંગ્રેજોનો સામનો કર્યો. અંતે, રાણીની હાર થઈ અને તેમની ધરપકડ કરીને જેલમાં પૂરવામાં આવ્યા. જેલવાસ દરમિયાન 21 ફેબ્રુઆરી, 1829નાં રોજ તેમનું અવસાન થયું.

## આદર્શ અને સાદગીનું પ્રતીક હતા આચાર્ય નરેન્દ્ર દેવ

**જન્મઃ 31 ઓક્ટોબર, 1889**
**મૃત્યુઃ 19 ફેબ્રુઆરી, 1956**

આચાર્ય નરેન્દ્ર દેવ ભારતના અગ્રણી સ્વતંત્રતા સેનાની, વિદ્વાન, શિક્ષાવિદ અને સાહિત્યમાં રસ ધરાવતા સમાજવાદી નેતા હતા. તેમનો જન્મ 31 ઓક્ટોબર, 1889નાં રોજ ઉત્તરપ્રદેશનાં સીતાપુરમાં થયો હતો. તેમના પિતાનું નામ બળદેવ પ્રસાદ અને માતાનું નામ જવાહરદેવી હતું. કાશી વિદ્યાપીઠ સાથે જોડાયા બાદ આચાર્યનું બિરુદ આજીવન તેમનાં નામ સાથે જોડાયેલું રહ્યું. દેશને સ્વતંત્ર જોવાનું સપનું તેમને સ્વતંત્રતા સંગ્રામમાં ખેંચી લાવ્યું અને અંગ્રેજોને દેશનિકાલ કરવા માટે સતત પ્રયાસરત રહ્યા. તેમણે મહાત્મા ગાંધીની અસહકારની ચળવળ, મીઠાંનો સત્યાગ્રહ અને ભારત છોડો આંદોલનમાં સક્રિય રીતે ભાગ લીધો હતો અને અનેક વાર જેલમાં પણ ગયા. આચાર્યજી કુશળ અને સાચા સત્યાગ્રહી હતા તેથી જ ગાંધીજીએ તેમને 'રત્ન' કહ્યા હતા. કહેવાય છે કે અલ્હાબાદના પ્રવાસ દરમિયાન પોતાના પ્રારંભિક જીવનમાં તેઓ બાલગંગાધર તિલક, લાજપત રાય, બિપીનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ સહિતનાં નેતાઓથી પ્રભાવિત હતા. દેશ આઝાદ થયા પછી પણ દેવ રાષ્ટ્રની સેવામાં મગ્ન રહ્યા અને તેનાં નવનિર્માણ માટે સતત કામ કરતા રહ્યા. આચાર્ય નરેન્દ્ર દેવે ઉત્તરપ્રદેશ વિધાનસભામાંથી રાજીનામું આપીને માર્ચ 1948માં સોશ્યલિસ્ટ પાર્ટીની રચના કરી હતી. આચાર્ય નરેન્દ્ર દેવનું જીવન માનવતા અને રાષ્ટ્ર માટે સંઘર્ષ, બલિદાન, પીડા અને સેવાની ગાથા છે. 19 ફેબ્રુઆરી, 1956નાં રોજ તેમનું અવસાન થયું. આચાર્ય નરેન્દ્ર દેવમાંથી પ્રેરણા લઈને સર્વશિક્ષા અને રાષ્ટ્રપ્રેમના ગુણોને અપનાવવાની જરૂર છે. વર્તમાન કેન્દ્ર સરકાર તેમનાં પગલે ચાલી હી છે.



## જતીન દાસ: 63 દિવસની ભુખ હડતાળ બાદ અંતિમ શ્વાસ લીધા

**જન્મઃ 27 ઓક્ટોબર, 1904 | મૃત્યુઃ 13 સપ્ટેમ્બર, 1929**



જતીન્દ્રનાથ દાસ ક્રાંતિકારી હતા જેમણે આઝાદીના સંઘર્ષ દરમિયાન એક વાર નહીં પણ અનેક વાર બ્રિટિશ શાસનનો પાયો હચમચાવી દીધો હતો. તેઓ શહીદ થયા ત્યારે સુભાષચંદ્ર બોઝે કહ્યું હતું, "જે રીતે મહર્ષિ દધિચીએ વજ્ર બનાવવા તેમની અસ્થિઓ દાનમાં આપી હતી એ રીતે જતીને પોતાનું શરીર દાનમાં આપ્યું છે. તેઓ આધુનિક ભારતના યુવા દધિચી છે." જતીન દાસનો જન્મ 27 ઓક્ટોબર, 1904નાં રોજ કોલકતામાં થયો હતો. તેમના પિતાનું નામ બંકિમ બિહારી દાસ અને માતાનું નામ સુહાસિની દેવી હતું. જતીને મહાત્મા ગાંધીની હાકલથી અસહકારની ચળવળમાં ભાગ લીધો હતો અને અનેક વાર જેલમાં પણ ગયા. પછીથી તેઓ ક્રાંતિકારી સંગઠન હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનના સભ્ય બની ગયા. હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનમાં તેઓ બોમ્બ બનાવતા શીખ્યા. 1928માં કલકત્તા કોંગ્રેસમાં તેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝના સહાયક બન્યા. પછીથી ભગતસિંહની વિનંતીથી તેઓ બોમ્બ બનાવવા આગ્રા ગયા. એમ મનાય છે કે 8 એપ્રિલ, 1929નાં રોજ ભગતસિંહ અને બટુકેશ્વર દત્તા દ્વારા સેન્ટ્રલ એસેમ્બલીમાં ફેંકવામાં આવેલો બોમ્બ જતીન દાસે બનાવ્યો હતો. લાહોર કાવતરા કેસમાં તેમનાં પર ખટલો ચલાવવામાં આવ્યો અને તેમને જેલની સજા કરવામાં આવી. તેમણે માગણી કરીકે તેમની સાથે પણ યુરોપિયન કેદીઓ જેવો વ્યવહાર કરવામાં આવે. તેમણે 63 દિવસ સુધી ભૂખ હડતાળ કરી.આ સમયગાળામાં બ્રિટિશ સત્તાવાળાઓએ તેમને ખવડાવવા માટે અનેક પધ્ધતિઓ અપનાવી, પણ તેમણે એક દાણો પણ ના ખાધો. અંતે 13 સપ્ટેમ્બરનાં રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા. એ સમયે તેઓ માત્ર 25 વર્ષના હતા.

**સેન્ટ્રલ એસેમ્બલીમાં ફેંકવામાં આવેલો બોમ્બ જતીન દાસે બનાવ્યો હતો એવું માનવામાં આવે છે**

## અશ્ફાકઉલ્લાહ ખાન: અંગ્રેજોના નાક નીચેથી ખજાનો લૂંટ્યો

**જન્મઃ 22 ઓક્ટોબર, 1900 | મૃત્યુઃ 19 ડિસેમ્બર, 1927**



અશ્ફાકઉલ્લાહ ખાનનો જન્મ 22 ઓક્ટોબર, 1900નાં રોજ ઉત્તરપ્રદેશના શાહજહાંપુરમાં થયો હતો. કાકોરી કાંડમાં મહત્વની ભૂમિકા ભજવનાર અશ્ફાક બહુ સારા ઉર્દુ કવિ હોવાની સાથે સાથે રામ પ્રસાદ બિસ્મિલના ગાઢ મિત્ર હતા. માત્ર 27 વર્ષની વયે તેઓ હસતાં હસતાં ફાંસીના માંચડા પર ચડી ગયા હતા. તેઓ મહાત્મા ગાંધીએ શરૂ કરેલી અસહકારની ચળવળનો પણ હિસ્સો હતા. 4 ફેબ્રુઆરી, 1922નાં રોજ ચૌરી-ચૌરામાં આંદોલનકારીઓ અને પોલિસ વચ્ચે અથડામણ થતાં 22 પોલિસકર્મીઓ અને 3 નાગરિકોનાં મોત થતાં મહાત્મા ગાંધીએ આંદોલન પાછું ખેંચતા અશ્ફાક સહિતના ક્રાંતિકારીઓ નારાજ થયા હતા. ત્રણ વર્ષ બાદ 8 ઓગસ્ટ, 1925નાં રોજ ચંદ્રશેખર આઝાદના વડપણ હેઠળ એક મહત્વની બેઠક મળી હતી, જેમાં પછીના દિવસે 9 ઓગસ્ટે સહારનપુર-લખનૌ પેસેન્જર ટ્રેનને કાકોરી સ્ટેશન ખાતે લૂંટવાની યોજના ઘડવામાં આવી. આ ટ્રેનમાં સરકારી ખજાનો જવાનો હતો. અશ્ફાકઉલ્લાહ ખાન અને હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનમાં તેમના સાથીઓએ અંગ્રેજોનો ખજાનો લૂંટ્યો, જે ઇતિહાસમાં કાકોરી ટ્રેન લૂંટ કાંડ તરીકે જાણીતો છે. આ બહાદુરીભર્યા પગલાં પછી તેઓ પોલિસની નજરમાંથી લાંબા સમય સુધી બચતા રહ્યા. એક દિવસ તેમનાં શાળાના સાથીએ દગો દીધો અને પોલિસ ઇન્ફોર્મર બનીને માહિતી આપી દીધી. 21 મે, 1926નાં રોજ કાકોરી કાવતરા કેસનો ખટલો શરૂ થયો અને જુલાઇ 1927માં અંતિમ ચૂકાદો આવ્યો. રામપ્રસાદ બિસ્મિલ, અશ્ફાકઉલ્લાહ ખાન, ઠાકુર રોશનસિંહ અને રાજેન્દ્ર લાહિરીને મૃત્યુની સજા ફરમાવવામાં આવી. તમામને ગોરખપુર જેલમાં 19 ડિસેમ્બર, 1027નાં રોજ ફાંસીએ લટકાવવામાં આવ્યા.

**કાકોરી ટ્રેન લૂંટ કાંડમાં તેમનાં પર ખટલો ચાલ્યો અને ફાંસી પર લટકાવવામાં આવ્યા**

# ભગિની નિવેદિતાઃ ભારતને કર્મભૂમિ બનાવનાર આઇરીશ મહિલા

**જન્મઃ 28 ઓક્ટોબર, 1867 | મૃત્યુઃ 13 ઓક્ટોબર, 1911**



સ્વામી વિવેકાનંદનાં શિષ્યા ભગિની નિવેદિતા આઇરિશ મૂળનાં હતાં. તેમનું મુળ નામ માર્ગારેટ એલિઝાબેથ નોબલ હતું. નિવેદિતાનો જન્મ 28 ઓક્ટોબર, 1867નાં રોજ આયર્લેન્ડની કાઉન્ટી ટાઇરોનમાં થયો હતો. માર્ગારેટ એલિઝાબેથ નોબલને ભગિની નિવેદિતા નામ સ્વામી વિવેકાનંદે જ આપ્યું હતું. તેનો અર્થ થાય છે 'ઇશ્વરને સમર્પિત'. નિવેદિતાનો એક અર્થ 'મહિલા શિક્ષણને સમર્પિત' પણ થાય છે. તેમનું નામ એ વિદેશી મહિલાઓમાં સામેલ છે, જેમણે ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થઇને ભારતને પોતાની કર્મભૂમિ બનાવી અને ભારતીયોની સેવામાં જીવન ગાળ્યું. એટલાં માટે તેમણે ભારતમાં સ્વતંત્રતા સેનાનીઓ અને ક્રાંતિકારીઓનું સમર્થન કર્યું, તેમને મદદ કરી અને ભારતના રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનમાં આક્રમકતાથી ભાગ લીધો. તેઓ રવિન્દ્રનાથ ટાગોર, જગદીશચંદ્ર બાસુ, અવનીન્દ્રનાથ ઠાકુર અને નંદલાલ બોઝ જેવા અગ્રણીના પણ સંપર્કમાં હતા. એમ માનવામાં આવે છે કે મહર્ષિ અરવિંદ ઘોષને અંગ્રેજોના કાવતરાથી સાવધાન કરીને તેમને પોંડિચેરી જવાનું સૂચન અને રમશચંદ્ર દત્ત અને યદુનાથ સરકારને ભારતીય દ્રષ્ટિબિંદુથી ઈતિહાસ લખવાની પ્રેરણા તેમણે જ આપી હતી. મહિલા શિક્ષણ અંગે તેઓ ઘણાં જાગૃત હતા. એટલાં માટે જ તેમણે પોતાના ગુરુની પ્રેરણાથી કોલકતામાં કન્યાશાળા ખોલી હતી. સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસના જીવનસંગિની માં શારદાએ નિવેદિતા સ્કુલનું ઉદઘાટન કર્યું હતું. કેન્દ્ર સરકાર આજે ભગિની નિવેદિતાની પ્રેરણાથી કન્યા કેળવણી માટે બેટી બચાવો-બેટી પઢાવો યોજના ચલાવી રહી છે. નિવેદિતા એક સફળ લેખિકા પણ હતાં અને તેમણે ભારતીયોમાં રાષ્ટ્રીય ચેતના જગાવવા માટે અનેક પુસ્તકો પણ લખ્યાં હતાં.

**મહર્ષિ અરવિંદને અંગ્રેજોથી સાવધાન કરીને પોંડિચેરી જવાનું સૂચન નિવેદિતાએ કર્યું હતું**

# સામાજિક ન્યાયના પ્રતીક હતા 'બિહાર કેસરી' ડો. શ્રી કૃષ્ણસિંહ

**જન્મઃ 21 ઓક્ટોબર, 1887 | મૃત્યુઃ 31 જાન્યુઆરી, 1961**



ગાંધીવાદી મૂલ્યોમાં વિશ્વાસ રાખનારા શ્રી કૃષ્ણ સિંહ એક મહાન સ્વતંત્રતા સેનાની અને આધુનિક બિહારના ઘડવૈયા પણ હતા. એટલાં માટે જ તેમને લોકો આજે પણ 'બિહાર કેસરી', 'બિહાર વિભૂતિ', શ્રી બાબુ જેવા ઉપનામથી આદરપૂર્વક યાદ કરે છે. શ્રી કૃષ્ણસિંહનો જન્મ નવાદા જિલ્લાના ખનવા ગામમાં થયો હતો. તેઓ પાંચ વર્ષનાં હતા ત્યારે જ માતાનું અવસાન થઇ ગયું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આહવાનથી શ્રી કૃષ્ણસિંહ રાજકારણમાં આવ્યા હતા અને યુવાનીમાં જ સ્વતંત્રતા આંદોલનમાં ઝૂકાવ્યું હતું. વારાણસીની સેન્ટ્રલ હિન્દુ કોલેજમાં ગાંધીજી સાથે તેમની મુલાકાત થઈ હતી. 1917માં ગાંધીજીએ ચંપારણ સત્યાગ્રહની શરૂઆત કરી ત્યારે શ્રી કૃષ્ણસિંહે ખેડૂતોનાં જૂથનું નેતૃત્વ કર્યું. એટલું જ નહીં, 1921માં મહાત્મા ગાંધીએ દેશની આઝાદી માટે અસહકારની ચળવળ શરૂ કરી તો તેમણે વકીલાત છોડી દીધી અને સંપૂર્ણ રીતે સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઇ ગયા. 1930માં મીઠાના સત્યાગ્રહ દરમિયાન પણ ઘણા સક્રિય રહ્યા. 1933માં સવિનય કાનૂન ભંગ આંદોલન દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને હજારીબાગ જેલ મોકલી દેવામાં આવ્યા. 1941ના સત્યાગ્રહ માટે ગાંધીજીએ શ્રી કૃષ્ણસિંહને બિહારના પ્રથમ સત્યાગ્રહી નિમ્યા હતા. શ્રી બાબુ 1942નાં ભારત છોડો આંદોલન દરમિયાન જેલમાં પણ ગયા હતા. શ્રી કૃષ્ણસિંહ સામાજિક ન્યાયના કર્ણધાર હતા, જેઓ જીવનભર સામાજિક ન્યાય માટે સંઘર્ષરત રહ્યા. બિહારના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન તેમણે જમીનદારી પ્રથા ખતમ કરી હતી. દેવઘર સ્થિત બૈદ્યનાથ ધામ મંદિરમાં દલિતોના પ્રવેશ અંગે તેમણે આંદોલન પણ ચલાવ્યું હતું, જેમાં તેમને સફળતા મળી અને બાબાધામ મંદિરમાં દલિતોને પ્રવેશ આપવામાં આવ્યો. ●

**તેમણે અસહકારની ચળવળ, સવિનય કાનૂન ભંગ અને ભારત છોડો આંદોલનમાં પણ ભાગ લીધો હતો**



**Narendra Modi** @narendra...
स्वास्थ्य सेवाओं को सहज और सुलभ बनाने का जो अभियान पूरे देश में शुरू हुआ है, वो 6-7 साल से चल रही सतत प्रक्रिया का हिस्सा है।

बीते वर्षों में भारत ने आरोग्य से जुड़ी दशकों की सोच और अप्रोच में बदलाव किया है। अब एक ऐसे हेल्थ मॉडल पर काम जारी है, जो होलिस्टिक हो, समावेशी हो।



**रक्षा मंत्री कार्यालय/ RMO India**
यह सब के लिए बड़ी बात है कि Defence modernisation के लिए आवंटित राशि में domestic procurement का percentage बढ़ाकर 64.09% कर दिया गया है। साथ ही domestic capital procurement में निजी क्षेत्रों से direct procurement का percentage 15 फ़ीसदी कर दिया गया है: रक्षा मंत्री



**Amit Shah** @AmitShah·
जनता को आपदा हेतु तैयार करना जरुरी है। आपदा के समय त्वरित रिस्पॉंड करने में 'आपदा मित्र' ही सबसे पहले सहायता कर सकते हैं।

मोदीजी के नेतृत्व में हम आपदा प्रभावित 350 जिलों में आपदा मित्र कार्यक्रम की शुरुआत करने जा रहे हैं और सभी वॉलंटियर्स के बीमा का जिम्मा भी भारत सरकार उठाएगी।



**Nitin Gadkari** @nitin_gadkari·
पंक्ति में खड़े आखिरी व्यक्ति की जिंदगी बेहतर हो, दीनदयाल उपाध्याय जी का एकात्म मानव दर्शन का सपना पूरा हो, देश की इकॉनोमी #5TrillionDollar की बने, इसमें सहकारिता मंत्रालय की महत्वपूर्ण भूमिका होगी। #SahkarSeSamriddhi



**Narendra Singh Tomar** @nst...
सरकार ने शहद के उत्पादन और निर्यात को बढ़ावा देने के लिए राष्ट्रीय मधुमक्खी पालन और शहद मिशन (एनबीएचएम) शुरू किया है।
इसके तहत आज गुजरात सहकारी दुग्ध विपणन संघ लिमिटेड और राष्ट्रीय मधुमक्खी बोर्ड के सक्रिय सहयोग से "अमूल हनी" लॉन्च किया।



**Anurag Thakur** @ianuragtha...
स्वच्छता सर्वोच्च है।
#AzadiKaAmritMahotsav में आपसी सहयोग से देश को प्लास्टिक कूड़े से आजादी दिलाने के लिए संकल्प से सिद्धि मूल मंत्र द्वारा 1 से 31 अक्टूबर तक चलने वाले #CleanIndia कार्यक्रम से जुड़ें।
रजिस्टर करें :
forms.gle/oAdnvGpvrcDvBm...
| @IndiaSports @Nyksindia |

मोदी बोले, आज गरीबों के हक का पैसा उनके खाते में जा रहा

# डिजिटल लेनदेन से आ रही अर्थव्यवस्था में पारदर्शिता



मन की बात

प्रधानमंत्री ने नदी की सफाई को छठ पर्व से जोड़ा

भारत से निकलने से लेकर लौटने तक की बैठकें

# पीएम ने अमेरिका में बिताए 65 घंटे, इस दौरान की 20 बैठकें

प्रधानमंत्री नरेंद्र मोदी अपना अमेरिका दौरा खत्म कर रविवार को भारत लौट आए। 22 सितंबर को भारत से अमेरिका रवाना होने के बाद पीएम ने लगभग 90 घंटे में अपना दौरा पूरा कर लिया। इसमें 65 घंटे पीएम ने अमेरिका में बिताए। अब सामने आया है कि मोदी ने अमेरिका में इस 65 घंटे के दौरे में 20 मीटिंग्स में हिस्सा लिया।

एजेंसी ›› नई दिल्ली

खास बातें
- बेहद व्यस्त रहा पीएम मोदी का कार्यक्रम
- फ्लाइट में भी निपटाई चार बैठकें
- पीएम ने 90 घंटे में पूरा किया अपना दौरा

चार दिवसीय अमेरिका यात्रा के बाद स्वदेश लौटे प्रधानमंत्री



मन की बात में बोले पीएम मोदी

आर्थिक स्वच्छता का लें संकल्प

आर्थिक स्वच्छता में टेक्नोलॉजी मददगार

दिव्यांगजनों की सियाचिन ग्लेशियर उपलब्धि को बताया देश के लिए प्रेरणा

## मजबूत, निकट और पक्के होते जाएंगे भारत-अमेरिका : बाइडन

## 'मोदी सरकार देश सुरक्षा पर अच्छा काम कर रही'



लद्दाख में रविवार को जोजिला सुरंग निर्माण का जायजा लेते केंद्रीय सूचना एवं प्रसारण मंत्री अनुराग ठाकुर।

श्रीनगर | एजेंसी

केंद्रीय मंत्री अनुराग ठाकुर ने रविवार को लद्दाख के कारगिल जिले स्थित जोजिला पास में बन रही सुरंग के निर्माण कार्य का जायजा लिया। उन्होंने कहा कि इस परियोजना पर करीब 4500 करोड़ रुपये खर्च किए जाएंगे। ठाकुर ने कहा, मुझे खुशी है कि इस परियोजना में तेजी से काम हो रहा है और जोजिला सुरंग के लिए एक और विस्फोट शुरू किया गया है ताकि

# त्योहारों से पहले वैक्सीन के सुरक्षा चक्र से कोई न रहे बाहर : पीएम मोदी

मन की बात : प्रधानमंत्री ने कोविड संबंधी सभी प्रोटोकॉल का पालन करने को कहा



छोटे-छोटे प्रयास से बड़े परिवर्तन

नदियों की सफाई में सबका सहयोग जरूरी

खाते में सीधे पैसा जाने से भ्रष्टाचार पर नकेल

गांधी जयंती पर खादी की रिकॉर्ड खरीद करें

दीनदयाल के बारे में जानें युवा

देश के हुनरमंदों को पीएम का सलाम

बरेली की शिक्षिका की 'वन टीचर, वन कॉल'

सियाचिन में आठ दिव्यांगों का वर्ल्ड रिकॉर्ड



## पीएम मोदी अचानक नए संसद भवन का निर्माण देखने पहुंचे

नई दिल्ली। प्रधानमंत्री नरेंद्र मोदी अमेरिकी दौरे से लौटने के बाद रविवार रात करीब 8.45 बजे अचानक संसद भवन परिसर पहुंच गए। पीएम मोदी ने करीब एक घंटे नए संसद भवन के निर्माण स्थल का जायजा लिया। निरीक्षण के दौरान प्रधानमंत्री ने वहां मजदूरों और कर्मचारियों से भी बात की।

2022 में संसद का शीत सत्र नए भवन में होगा

प्रधानमंत्री मोदी को अधिकारियों ने बताया कि 2022 का शीतकालीन सत्र इसी नए भवन में होगा। 64,500 वर्ग मीटर में बन रहे नए संसद भवन में 888 लोकसभा और 384 राज्यसभा सांसदों के बैठने की व्यवस्था होगी। वहीं, नॉर्थ ब्लॉक और साउथ ब्लॉक से इंडिया गेट तक के हिस्से में सेंट्रल विस्टा प्रोजेक्ट अगले साल के मध्य तक पूरा हो जाएगा। करीब 608 करोड़ की लागत वाले इस प्रोजेक्ट की नींव इसी साल 4 फरवरी को रखी गई थी। विपक्ष की तरफ से विरोध के बावजूद सेंट्रल विस्टा प्रोजेक्ट का निर्माण कार्य कोरोना काल में भी लगातार जारी रहा है। ब्यूरो

RNI No. :
DELGUJ/2020/78810
October, 16-31, 2021

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date October 6, 2021, Pages - 48)



# આઝાદ હિન્દ...

આપણી આઝાદીની લડાઈમાં એવાં અનેક સીમાચિહ્ન છે, જેને લગભગ ભુલાવી દેવામાં આવ્યા છે. આઝાદ હિન્દ સરકારનાં રૂપમાં ભારતની પ્રથમ આઝાદ સરકારની રચના પણ આવું જ એક સીમાચિહ્ન છે. ભારતની આઝાદીનાં લગભગ ચાર વર્ષ પહેલાં 21 ઓક્ટોબર, 1943નાં રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝે ભારતની પ્રથમ આઝાદ સરકારની સ્થાપના કરી હતી. એ વખતે નવ દેશોએ સરકારને માન્યતા પણ આપી હતી. 2018માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક પહેલ કરતા આઝાદ હિન્દ સરકારની 75મી વર્ષગાંઠ પ્રસંગે લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો હતો.

“ નેતાજી સુભાષચંદ્ર બોઝ એ પહેલી વ્યક્તિ હતા, જેમણે ભારતનું અસ્તિત્વ હોવાનો અહેસાસ જગાવ્યો. તેઓ પ્રથમ વ્યક્તિ હતા જેમણે ભારતીય લોકોને ભારતીયતાની નજરથી જોવાનું શીખવાડ્યું.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**,
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020